RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 236 * Date: 16.06.2024,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# સિક્કિમમાં કુદરતનો પ્રકોપઃ મુશળધાર વરસાદ, ભૂસ્ખલનથી ૯ મોત, ૧૨૦૦થી વધુ પ્રવાસી ફસાયા



હાલ સિક્કિમમાં અવિરત વરસાદના કારણે ભૂસ્ખલનની સ્થિતિ છે. મંગન જીલ્લામાં વરસાદના કારણે થયેલા ભૂસ્ખલનમાં ૧૫ વિદેશી નાગરિકો તેમજ ૧૨૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા છે. શુક્રવારે એક અધિકારી દ્વારા આપેલી જાણકારી મુજબ ભૂસ્ખલન અને ભારે વરસાદના કારણે ૯ લોકોના મોત થયા છે તેમજ મિલકતને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. આ ઉપરાંત ઘણા વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી, વીજળી, મોબાઈલ ટાવરને ભારે નુકસાન થયું છે. સિક્કિમ પર્યટન અને નાગરિક ઉડ્ડયન વિભાગના અગ્ર સચિવ સી એસ રાવે જણાવ્યું હતું કે, ×રિપોર્ટ્સ મુજબ, ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે રસ્તા બ્લોક થવાથી લગભગ ૧૨૦૦ સ્થાનિક અને ૧૫ વિદેશી પ્રવાસીઓ ફસાયા છે. જેમાં થાઈલેન્ડના બે, નેપાળના ત્રણ, બાંગ્લાદેશના ૧૦ મંગન જીલ્લાના લાચુંગમાં ફસાયા છે. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે ભારે વરસાદના કારણે થયેલા ભૂસ્ખલન બાદની સ્થિતિની સમીક્ષા કરવા માટે મિન્ટોકગંગમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે. સિક્કિમમાં હાલ ભૂસ્ખલનની સ્થિતિ હોવાના કારણે સ્થાનિક અધિકારીઓએ ત્યાં ફસાયેલા પ્રવાસીઓને ત્યાંથી બહાર કાઢવાનું તેમજ જોખમ લેવાથી બચવાનું કહ્યું છે. ફસાયેલા પ્રવાસીઓ માટે પૂરતા પ્રમાણમાં રાશન છે.

આ ઉપરાંત મુખ્ય મંત્રીએ કહ્યું હતું કે, મુખ્ય સચિવની કચેરીએ હવામાનની સ્થિતિના આધારે તમામ પ્રવાસીઓને હવાઈ માર્ગે લાવવા માટે કેન્દ્ર સાથે વાતચીત શરૂ કરી છે. જો જરૂર પડશે તો પ્રવાસીઓને પ્રવાસીઓને રોડ માર્ગે પણ બહાર કાઢવામાં આવશે અને વિભાગ સ્થાનિક પ્રવાસન હિતધારક તેમજ મંગનમાં જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને પ્રવાસન અધિકારીઓ સાથે સંકલન કરીને ફસાયેલા લોકોને બચાવવા માટે કામ કરી રહ્યું છે.પ્રેમ સિંહ તમાંગે આ કુદરતી આફતમાં પ્રવાસીઓને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. હાલ સિક્કિમમાં એક માત્ર લાચુંગ સિવાય અન્ય તમામ ભાગ મુસાફરી માટે ખુલ્લા અને સલામત છે.જિલ્લામાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે જેના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા અને ઘણા ઘર પણ ડૂબી ગયા છે, તેમજ નુકસાન થયું છે, ઈલેક્ટ્રિક થાંભલાઓ પડી ભાંગ્યા છે. તેમજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ફસાઈ ગયા ફસાઈ ગયા છે.

## ડ્રગ્સનો ’દરિયો’: દ્વારકાના દરિયાકાંઠેથી ચરસના ૪૦ પેકેટ મળ્યા, કિંમત ૨૦ કરોડને પાર હોવાનું અનુમાન





દ્વારકા નજીકના દરિયાકાંઠેથી નશીલા પદાર્થનો જથ્થો મળવાનો સિલસિલો યથાવત છે. ત્યારે આજે (૧૫મી જૂન) પોલીસને સર્ચ ઓપરેશન દરમિયાન દરિયાકાંઠથી ૪૦ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા હતી. જેની કિંમત અંદાજે ૨૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. નોંધનીય છે કે, છેલ્લા એક અઠવાડિયામાં ચરસના આશરે ૧૦૦ જેટલાં પેકેટ મળ્યા છે. જેની કિંમત ૫૦ કરોડ સુધીની હોવાનું અનુમાન છે.થોડા દિવસો પહેલાં રૂપેણ બંદર તથા વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી ચરસનાં ૩૦ પેકેટનો જથ્થો મળી આવ્યો હતો, જેનું કુલ વજન ૩૨.૦૫૩ કિલો હતું અને તેની કિંમત ૧૬.૬૫ કરોડ જેટલી થાય છે. ત્યારબાદ ફરી દ્વારકાના દરિયાકાંઠેથી ૧૬.૦૩ કરોડની કિંમતનો ૩૨ કિલો ચરસનો જથ્થો મળ્યો હતો. આજે દ્વારકા તાબેના વાંચ્છું ગામ વિસ્તારમાં આવેલા દરિયાકિનારા પાસે ચરસનો કેટલોક જથ્થો પોલીસને મળ મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે. જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગ્સ માફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી પંજાબ, મુંબઈ સહિતના શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે.

## હું ઈન્દિરા ગાંધીને મધર ઓફ ઇન્ડિયા માનું છું’:કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપી

અભિનેતામાંથી રાજકારણી બનેલા સુરેશ ગોપીએ ૧૨ જૂનના રોજ પુનકુનમમાં કરુણાકરણના સ્મારક મુરલી મંદિરમની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે મીડિયા સાથે વાતીત કરી હતી. આ ચર્ચા દરમિયાન તેમણે કહ્યું કે, તેમની મુલાકાતનો કોઈ રાજકીય અર્થ ન કાઢવો જોઈએ, કારણ કે તેઓ તેમના ગુરુને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા છે. ત્રિશૂર,



કેરળના બીજેપી સાંસદ અને કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને મધર ઑફ ઈન્ડિયા કહ્યા હતા.

ગોપી કેરળના પ્રથમ બીજેપી સાંસદ છે. તેમણે સીપીઆઈના સુનિલ કુમારને ૭૫ હજાર મતોથી હરાવ્યા છે. કરુણાકરણના પુત્ર અને કોંગ્રેસના નેતા કે મુરલીધરનને પણ હરાવ્યા હતા. મુરલીધરન ત્રીજા સ્થાને છે. પોતાના સંબંધો વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, નયનર અને તેની પત્ની શારદા ટીચરની જેમ તેને પણ કરુણાકરણ અને તેની પત્ની કલ્યાણીકુટ્ટી અમ્મા સાથે ગાઢ સંબંધ હતો. તાજેતરમાં તેમણે કન્નુરમાં નયનરના ઘરે પણ જઈને કહ્યું હતું કે, તેઓ ઈન્દિરા ગાંધીને મધર ઓફ ઈન્ડિયા માને છે, જ્યારે કરુણાકરન તેમના માટે રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીના પિતા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે કરુણાકરણને કેરળમાં કોંગ્રેસના પિતા કહેવાથી દક્ષિણ રાજ્યની સૌથી જૂની પાર્ટીના સ્થાપકો કે સહ-સંસ્થાપકોનો કોઈ અનાદર નથી.

## નેપાળમાં અનરાધાર વર્ષાને પરિણામે તપલેજંગ જિલ્લામાં ભૂસ્ખલનથી દટાઈ જતાં ચારનાં મૃત્યુ



ખટમંડુ, ગંગટોક : નેપાળ અને પૂર્વ ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી અનરાધાર વર્ષા ચાલી રહી છે. નેપાલમાં તો તોફાની વરસાદે માઝા મુકી છે. તેના પૂર્વના તપલે જંગ જિલ્લાનાં ફત્તનગ્લુંગ ગામ પાસે ભારે ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછી ચાર વ્યક્તિઓ દટાઈ ગઈ હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે. જ્યારે લગભગ સમગ્ર પૂર્વોત્તર ભારતમાં પણ ધોધમાર વરસાદ થઈ રહ્યો છે. જે પૈકી, સિક્કીમમાં પ્રચંડ વર્ષાને લીધે થયેલાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછાં ૬નાં મૃત્યુ થયાં છે જ્યારે ૧,૫૦૦ જેટલા સહેલાણીઓ ભારે વર્ષાને લીધે ભૂસ્ખલનો થતાં એક તરફ માર્ગો બંધ રહ્યા છે જ્યારે તિરતામાં આવેલાં પૂરને લીધે નદી ઉપરનો પૂલ તૂટી જતાં ૧,૫૦૦ જેટલા સહેલાણીઓ ફસાઈ ગયા છે. ઉત્તર સિક્કીમના મંગન જિલ્લામાં તો વર્ષાએ તારાજી વેરી નાખી છે. તેમ સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું.સિક્કીમમાં મંગન જિલ્લાનાં અંગ ક્લાંગ પાસેનો બેઈલી બ્રીજ તૂટી પડયો છે. તે જિલ્લામાં આવેલાં ઝોંગુ, યુંગથાંગ, લાચેન અને લાચુંગ જેમાં પર્યટન સ્થળ માટેનાં ગામો તેમની ગુરૂડોંગમાર સરોવર અને યુંગથાંગ વેલી સાથે પણ સંપર્ક તૂટી ગયો છે.

આ ભારે વર્ષાને લીધે, પક્ષેપ ગામમાં ૩ અને અભિથંગ ગામમાં ૩નાં નિધન થયાં છે. તેમ મંગન જિલ્લાના કલેકટર હેમકુમાર છેત્રીએ જણાવ્યું હતું.

ઉત્તર સિક્કીમમાં અનેક સ્થળોએ ઝાડ પડી ગયાં હતાં. વીજળીના થાંભલા પણ પડી ગયા હતા. ત્યાં મોબાઈલ નેટવર્કને પણ ઘણી અસર થઈ છે.

સિક્કીમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ અત્યારે અરૂણાચલ પ્રદેશની મુલાકાતે છે. તેઓ ભાજપના નેતા પ્રેમકુમાર ખાંડુના થપથ વિધિ સમારોહમાં ભાગ લેવા ત્યાં ગયા છે. તેઓએ ફોન દ્વારા વહીવટી અને પોલીસ અધિકારીઓને તુર્ત જ સહાય કામમાં લાગી જવાં કહ્યું છે. સ્ટેટ ડીઝાસ્ટર રીલીફ ફોર્સ પણ સક્રિય થઈ ગયું છે.

## અમેરિકાની પરમાણુ સબમરીન ’હેલીના’ ક્યુબાનાં ગ્વોટાનમો બે સુધી પહોંચી

વોશિંગ્ટન : કેરેબિયન સમુદ્રમાં રશિયાનાં યુદ્ધ જહાજ ફ્રીગેટ એડમિરલ ‘‘ગોર્શકોવ‘‘ તેની સાથેનાં બે અન્ય યુદ્ધ જહાજો અને એક પરમાણુ સબમરીને ક્યુબાનાં નૌકાદળ સાથે કરેલી યુદ્ધ કવાયતોથી અમેરિકા સતેજ થઈ ગયું છે. વાસ્તવમાં ક્યુબાના દિવંગત સામ્યવાદી સરમુખત્યાર ફીડેલ કેસ્ટ્રોના સમયથી અમેરિકા અને ક્યુબા વચ્ચે શત્રુતા ચાલે છે. તેમાંએ ઓક્ટોબર ૨૬ ૧૯૬૨ના દિવસે તે સમયનાં સોવિયેત સંઘના સર્વેસર્વા ખ્રુશ્ચોવે ક્યામામાં ન્યુક્લિયર ઓરહેડઝવામાં મિસાઈલ્સ ગોઠવવા શરૂ કર્યા ત્યારથી તો વિશ્વની આ બંને મહાસત્તાઓ વચ્ચે ખરી ટના-ટની શરૂ થઈ ગઈ હતી અને તે સમયના પ્રમુખ જહોજ ફિટઝરાલ્ડ કેનેડીએ સોવિયેત સંઘને સીધું જ આખરીનામું આપ્યું તે સમયે તો વિશ્વ યુદ્ધના ભણકારા વાગી રહ્યા હતા. પરંતુ કોમરેડ ખ્રુશ્ચોવે મિસાઈલ્સ ઉઠાવી લેતાં વિશ્વ શાંતિનો શ્વાસ લીધો હતો.

માનવ જાતને જાણે કે શાંતિ-સદતી નથી. વળી રશિયાએ કદાચ યુક્રેન યુદ્ધથી વિશ્વનું ધ્યાન બીજે દોરવાના હેતુથી ડાબેરી રાષ્ટ્ર ક્યુબા સાથે કેરેબિયન સીમામાં જ તેની પ્રબળ ફ્રિગેટ એડમિરલ ગોર્શકોવ તેની સાથેનાં બે યુદ્ધ જહાજો અને એક પરમાણુ સબમરીન સાથે ક્યુબાનાં નૌકાદળ સાથે યુદ્ધ કવાયત કરતાં અમેરિકાની ઉંઘ ઉડી ગઈ, તેણે ક્યુબાના ગ્વોટાનમો બે સુધી પોતાની પરમાણુ સબમરીન ‘હેલીના‘ રવાના કરી દીધી છે. હેતુ રશિયા-ક્યુબા શું કરે છે તે જોવાનો હતો.

તંત્રી લેખ......

## ભૂકંપ પીડિતોની સ્મૃતિમાં બનેલ મ્યુઝિયમ 'પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ' માટે પસંદ

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું હતું કે વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલા લોકોની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું અને કચ્છની સ્થિતિસ્થાપકતાને શ્રધ્ધાંજલિ આપવાનું પણ સ્વપ્ન હતું. ગુજરાતમાં ભૂકંપ પીડિતોની સ્મૃતિમાં બનેલા મ્યુઝિયમ 'સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ'ની યુનેસ્કો દ્વારા પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે ગુજરાત અને ભારત માટે ગર્વની ક્ષણ!'દ્વઈજીર્ઝ દ્વારા દર વર્ષે આર્કિટેક્ચર અને ડિઝાઇન માટે જાહેર કરવામાં આવતા પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ હેઠળ ભુજમાં સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમમાં સ્થાન પામ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''ગુજરાત માટે ગર્વની વાત છે કે પ્રથમ વખત કોઈ ભારતીય મ્યુઝિયમને સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યક્તિ માટે આટલી વૈશ્વિક ઓળખ મળી છે.''ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું કે વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલાઓની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું અને કચ્છની સ્થિતિસ્થાપકતાને શ્રધ્ધાંજલિ આપવાનું પણ સ્વપ્ન હતું. એ જ આધારે ભુજમાં સ્મૃતિવનનું નિર્માણ થયું.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અમદાવાદમાં શ્રી સવા ફાઉન્ડેશન દ્વારા આયોજિત "ધ રીયલ હીરોઝ" એવોર્ડ સમારોહમાં પ્રેરક ઉપસ્થિતિ

# કર્મ આપણી સંસ્કૃતિ, આપણે સારા કર્મ કરીએ ત્યારે તેનું ફળ અવશ્ય સારું જ મળે છે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદમાં શ્રી સવા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ×ધ રીયલ હીરોઝ× એવોર્ડ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ એવોર્ડ સમારોહમાં સમાજ માટે ઉદાહરણરૂપ કામગીરી કરનારી ૧૫ જેટલી સંસ્થાઓને 'રિયલ હીરોઝ'ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં હતા.

આ એવોર્ડ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમાજ જીવનમાં વિવિધ ક્ષેત્રમાં સેવા પ્રદાન કરનાર 'રીયલ હીરોઝ'ને અભિનંદન પાઠવતા કહ્યું કે, કર્મ આપણી સંસ્કૃતિ છે. આપણે સૌ કર્મ પર વધારે માનીએ છીએ. કર્મ જ્યારે આપણે સારા કર્મ કરીએ છીએ, ત્યારે તેનું ફળ અવશ્ય સારું જ મળે છે. જ્યારે આપણને કર્મનું ફળ મળી જાય છે ત્યાંથી જ એક નવા કર્મની શરૂઆત પણ થઈ જાય છે એટલે સૌ કોઈએ સારા કર્મો સતત કરતા રહેવું જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે, આપણી સમક્ષ એવા ઘણા ઉદાહરણો પણ છે કે, જેમની પાસે કંઈ જ નથી એ વ્યક્તિ પણ આજે નાનામાં નાના વ્યક્તિનો વિચાર કરે છે અને સારું કર્મ કરે છે અને આજ આપણી પણ સંસ્કૃતિ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના સેવા કાર્યોની વાત કરતા મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એક-એક પળ અને એક - એક મિનિટ પ્રજાજનોની સેવા માટે તત્પર છે. શ્રી નરેન્દ્રભાઈ હંમેશાથી કહેતા આવ્યા છે કે , હું ભારત દેશ માટે ૨૪ કલાક એટલે કે એક-એક પળ દેશના વિકાસ માટે કામ કરવામાં તત્પર છું. શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની આ સેવાને કારણે જ આજે દેશના તમામ ક્ષેત્રમાં વિકાસ થયો છે.

આ એવોર્ડ કાર્યક્રમ અંગે શ્રી સવા ફાઉન્ડેશનના સ્થાપક સુશ્રી અમી મોદીએ કહ્યું કે, પ્રથમ વખત આ પ્રકારે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમને એવોર્ડ આપવામાં આવ્યો છે એ તમામ લોકો સમાજના રીયલ હીરો છે અને તેમને તેમના જ કાર્યો માટે સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની કામગીરીનું વળતર એ એવોર્ડ નથી પરંતુ આ તમામ લોકો પડદા પાછળ રહીને લોકોની સેવા માટે અવિરતપણે કામ કરી રહ્યાં છે તેમને બિરદાવવા માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૫ ફાઉન્ડેશનને ૫૦,૦૦૦નો ચેક આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમાજ માટે કંઈ કરી છૂટનાર અને નિઃસ્વાર્થ ભાવે સેવા કરનારા લોકો માટે પ્રથમ વાર ×ધ રીયલ હીરોઝ× એવોર્ડ કાર્યક્રમ બોડકદેવ



ખાતે યોજાયો હતો. શ્રી સવા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સમાજ માટે ઉદાહરણરૂપ કામગીરી કરનારી સંસ્થાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ અવસરે સામાજિક આગેવાનો તેમજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં આ સંસ્થા સાથે જોડાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર રાયગઢ જંગલ વિસ્તારમા બેફામ વૃક્ષ કટીંગથી લોકોમાં ભારે આક્રોશ....



સાબરકાંઠા હિંમતનગર જંગલ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક મહિનાથી બેફામ રીતે લીલા વૃક્ષોના કટીંગ થવાના મામલે પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતાનો વિષય બનેલ છેવન વિભાગની રહેમ નજર હેઠળ રાયગઢ અને ગાભોઈ જંગલ વિસ્તારમાં પ્રતિદિન હજારો મણલાકડું સ્થાનિક મિલોમાં રાતો રાત ખડકાઈ રહ્યું છે આમ છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે છે એક તરફ સરકાર દ્વારા વૃક્ષારોપણની મોટી મોટી જાહેરાતો કરાય છે તો બીજી તરફ લીલા વૃક્ષોનો નિકંદન કાઢતા આ વન તંત્રની નીતિ સામે પર્યાવરણ પ્રેમી અને લોકોમાં ભારે વિરોધ વંટોળ ઊભો થવા પામેલ છેઆઅંગે જાણવા મળ્યા મુજબ ભિલોડા વિજયનગર રાયગઢ જંગલ વિસ્તારમાંથી કીમતી વન પેદાશોનો નાશ કરી ઈમારતી જંગલી લાકડા રાત્રી દરમિયાન બારોબાર હેરાફેરી થઈ રહી હોવાની લોકોમાં વ્યાપક બુમ ઉપડી છે જંગલ વિસ્તારોમાંથી કેટલાક જંગલ ખાતાના મળતીયા ઠેકેદારો દ્વારા ટ્રેક્ટર અને ટેમ્પામાં ભરી હજારો ટન ઈમારતી લાકડા વહેલી સવારે રાયગઢ થઈને હરસોલ તરફ જતા માર્ગ પરથી બેરોકટોક પસાર થતા હોવાનું જાણવા મળેલ છે આ માર્ગ પર વિજયનગર ભિલોડા અને ગાંભોઈ એમ ત્રણ પોલીસ સ્ટેશન આવેલા છે તેમજ હિંમતનગર શામળાજી હાઈવે પર રાયગઢ ગામે જિલ્લાના વન ખાતાની વિભાગીય રેન્જ ફોરેસ્ટ કચેરી પણ આવેલી છે આમ છતાં મોડી રાત્રે અને વહેલી પરોઢે જંગલ ખાતા અને પોલીસની રહેમ નજર હેઠળ છેલ્લા કેટલાક સમયથી બેરોકટોક લીલા લાકડાની હેરાફેરી ચાલી રહી છે



બકરી ઈદ દિન પહેલાં આ વખતે વલાદ વિકાસ ફાઉન્ડેશન દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું કે આપણે અબોલ જીવો ને ઈદ પહેલાં છોડાવીશુ આ માટે રાણીપ બકરી મંડી માં થી ૬૦ અબોલ જીવો ને વલાદ વિકાસ ફાઉન્ડેશન ના સભ્યો દ્વારા છોડાવી ને રાચરડા ખાતે આવેલી પાંજરાપોળમાં છોડી તેમને અભયદાન આપ્યું હતું આ ફાઉન્ડેશન મેડિકલ કેમ્પ યોજી માનવસેવા નું કામ કરે છે આ વખતે સર્વ જીવો ની સેવા માટે આગળ આવ્યા હતા

# વડોદરામાં જમીનોમાં લોકોને થતી હેરાનગતિ અંગે જિલ્લા કલેક્ટર ટૂંક સમયમાં ઓપન હાઉસ શરૂ કરશે : ધારાસભ્યની રજૂઆત બાદ નિર્ણય



વડોદરા શહેર જિલ્લાના જમીનોના પ્રશ્નો ઉકેલવા માટે ઓપન હાઉસ શરૂ કરવા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલે રજૂઆત કરી હતી જેને જિલ્લા કલેકટર દ્વારા સ્વીકારવામાં આવી છે અને ટૂંક સમયમાં તેનો અમલ શરૂ થશે તેમ ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું.વડોદરા શહેર ભાજપ પ્રમુખે અન્ય પ્રશ્નો અંગે જે સૂચન કર્યું છે તેમાં માત્ર વિશ્વામિત્રી નદી નો પ્રશ્ન જ નહી અગાઉ વડોદરા શહેરના ૩૦ જેટલા મહત્વના પ્રશ્નો રાજ્ય સરકારમાં પેન્ડિંગ છે તેનું ઉકેલ આવતો નથી. જે અંગે તમામ ધારાસભ્યોએ સંયુક્ત રીતે મુખ્યમંત્રી સમક્ષ તેમજ વિધાનસભાના અવારનવાર રજૂઆતો કરી છે. અને હાલના મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી વડોદરાના તમામ ધારાસભ્યોની સંયુક્ત બેઠક બોલાવવા માંગણી કરી છે.

સ્માર્ટ મીટર અંગે ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું કે વડોદરા શહેર જિલ્લામાં ૨૮,૦૦૦ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. હાલમાં સ્માર્ટ મીટર લગાવવાનું અટકાવવામાં આવ્યું છે. હવે પ્રશ્ન રાજ્ય સરકારમાં છે જે અંગે રાજ્ય સરકારમાં રજૂઆત કરી તેનો ઉકેલ આવે તેવા પ્રયત્ન કરીશું.

# ચોરીની બાઈક સાથે ઘરફોડ ચોરી કરવાના ઈરાદે ફરતા બાળ કિશોરને પોલીસે ઝડપી લીધો

વડોદરા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ચોરી કરવાના ઈરાદે ફરી રહેલા બાળકિશોરને ચોરીની બાઇક સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. બાજવા ગામ પાસેથી સાગરિત



સાથે મળી બાઈકની ચોરી કરી હોવાની કબુલાત સગીરે કરી છે.

લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનની પીસીઆર વાનને કંટ્રોલરૂમ તરફથી વર્દી મળી હતી કે કે યસ કોમ્પ્લેક્ષ સામે રણછોડ પાર્ક ખાતે એક ઈસમ ચોરી કરવા આવ્યો છે. જે વર્દી આધારે પોલીસે સ્થળ ઉપર જઇ તપાસ કરતા એક ઇસમ મળી આવ્યો હતો. પરંતુ કિશોર હોય તથા તેની પાસે રહેલ મો.સા.ના દસ્તાવેજી પુરાવા કાગળો હોય તો રજુ કરવા જણાવતા તે ગલ્લા તલ્લા કરી કોઇ સંતોષકારક જવાબ આપતા ન હતો.

# અમરેલી પંથકમાં બાળકી બોરમાં ફસાઈ જતાં કલાકો સુધી રેસ્કયુ ઓપરેશન

અમરેલી, : અમરેલીના લાઠી તાલુકાના સુરગપરા ગામે આરોહી નામની એક દોઢ વર્ષની ખેત મજુર પરિવારની બાળકી ખેતરના ખુલ્લા બોરવેલમાં ખાબકી હતી. પરિવારની એક ને એક દીકરી બોરવેલમાં પડી હોવાનું દેખાતા તેના માતા-પિતા હતપ્રભ બની ગયા હતા બનાવની જાણ સ્થાનિક પ્રશાસનને કરવામાં આવતા અમરેલી ફાયર વિભાગ તેમજ રોબોટ રેસ્ક્યુ ટીમ સ્થળ પર પહોંચી ઓપરેશન આરોહી શરુ કરવામાં આવ્યું હતું અને બાળકીને બચાવવાના પ્રયત્નો શરુ કરવામાં આવ્યા હતા.

લાઠી તાલુકાના સુરગપરા ગામે આવેલ ભનુભાઈ ભીખાભાઈ કાકડિયા નામના એક ખેડૂતના ખેતરમાં ખેત મજૂરી કામ કરવા માટે દાહોદથી આવેલ કરમણભાઈ રમેશભાઈ અમલીયાર અને સાવિત્રીબેનની એક ને એક દીકરી આરોહી આજે સવારના ૧૦ થી ૧૧ વાગ્યાના સમય દરમિયાન બોરમાં પડી ગઈ હતી.બાળકીના માતા-પિતા સહિતના પરિવારના લોકો સીઝન ચાલી રહી હોવાથી દોઢ વર્ષની આરોહીને સુવડાવી અને કપાસિયા સોંપવા માટે ખેતરમાં કામ કરી રહ્યા હતા અને અચાનક બાળકી ઉઠી દરરોજના રૂટિન પ્રમાણે બહાર રમી રહી હતી. તે દરમિયાન ખેતરમાં આવેલ ખુલ્લા બોર પરથી પત્થર ખસી જતા બાળકી બોરમાં ખાબકી હતી. દરમિયાન દીકરી ન દેખાતા અને ક્યાંક અવાજ સાંભળતા ૧૨ વાગ્યાના આસપાસ દીકરી બોરવેલમાં ફસાઈ હોવાનું પરિવારના લોકોને પ્રતીત થયું હતું.આ ઘટના બાદ બાળકીના પિતાએ તેના ખેતર માલિકને જાણ કરતા તેમના દ્વારા બાળકીને બહાર કાઢવા માટે જીસીબી સહિતના સાધનો મંગાવ્યા અને સ્થાનિક પ્રશાસનને જાણ કરવામાં આવી હતી.આ બાદ બાળકીને બચાવવા માટે પ્રશાસન દ્વારા અમરેલી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જેથી અમરેલીથી ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. તેમજ બાળકીને બોરમાં ઓક્સિજન સતત મળતો રહે તે માટે પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા હતા.



**શ્રી જેથરીયા મહાદેવ મંદિર પિલવાઈ ના આગણે વન વિભાગ અને સહયોગ સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ વિજાપુર ના સહયોગ થી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હર હર મહાદેવ જય માં આશાપુરા જય માતાજી**

## ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય, સતત ચોથી વખત ઈમ્પેક્ટ ફીની મુદત છ મહિના લંબાવી

ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીને લઈને એક મહત્ત્વનનો નિર્ણય લીધો છે. જેમાં ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં વધારો કરાયો છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત ચોથીવાર વધારો કરતા હવે વધુ છ મહિનાની મુદત લંબાવવાવામાં આવી છે. રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ ૬ મહિના લંબાવાઈ છે. ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત ચોથી વખત વધારો કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ત્રીજી વખત અપાયેલી ૬ મહિનાની મુદત ૧૬મી જૂને એટલે કે આજે પૂર્ણ થઈ રહી હતી. હવે નવી તારીખ ૧૭મી જૂન રવિવારથી આગામી છ મહિના સુધી મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.ગુજરાતમાં ગેરકાયદે બાંધાકમને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય છે. આ પહેલા ત્રણ વાર સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીની મુદત વધારી હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS N0 : 089**
પ્રકાર : ગદ્ય
વિષય. — વહેતો સમય
શીર્ષક — એકધાર

ન કાનો, ન માત્રા, કોઈપણ જાતના આડા અવળા નિશાન નગરનો સમય. પૃથ્વીની ઉત્પત્તિ થઈ તે કાળથી સમય એકધારો ચાલે છે.

પવન, ટાઢ , તડકો કે ધોધમાર વરસાદ તેને હચમચાવી ન શકે. તેની ગતિમાં કોઈ ફરક ન જણાય. બસ પસાર થયા કરે. એકવાર જાય પછી કદી પાછું વળીને ન જુએ. સમય પાસેથી માનવી એ ઘણું શીખવાનું છે.

સહુ પ્રથમ સમય અતિ મૂલ્યવાન છે. અવસર એક વખત ગયો કદી પાછો નહી આવે.

''મારી પાસે સમય નથી'' એ હળાહળ જુઠાણું છે. હું અને તમે બંને જાણીએ છીએ.

''સમય વર્તે સાવધાન''. એનો અર્થ બરાબર જાણવો. તેથી કહેવાય છે, અણી ચૂક્યો સો વર્ષ જીવે.

સમયને ઓળખીને ચાલવું ડહાપણ ભર્યું કામ છે.

સાંભળ્યું હશે '' સમય બડા બલવાન હૈ નહિ મનુષ્ય બલવાન''.

સમય વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. સમય પર કામ કરવું. સમય પર ભોજન કરવું. સમય પર રાતના સૂવા જવું. સમય પર સવારે પથારી ત્યજવી.

સમયનો સદઉપયોગ મહત્વનો છે. એકવાર સમય સરકી ગયો, ગયા ખાતે. સમય સર ચેતજો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.199**
વિષય:- વહેતો સમય
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શિર્ષક :- "સમય વહેતો જાય છે "
શબ્દ :- ૭૭

સમય વહેતો જાય છે ઘણી વાતો કહેતો જાયછે,
આજ હશે કાલ નહી હોય દિનરાત વહેતો જાયછે.

સુખ પડશે કે દુ:ખ પડશે ક્યાં કોઈને શે ખબર,
તડકો હોય કે છાંયડો એ સમય સહેતો જાયછે.

રાજા હશે કે રંક હશે સમય સમયનું કામ કરશે,
જૂનુંનવું,નવુજૂનું એ જગતને જણાવતો જાયછે.

એક સરખા દિવસ કોઈના ક્યાં રહે છે સૃષ્ટિમાં,
માલવપતિ મુંજ અહી કુંજરે પિલાતો જાયછે.

સમય સમયનું કામ કરે સમય કયાં રહેછે હાથમાં,
આજેછે કાલે નૈ હોય સમય સમજાવતો જાયછે.

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 140**
વિષય: વહેતો સમય
પ્રકાર: પદ્ય અછાંદસ
શીર્ષક: છેલ્લો અંક..શબ્દો:૯૨

"સમયકી ધારામેં ઉમર બહ જાની હૈ, ઘડીભર જી લે તુ!"
નિયતી ચેતવતી રહી સમય વર્તે સાવધાન.

બાળપણ વીત્યું રમતાં રમતાં માબાપની છત્રછાયામાં,
ખબર ના પડી ક્યારે મોટાં થયાં.

યુવાનીમાં દોડતો રહ્યો, હાંફતો રહ્યો. ધન ભેગું કરતો રહ્યો. ખબર ના રહીશબ્દ : ૮૪
?સમય ક્યાં ગયો.

ક્યારે વાળમાં રૂપેરી ચમક આવી ખબર ના પડી.દાંત પડવા માંડ્યા, ઢીંચણ
ઘસાવા લાગ્યા.
"બુઢાપા દેખકર રોયા"

સાથીનો હાથ થામી લે.
છેવટે તો બે જ રહ્યાં.
સાથે જીવ્યાં એ હૂંફની વાતને વાગોળી લે.

ચેતી જા મનવા!
જીવન નાટકનો છેલ્લો અંક.
પડદો પડે પહેલાં જીવી લે.મુઠ્ઠી ભર સમયને માણી લે.

હેમા પિનાકીન ત્રિવેદી .કૃષ્ણપ્રિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSO NO: 229**
વિષય : વહેતો સમય
શીર્ષક : સમયની સતત,વહેતી સરિતા
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૫૦
નામ : "પ્રપાશી "પરેશ મ. પાઠક.
સમયની સતત પ્રગતિ

★★★★★★★★★★★★★★★★★★★

સમયની સરિતા તો વહેતી રહેતી,
જાણે જીવનની મહત્તા કહેતી,
જે સાચવે છે, સમય મળેલો,
પરિસ્થિતિ સર્વે છે,તેને ફળેલી!

ગગને ઉગે છે,સૂરજ જ્યારથી,
શરૂ થાય છે, દિન સૌનો ત્યારથી
કરવા આપણે ઉદ્યમ અવનવા,
સુખ-સંતોષનાં કાર્યો સવારથી!

બાંધીને સૌ ને સમય ચેતવે છે,
કુટુંબને સાંકળ જેમ રહે સાચવી,
વડીલ દે હેતે અનુભવની શિખ,
ને સાચાં ખોટાંનો મરમ સમજાવી !

આભ અટારીએથી,થાય છે પ્રકાશ,
જોવાનો વિશ્વને રે,રૂડો અવકાશ,
કરવા સૌએ સારા વિચાર,
થાશે ઉત્તમ તેથી જ આચાર !

સમય તો વેગે,રહે છે સરકતો,
ખળખળ વહેતુ સમયનું ઝરણું,
પળ પળ કથા કરમની કહેતું !
સરતું રહે જેમ જળ સરિતાનું,
પોષણ દરેકનું તે કરતું રહેતું !

વાગે છે સિતાર,શ્વાસ તણી આ
કોને ખબર?તે વાગશે ક્યાં સુધી?
રાગ અને સ્વરનું સુરીલું સંગીત
ચાલુ જ રહેશે ગીત,તે ત્યાં સુધી !

કુદરતના કાનૂનને સદા સ્વીકારજો ,
વાવો જેવું,તેવું જ લણશો!
"પ્રપાશી"સાંભળી અવાજ સમયનો,
અનોખી ગતિને પ્રેમે માણશો!અસ્તુ....!
-"પ્રપાશી" પરેશ મ. પાઠક.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 232**
વિષય : વહેતો સમય.
શિર્ષક : વહેતો સમય.
પ્રકાર: કાવ્ય - અછાંદસ
નામ : અશ્વિન જાની

વહેતો સમય,
વહેતી આ જીંદગી.
રોજ રોજ સમય સાથે
તાલ મેળવતો હું.

કિનારે બેસીને હું,
પ્રસંગો ના પરપોટા,
છોડ્યા કરું છુ હું.
કેટલાક નજીકમાંજ,
કેટલાક દૂર દૂર જાય,
ફૂલે ફાલે, પછી ફૂટે.
બધા જ સમય માં
ભળી જાય, ને
સમય સાથે વહી જાય.

આજે મેં કોડીયા માં,
વાટ કરી, તેલ મૂકી,
દિવો પ્રગટાવ્યો.
મૂકી દીધો એને
સમય ના વહેણમાં,
પછી,
જોયા કરું, જોયા જ કરું.
ડગમગ થતો એ,
ભળી ગયો, વહી ગયો,
બીજા દિવડા ની સાથે.

કિનારે બેઠેલો હું
અને વહેતો આ સમય.

અશ્વિન જાની.વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- વહેતો સમય
શીર્ષક :- સમય દર્શન
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૧૩૧
હજુ તો શૈશવ નિર્દોષ, ત્યાં આવી યુવાની;
આવી એવી જ ગઈ ચંચળ યુવાની.
સુખ દુ:ખ અનુભવે થયા જ્ઞાનવૃદ્ધ,
જીવન સાર પામ્યા પ્રેમ સમૃદ્ધ;
જુઓ આ જ છે વહેતો સમય.

સુપ્રભાતે રશ્મિ કિરણે ખીલી કળી,
મધ્યાહ્ને ફૂલ બની લહેરાતી કળી.
સાંજ ઢળતા ખરી પડી મસ્ત કળી,
મહેંક બની વાતાવરણે ભળી કળી;
જુઓ આ જ છે વહેતો સમય.

જીવન નદીના બે છે કિનારા,
આ પાર હું, પેલે પાર તું;
વચ્ચે છે વહેતી સમયની
ધારા,
ઋણાનુબંધે રચાયા કાળના કિનારા;
જુઓ આ જ છે વહેતો સમય.

જુદ્દી કાયા, જુદ્દી માયા, જુદ્દો છે સંસાર,
પામીએ પ્રેમ સ્વરૂપ શાશ્વત અપાર,
ભલે તું અને હું છીએ દ્વૈત સંસાર,
પણ સ્નેહ સમર્પણ પામીએ અદ્વૈત સર્વ આધાર;
જુઓ આ જ છે વહેતો સમય.
નામ : દેવેન્દ્ર આચાર્ય.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 321**
વિષય." વેહતો સમય,"
શીર્ષક..આજ ની પળ
શબ્દ. ૨૩૨
પ્રકાર.ગદ્ય
લેખિકા સુચી રાવલ

"સમય કી ધારા મે ઉંમર બેહ જાની હે" કવિ એ જે કહ્યું છે એ સાવ સાચું કહ્યું છે.માણસ પાસે સમય જતાં બાધુ ફક્ત યાદો મા જ કેદ થઈ ને રહે છે. કેટલીક યાદો મીઠી હોય છે તો કેટલીક કડવી પણ એજ તો જીવન જીવવા માટે ને આગળ વધવા માટે પ્રેરણા આપે છે .માણસ બધું કરી શકે પણ વીતેલો સમય ક્યારેય પાછો ના લાવી શકે.બસ સમય ની સાથે વેહતા શીખવું પડે .એક વાત દરેક વ્યક્તિ ને યાદ રે છે એ વેહતાં સમય મા જે સુખ દુ:ખ આવ્યા એમાં એની જોડે કોણ હતું .ક્યારેક પોતાના કરતાં બીજા લોકો તમારા માટે ઘણું કરી દેતા હોય છે.ત્યારે લાગે કે ના આજ તો સાચી લેણદેણ છે .સમય ની સાથે પરિપકવ થઈ ને વીતેલા સમય નું અવલોકન કરીએ ત્યારે લાગે કે હજુ તો ઘણું બધું કરવાનું બાકી છે .આપડા શોખ, સપના,અને પોતાના માટે જીવવાનું બી બાકી છે જુના મિત્રો જૂની યાદો અને એ યાદો ની મીઠી મધુરી વાતો .એકલા હોય ત્યારે હોઠ પર મલકાટ આવી જાય. " વેહતા સમય ની રેત મા પગલાં પડી શકું નથી મારું ગજું કે હું આમ યાદો ને ભુલાવી શકું,"

આ સમય એટલો કિમતી છે કે એને એક વાર ગયા પછી દુનાયાની કોઈ સંપત્તિ પાછી લાવી ના શકે . જો તમારા જીવન ની કોઈ સુંદર પળ છે તો એ આજ અને અત્યારેજ છે એને આનંદ થી
આભાર - નિહારીકા રવિયા ભરી દો .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 173.**
" વહેતો સમય"
પ્રકાર -પદ્ય
શબ્દ -૯૩.
જીંદગી આપી છે તો મસ્ત બની જીવવાં માંગું છું.
વહેતા સમય સાથે વહેંચવા માંગુ છું.
દુ:ખ તો છે પણ સ્મિત વેરવા માંગુ છું.
પાંખો તો નથી પણ સપનાને સાકાર કરવાં માંગુ છું.
પહેલી તો છે પણ ઉકેલવા માંગુ છું.
હાર તો છે પણ હારીને જીતવા માંગુ છું.
રંગબેરંગી છે દુનિયા, પણ માનવતાનાં રંગમાં રંગાઈ જવાં માંગુ છું.
કોઈ ને પાડીને નહીં, એને જીતી ને જીતવા માંગુ છું.
કોઈ ક્ષમા ના કરે, પણ હું ક્ષમા આપવા માંગુ છું.
ક્યારેક લાગણીમાં તણાઈ જાઉં છું ત્યારે,
એકલતામાં પણ કવિતા લખી જીંદગીને સજાવવા માંગુ છું.
નામ-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

# ગાંધીનગર જિલ્લામાં ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૪૬૨ સ્થળે કરાશે : બે લાખ ૬૦ હજાર જેટલા નાગરિકો સહભાગી બનશે





## જિલ્લામાં ૧૩ આઇકોનિક સ્થળ ખાતે યોગના વિશેષ કાર્યક્રમનું આયોજન : જિલ્લા કક્ષાનો શહેરી કાર્યક્રમ ગાંધીનગર ખાતે અને ગ્રામ્યનો કાર્યક્રમ કલોલ ખાતે યોજાશે

સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં દશમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક વધુમાં વધુ લોકો સ્વયં સહભાગી બને તેવા ઉમદા આશય સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવનાર છે, તેવું જિલ્લાના ઇ.ચા. કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીએ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં યોજાનાર દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણીની માહિતી આપતાં જિલ્લાના ઇ.ચા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીએ ઉમેર્યું હતું કે, દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી ' સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ ઉપર ઉજવવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસે જિલ્લાના નાગરિકો સ્વયં રીતે સહભાગી બને અને યોગ નિયમિત રીતે જીવન શૈલીમાં સમાવેશ કરવાથી શું ફાયદા થાય તેની જાગૃત્તિ આપવા માટે સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સાથે કર્મયોગીઓ સહભાગી બન્યા છે.

જિલ્લા કલેકટરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત ૧૩ આઇકોનિક સ્થળ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં અડાલજની વાવ, ત્રિમંદિર, મહાત્મા મંદિર, ડભોડિયા હનુમાન મંદિર, કંથારપુર વડ, સાંપાની વાવ, મહુડી જૈન મંદિર, અંબાપુરની વાવ, રૂપાલ વરદાયિની માતાનું મંદિર, ઈફકો કલોલ, ગલુદણની વાડી, માણસા કોલેજ અને સ્વામિનારાયણ ગુરૂકુલ, કલોલ નો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લા કક્ષાનો કાર્યક્રમ શહેરી અને ગ્રામ્ય એમ વિસ્તારમાં અલગ અલગ થશે.

# કોલેરાગ્રસ્ત ગોકુળપુરા વિસ્તારમાંથી ઝાડા-ઉલટીના નવા ૨૪ દર્દીઓ મળ્યાં



ગાંધીનગર : ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગોકુળપુરા-સે-૧૪માં છેલ્લા બે દિવસથી પાણીજન્ય કોલેરાનો રોગચાળો ફાટી નિકળ્યો છે. ગઈકાલ સુધીમાં ત્રણ પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા ત્યારે આજે ૧૨ વર્ષિય કિશોરીનો કોલેરા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો ત્યારે બીજીબાજુ સર્વેલન્સ દરમ્યાન આ જ વિસ્તારમાંથી ઝાડા ઉલ્ટીના શંકાસ્પદ નવ ૨૪ દર્દીઓ પણ પ્રકાશમાં આવ્યા છે. જેમને પણ સારવાર આપવામાં આવી છે. તો આ કોલેરાગ્રસ્ત વિસ્તારમાં ટેન્કર મારફતે પાણી અને ઓઆરએસ પેકેટ-ક્લોરીનની ટેબલેટનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે અઠવાડિયાથી પાણીજન્ય કોલેરાના કેસ પ્રકાશમાં આવી રહ્યા છે. દહેગામ અને કલોલ શહેરી વિસ્તાર ઉપરાંત પેથાપુર, શિહોલી મોટીમાં એક જ દિવસે દર્દીઓ મળી આવ્યા હતા જેના પગલે આ વિસ્તારમાં કોલેરા નિયંત્રણના પગલા ભરીને રોગચાળાને કાબુમાં લેવામાં આવ્યો હતો ત્યાર બાદ સેક્ટર-૨૦,વાવોલ, સે-૧૩, દહેગામ, બારૈયા અને રખિયાલમાં છુટાછવાયા એકાદ-બે કેસ કોલેરાના મળી આવ્યા હતા. તે દરમ્યાન છેલ્લા ગઈકાલે ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગોકુળપુરા-સે-૧૪માંથી કોલેરાના એક સાથે ત્રણ પોઝિટિવ કેસ તથા ૨૫ જેટલા ઝાડા ઉલ્ટીના દર્દીઓ સામે આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું હતું. મ્યુ.કમિશનર સહિત આરોગ્યની ટીમોએ આ કોલેરાગ્રસ્ત વિસ્તારમાં ધામા નાખ્યા હતા અને સર્વેલન્સ માટે ૧૦ ટીમો બનાવીને દોડાવવામાં આવી હતી.આ ટીમ દ્વારા આજે સર્વે કરતા અસરગ્રસ્ત વિસ્તારમાંથી ઝાડા ઉલ્ટીના શંકાસ્પદ વધુ ૨૪ દર્દીઓ મળી આવ્યા હતા.જેમાં એક કિશોરીનો કોલેરા ટેસ્ટ કરાવતા તે પોઝિટિવ આવ્યો છે.પેટમાં દુ:ખાવો અને ઝાડા તથા ઉલ્ટીની તકલીફ આ વિસ્તારના રહિશોમાં વધી રહી છે

# નિ:શુલ્ક બ્યુટી પાર્લર કોર્સનો પ્રારંભ: પાટણ પ્રજાપતિ મહિલા સમિતિ દ્વારા સમાજની બહેનોને આત્મનિર્ભર બનાવવા નિ:શુલ્ક બ્યુટી પાર્લર કોર્સનો પ્રારંભ કરાયો



પાટણ પ્રજાપતિ સમાજની બહેનોને આત્મ નિર્ભર બનાવવાના શુભ ઉદ્દેશ સાથે પાટણ પ્રજાપતિ મહિલા સમિતિ દ્વારા સૌપ્રથમવાર એક માસનો સમાજના દાતા પરિવારના સહયોગથી નિશુલ્ક બ્યુટીશન બેઝિક અને એડવાન્સ કોર્સ નું સુંદર આયોજન શહેરના ટેલિફોન એક્સચેન્જ રોડ પર આવેલા સિધ્ધરાજ કો ઓપરેટિવ ક્રેડિટસોસાયટી બેંકના સેન્ટ્રલ એસી હોલ ખાતે કરવામાં આવ્યું છે.પાટણ પ્રજાપતિ સમાજની મહિલા સમિતિ દ્વારા આયોજિત કરાયેલા બ્યુટીશન બેઝિક અને એડવાન્સ કોર્સ નો ગુરૂવારના રોજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી પૂર્વ મહામંત્રી અને પાટણના પનોતા પુત્ર શ્રીયુત કે.સી.પટેલ,સિધ્ધરાજ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી બેંક લી.ના ચેરમેન યતીનભાઈ ગાંધી, પાટણ પ્રજાપતિ સમાજના આગેવાન શાંતિભાઈ સ્વામી,કમલેશ સ્વામી,,યશપાલ સ્વામી, યોગેશભાઈ પ્રજાપતિ, જીતુભાઈ ઓતિયા, પાટણ પ્રજાપતિ મહિલા સમિતિના પ્રમુખ રીમાબેન ઓઝા,જાગૃતીબેન પ્રજાપતિ, ભારતીબેન પ્રજાપતિ,અલકાબેનઓતિયા સહિતની બહેનો તેમજ દાતા પરિવારજનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત રહેલા શ્રીયુત કે. સી. પટેલે જણાવ્યું હતું કે આજના યુગમાં બ્યુટી પાર્લર નું મહત્વ બહેનોમાં ખૂબ જ વધી ગયું છે. ત્યારે આ મોંઘવારીના જમાનામાં પરિવારના એક સભ્યની આવક ઉપર પરિવાર ચલાવવાની સાથે સાથે વધતા જતા આવા મોજ શોખ ના ખર્ચા પરિપૂર્ણ કરવા માટે પરિવારના એક કરતાં વધુ સભ્યોએ આત્મ નિર્ભર બની પરિવાર ને મદદરૂપ બનવાની ફરજ પડી છે. ત્યારે પાટણ પ્રજાપતિ સમાજની મહિલા સમિતિ દ્વારા સમાજની બહેનોને આત્મ નિર્ભર બનાવવા આયોજિત કરાયેલ આ નિશુલ્ક બ્યુટીશન બેઝિક અને એડવાન્સ કોર્સનો લાભ લઈ સમાજની બહેનો આત્મનિર્ભર બની પરિવારજનોને મદદરૂપ બનશે તેવો આશાવાદ વ્યકત કરી આયોજન ની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

પાટણ પ્રજાપતિ મહિલા સમિતિના પ્રમુખ રીમાબેન ઓઝાએ ઉપસ્થિત સૌ મહાનુભાવો સહિત સમાજના દાતા પરિવાર સહિત આ કોષે નો લાભ લેનાર સમાજની બહેનો અને ટ્રેનર રોશનીબેન પ્રજાપતિ ને આવકારી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.




મહર્ષિ સાંદીપનિ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં અડાલજ સ્થિત હાર્ટફૂલનેસ મેડીટેશન સેન્ટરના સહયોગથી શિક્ષકોને અદભૂત રીતે ટ્રેનિંગ આપવામાં આવી તેમજ ક્લાસરૂમને કેવી એક્ટિવ રાખવો તેમજ વિદ્યાર્થીઓની કૌશલ્યશક્તિનો વિકાસ થાય તથા વિદ્યાર્થીઓમાં કેવી રીતે આત્મવિશ્વાસ વિકસિત થાય તે વિષય પર શિક્ષકોને માર્ગદર્શન અપાયું હતું. જેમાં શાળાના ટ્રસ્ટી, આચાર્ય, હોદેદારો શ્રી તેમજ તમામ શિક્ષકો દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો તેમજ પ્રોત્સાહન રૂપે સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

# ગીરગઢડા-ઊના-સુરતની લક્ઝરી એસ.ટી. બસનો શુભારંભ કરાવતા ધારાસભ્ય કે.સી.રાઠોડ




ઊના

હિતેષ જોષી દ્વારા

ગીર ગઢડા થી સુરત જવા માટે એક પણ એસ ટી બસ નીસુવિધા ના હોય ગીર ગઢડા ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી સમાજ દ્વારા અમરેલી એસ. ટી. ડિવિઝન ના અધિકારી ને લેખિત મા રજૂઆત કરતા અમરેલી એસ.ટી. ના વિભાગી.નિયામક ધામાં એ નવી સ્લીપિંગ અને સિટિંગ લક્ઝરી બસ. ઊના ડેપો ને ફાળવતા ગીર ગઢડા ઊના સુરત રૂટ ઉપર આ બસ મુકવા મા આવતા ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અને ધારાસભ્ય કાળુભાઇ રાઠોડ અને ગીર ગઢડા ના વેપારી સમાજ ના આગેવાનો ની હાજરીમાં લીલી ઝંડી આપી પ્રસથાન કરાવેલ હતું આ બસ ગીર ગઢડા થી સાંજે ૪,૩૦વાગે ઉપાડી વાયા ઊના, રાજુલા, મહુવા,તળાજા, ભાવનગર, ધોલેરા, વડોદરા થઈ સવારે સુરત પહોંચશે અને તેજ દિવસે સાંજે ૫,૦૦કલાકે સુરત થી ઉપડી આજ રૂટ ઉપર ગીર ગઢડા સવારે ૭/૩૦ પહોંચશે આ બસ નું ભાડું સ્લિપિંગ નુસુરત સુધી નું ૪૮૨/ અને સીટિંગ નું રૂપિયા ૪૪૨/રહેશે આ બસ શરૂ થતા ગીર ગઢડા ઉના તાલુકા ના લોકો ને ખુબ લાભ મળશે.

# "નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડીયા" અંતર્ગત કોર્પોરેશનની વિવિધ કચેરીઓ ખાતે સફાઈ કરવામાં આવેલ.



રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ધાર્મિક સ્થળો, એન્ટ્રી પોઈન્ટ, સ્ટેન્ડ સહિતના સ્વચ્છતા તેમજ સ્વચ્છતા અંગે સ્વચ્છતા સ્થાનિક કરવા તેમજ સ્વચ્છતાનો ઉદ્દેશ્ય સાથે અર્બન -ગુજરાત પ્રવાસન સ્થળો, રેલ્વે સ્ટેશન, બસ જાહેર સ્થળો પર સુનિશ્ચિત કરવા નાગરિકોમાં જાગૃતિ કેળવવા અને પહેલમાં દર્ઈ તથા સમુદાયોને સામેલ જાહેર સ્થળોએ પ્રોત્સાહન આપવાના સ્વચ્છ ભારત મિશન દ્વારા તારીખ ૧ જૂન થી તા. ૧૫ જૂન ૨૦૨૪ દરમિયાન નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત સ્વચ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવેલ છે.

આજરોજ નિર્મળ ગુજરાત સ્વચ્છતા અભિયાન અંતર્ગત કોર્પોરેશનની વિવિધ કચેરીઓ ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. જેમાં પેથાપુર ઝોન અને સેકટર ૧૧ ખાતે આવેલ ઝોન કચેરીઓ, વિવિધ વોર્ડ કચેરીઓ તેમજ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ઝોન કચેરીઓ ખાતેથી એક ટ્રેક્ટર ભરીને નકામા સામાન/ભંગારનો નિકાલ કરવામાં આવ્યો.

# એસ. કે.બ્લડ બેન્ક દ્વારા રક્તદાન શિબિર કાર્યક્રમ યોજાયો



૧૪ જૂન વર્લ્ડ બ્લડ ડોનર ડે ની ઉજવણીના ભાગરૂપે રોટરી ક્લબ ઓફ પાટણ સંચાલિત એસ.કે બ્લડ બેન્ક દ્વારા રક્તદાન શિબિર ની સાથે સાથે લોકોમાં જાગૃતિ આવે તે માટે રાજ્ય સરકાર ના ગાઈડન્સ અનુસાર સ્વૈચ્છિક રક્તદાન માટે પ્રતિજ્ઞાપત્ર ભરાવવાની ડ્રાઇવ પણ કરવામાં આવી હતી.પોલીસ હેડ કવાર્ટર ખાતે યોજાયેલા રક્તદાન શિબિરમાં પાટણ એસ.પી શ્રી ડો રવિન્દ્ર પટેલ આઈપીએસ દ્વારા રક્તદાન ની સાથે સાથે પ્રતિજ્ઞા પત્ર પણ ભરી અને સ્વૈચ્છિક રક્તદાન માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. ડીવાયએસપી પંડ્યા અને ૐ એન ડી પટેલ સહિત પોલીસ અધિકારીઓએ પણ આ પ્રતિજ્ઞાપત્ર ભર્યાહતા .

કલેક્ટર ઓફિસ ખાતે ડીડીઓ શ્રી બી એમ પ્રજાપતિ સાહેબ ,આઈએએસ દ્વારા પ્રતિજ્ઞાપત્ર ભરવાની સાથે આરોગ્યના તમામ અધિકારીઓ ને જિલ્લા મા સ્વૈચ્છિક રક્તદાન માટે વધુ કટિબદ્ધ બનવા સુચન કરવામાં આવ્યું. આ સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિષ્ણુભાઈ પટેલ દ્વારા જિલ્લા ના તમામ મેડીકલ ઓફિસર પાસે સ્વૈચ્છિક રક્તદાન માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી .ૐ ડો દિવ્યેશ પટેલ ,ડો. પરમાર , ડો. અલકેશ સોહેલ, ડો.અક્ષય પ્રજાપતિ, ડો નરેશભાઈ પટેલ સહિત તમામ આરોગ્યના અધિકારીઓ દ્વારા પ્રતિજ્ઞા પત્ર ભરવામા આવ્યા.

રોટરી ક્લબ પાટણ પ્રમુખ ઝેડ એન સોઢા , બ્લડ બેંક ચેરમેન રણછોડભાઈ પટેલ, રાજુભાઈ મોદી વિનોદભાઈ સુથાર , જયરામ પટેલ , એમ એન હાઈસ્કૂલના આચાર્ય અને સેવાભાવી ધનરાજભાઇ ઠક્કર સહિત રોટેરિયન મિત્રો દ્વારા બગવાડા દરવાજા ખાતે શહેરીજનો પાસે આ પ્રતિજ્ઞા પત્ર ભરાવી સ્વૈચ્છિક રક્તદાન ની ઝુંબેશ ને વધુ વેગવાન બનાવવા નો પ્રયાસ કરવામાં આવ્યો.

બ્લડ બેન્ક સ્થિત યોજાયેલ રક્તદાન શિબિરમાં મેડીકલ કોલેજ ના ડીન, પ્રયાસ ફાઉન્ડેશન ના પારસભાઇ પટેલ સહિત ૭૫ ઉપરાંત રક્તદાતાઓ દ્વારા રક્તદાન ની સાથે પ્રતિજ્ઞાપત્ર ભરવામા આવ્યા હતા . બ્લડ બેંક એડમિનીસટેટર રો નૈતિક પટેલ ની ટીમ દ્વારા રક્તદાન શિબિર નું સુંદર આયોજન અને રો. ડો બાબુભાઈ પ્રજાપતિ દ્વારા પ્રતિજ્ઞાપત્ર ભરવાની ડ્રાઇવ નુ સફળ રીતે સંચાલન કરવામાં આવ્યું

# સાજન ટ્રસ્ટ દ્વારા "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ" કાર્યકર્મ યોજ્યો : મહાનુભાવોએ આપી હાજરી



ગુજરાત રાજ્ય નાટ્ય અકાદમીગાંધીનગર ના આર્થિક સહયોગથી સાજન ટ્રસ્ટ દ્વારા ×અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ× કાર્યક્રમ જુનાગઢ યોજાયો. જેનું કથા બીજ, સ્ક્રીપ્ટ અને સંચાલન ગુણવંત ચુડાસમાએ કર્યું હતું તેમજ કાર્યક્રમમાં ભક્ત કવિ નરસિંહ મહેતાના ભજનો સંદીપ પ્રજાપતિ, અનિલ પટેલ અને ઉર્વશી પંડ્યા એ રજૂ કર્યા હતા.ગુણવંત ચુડાસમા ના સાજીંદાઓ ની ટીમે ગાયકો સાથે જુગલબંધી કરી ને નરસિહ મહેતા પ્રેમિઓ ને સંગીત માં તરબોળ કર્યા હતા.

પ. પૂ મુક્તાનંદ બાપુએ (ચાંપરડા) સમગ્ર કાર્યક્રમમાં હાજરી રહી સૌ ને આશિર્વાદ પાઠવ્યા હતા.કાર્યક્રમમાં જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, નરસિંહ મહેતા યુનિવર્સિટીના ચેતન ત્રિવેદી, પલ્લવીબેન ઠાકર, કવિ મિલિન્દ ગઢવી, ધવલભાઈ વસાવડા, હેમંતભાઈ નાણાવટી, ઉર્વીશભાઈ વસાવડા, ખમીરભાઈ મજમુદાર, રાજુભાઈ ભટ્ટ, જય કિશનભાઈ દેવાણી, અમિષાબેન માકડ, વિપુલભાઈ ત્રિવેદી સહિતના આગેવાનો તથા અગ્રણી સંગીતકારો અને ગાયકો ઉપસ્થિત રહ્યા હતા. એ ઉપરાંત તમામ મહેમાનો અને અતિથિ શ્રીઓ એ છેલ્લે સુધી કાર્યક્રમ માન્યો હતો ઉધઘોશક તરીકે ધારા બુદ્ધદેવે કાર્યક્રમ નું સંકલન કર્યુ હતું. સંગીતમય કાર્યક્રમમાં જુનાગઢ, રાજકોટ અને અન્ય શહેરોના સંગીત પ્રેમીઓને હાજરી આપી હતી.જેમાં સાજન ટ્રસ્ટ ના આમંત્રણ ને માન આપી ને રાજકોટ થી ખાસ નયન ભટ્ટ અને મૃણાલિની ભટ્ટ (નાટ્યકાર દંપતી)પરિવારે તથા દાંડિયા કિંગ તથા હાસ્ય કલાકાર ચંદ્રેશ ગઢવી એ ખાસ હાજરી આપી હતી...સાજન ટ્રસ્ટના ટ્રસ્ટી ચેતન ટાંકે કાર્યક્રમની આભારવિધિ કરી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા વિપુલ ત્રિવેદીએ સ્થાનિક સંકલન કરી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા જહેમત ઉઠાવી હતી.

# વાઇબ્રન્ટ વિદ્યાલય થરાદ ૧૩ મા વર્ષ માં મંગળ પ્રવેશની ધામધૂમ ઉજમણી કરવામાં આવી..



થરાદ - ધાનેરા નેશનલ હાઈવે પર સ્થિત વાઈબ્રન્ટ વિદ્યાલય થરાદ માં વાઈબ્રન્ટની તા- ૧૨-૦૬-૨૦૧૨ ના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગને દિપ પ્રાગટ્ય અને આરતી વંદનાથી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. આચાર્યશ્રી ધુડાભાઈ દ્વારા બાળકોને સંસ્થાની વિવિધ સિદ્ધિઓની માહિતી આપી. વાઈબ્રન્ટે ૨૦૧૨ થી કલા, રમત-ગમત, ગણિત-વિજ્ઞાન,શિક્ષણ ક્ષેત્રે અનેક ગોલ્ડ મેડલ,શિલ્વર મેડલ તેમજ ૨૦૧૯ નો નવોદય ભોપાલ નો બેસ્ટ શાળા એપ્રિસીયશન એવોર્ડ મેળવ્યો હતો. આ શાળાના વિદ્યાર્થીએ તાજેતરમાં ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન અને સંસ્કૃતમાં ૧૦૦ ગુણમાં ૧૦૦ ગુણ સાથે ૯૯.૯૯ઁઈ તેમજ ૯૮.૧૬ % સાથે ઉત્તર ગુજરાતમાં પ્રથમ મેળવીને ગૌરવ અપાવ્યું. ૨૦૨૩ માં પણ ૯૫.૦૦% સાથે ૪ તાલુકામાં પ્રથમ રહ્યા. આ શાળાનો વિદ્યાર્થી આ વર્ષે નીટમાં ૭૨૦ માંથી ૬૯૦ મેળવીને ૧૦ તાલુકામાં આ વર્ષે પ્રથમ રહ્યો. સૌથી વધુ એક બાળકને ૫૦ લાખ શિષ્યવૃત્તિ અપાવનાર એક માત્ર શાળા વાઈબ્રન્ટ છે. તેમજ ભારતનીઁ માં સૌથી વધુ બાળકો મુકનાર કોટાનો રિઝોન્સ એ ઉત્તમ કાર્ય માટે આ સંસ્થાને પસંદ કરી છે.

# કલોલની ફેક્ટરીમાં કામદારનું મોત થતા પરિવારજનો હોબાળો

કલોલ : કલોલ જીઆઈડીસીમાં આવેલ ધીરજ એન્જિનિયરિંગ વર્ક નામની કંપનીમાં કામ કરતા કામદારનું કરંટ લાગતા મોત નીપજ્યું હતું બનાવને પગલે પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો યુવક ને કલોલ ની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં દોડી આવેલા પરિવારજનોએ કંપની સામે ગંભીર આક્ષેપો કરી ભારે હોબાળો કર્યો હતો અને કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતીઆ બાબતે મળતી વિગતો અનુસાર કલોલ જીઆઈડીસી માં આવેલા ધીરજ એન્જિનિયરિંગ વર્ક નામની કંપનીમાં કામ કરતો કામદાર કરણભાઈ અર્જુનભાઈ સલાટ ઉંમર વર્ષ ૨૮ નિત્યક્રમ મુજબ કામ કરતો હતો ત્યારે તેને કરંટ લાગ્યો હતો જેથી તેને કલોલની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મરણ ગયેલ જાહેર કર્યો હતો બનાવની જાણ તેના પરિવારજનોને કરવામાં આવી હતી જેના પગલે તેના પરિવારજનો હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને ભારે કલ્પાંત કરી મૂક્યું હતું? ચાર દીકરીઓના પિતાના મોતથી પરિવારજનો ઉપર દુ:ખનો પહાડ તૂટી પડયો હતો અને પરિવાર નોંધારો બન્યો હતો પરિવારજનોએ કંપની સામે ગંભીર આક્ષેપો કર્યા હતા

# ગાંધીનગર ખાતે ગુજરાત પ્રેસ અકાદમી- ગ્રંથાલય નિયામકના ઉપક્રમે પ્રથમવાર 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- છેંના પ્રભાવ વચ્ચે સમાજ, દેશ-દુનિયા સાથે તાલ મિલાવવા યુવાનોમાં વિવિધ વાંચન અને સર્જનાત્મકતા જરૂરી છે. છેંના યુગમાં આપણે સર્જન શક્તિથી દૂર થઈ રહ્યા છીએ ત્યારે વિવિધ વાંચન જ બાળકો તેમજ યુવાનોને તેમના મૂળ-સંસ્કારો સાથે જોડી રાખશે તેમ, આજે ગાંધીનગર ખાતે 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે જણાવ્યું હતું. ગુજરાત પ્રેસ અકાદમી અને ગ્રંથાલય નિયામકના સંયુક્ત ઉપક્રમે આજે નવતર પહેલના ભાગરૂપે પ્રથમવાર 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત સાહિત્યકાર - પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ અને વરિષ્ઠ કોલમિસ્ટ શ્રી ભવેન કચ્છીએ તેમની સર્જક તરીકેની સફળ યાત્રાના અનુભવો સાહિત્યપ્રેમીઓ-શ્રોતાઓ સાથે સાજા કર્યા હતા. વાંચનનો અનોખો શોખ ધરાવતા અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે કહ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોમાં વાંચનનો શોખ વધે તેવા ઉમદા હેતુથી વર્ષ ૨૦૧૦માં ગુજરાતમાં પ્રથમવાર 'વાંચે ગુજરાત' અભિયાન શરૂ કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




પા પા પગલી કરતા ક્યારે પ્રેમ થઈ ગયો
દુ:ખી થયેલા તમે લગ્ન કરાવયા સમય ગયો
આઘાત લાગ્યો એટેક લાવ્યો ઉંમર લઈ ગયો
ક્યારે આવી સફેદી ને ક્યારે ઘરડો થઈ ગયો
ઘર ચોરાયું જાગીર લૂંટાઈ પિતરાઈ ભાઈ થયો
કોને જઈને કહેવાનું ક્યાં જઈને રોવાનું ગજબ થયો
દાદા જીવ્યા પપપા ગયા હું પણ પપપા થઈ ગયો
નાના મોટા એટકો અરે હા તો પણ હું જીવી ગયો

રેખા શુક્લ (અમેરીકા)

## પપ્પા –

પપ્પા દ્વારા પડાવેલી પહેલી પા પા પગલી
હરણફાળ મંડાતી કેવી આજની મોટી ડગલી!
મુઠ્ઠી જેટલી આવક ને દરીયા જેટલું બિલ
ક્યાંથી લાવ્યાં હતાં ત્યારે તમે આટલું મોટું દિલ!
તકલીફોને દાટી દીધી પેલા ખુલ્લા મનના આંગણે
ક્યાંથી આવી એ મજબૂતી આંખના ભીના ખૂણે!
મારા ખભે કેમ શિશ ના મુક્યું? છું દીકરી જ તમારી
હું પણ વહેંચી શકું બોજ તમારો લૂંછીને આંખો તમારી!
સંસ્કાર સિંચન કર્યું અમારુ, બની રહ્યાં પથદર્શક
આજીવન આદર્શ બનીને જીવી ગયાં માર્ગદર્શક!
મુંઝારો થાય જ્યારે જીવનમાં શોધું મારા હે પથદર્શક!
યાદ ઘણેરી આવે આજે ક્યાં ગયા મારા એ માર્ગદર્શક!

ગ્રીષ્મા પંડ્યા (અમ્દાવાદ)

એક ખભો જે હૂંફ આપે, એ છે માતાનો ખભો.
એક ખભો જે વ્હાલ આપે, એ છે વડીલોનો ખભો.

એક ખભો જે હિંમત આપે, એ છે મિત્રનો ખભો.
એક ખભો જે સાથ આપે, એ છે બહેનનો ખભો.

એક ખભો જે રક્ષણ આપે, એ છે ભાઈનો ખભો.
એક ખભો જે પ્રેરણા આપે,

એ છે પ્રત્યક્ષ કે પરોક્ષ શિક્ષકનો ખભો.
એક ખભો જે આ બધુ જ આપે પણ ક્યારેય કોઈની નજરે નથી ચડતું

કે કોઈનાં ધ્યાનમાં નથી આવતું,
એ છે એક પિતાનો ખભો.

દેખાતો આ ખભો અદ્રશ્ય કાયમ,
છતાંય રહેતો સદાય સાથે બાળકનીપ

સ્નેહલ જાની (સુરત)

## " પિતૃ દેવો ભવ"

પિતા ઘરનો મીનાર ગણાય મોભી સ્વીકારી માન અપાય
ગુણગાન માનાં સર્વત્ર ગવાય મહાનતા પિતાની રહે છૂપાય
કુટુંબનાં વિપરીત સમયે ક્રૂર વિધીનાં ઘાએ સૌ ઘવાય
માનાં દુ:ખ વહે અશ્રુ ધારે પિતા તુજ દર્દ હૈયે છૂપાય
ધૈર્ય હિંમત સાથે પડકાર જીલે સાંત્વના અર્પે ,
સૌનાં મુખ મલકાય, પિતૃ દેવો ભવ જ્યારે સંભળાય.
પિતા તુજ છબી હદયે સ્થપાય. કોટિ પ્રણામ પિતા ને મારા
આજ જીવન મારું સાર્થક જણાય.

ડો. દક્ષા જોશી 'નિર્ઝરા'

## ★તમે કઠોર લાગતા'તા★

મા થતી ઢીલી ત્યારે તમે કઠોર લાગતા'તા
નહોતી ખબર કે આંખમાં અશ્રુ જામતા'તા
ખભે ઊંચકી મને ફર્યા તમે તો ગામ આખુંય
થાક મને લાગ્યો પગ તો તમારા દુ:ખતા' તા
રોલ મોડેલ માની તમને મોટો થતો હતો હું
ચૂક ન થાય તેનું તો તમે ધ્યાન રાખતા'તા
ભીનાશ હતી હૃદયમાં પણ તીખાશ શબ્દોમાં
ભાવીના આગોશમાં સપનાઓને ઝાંખતા'તા
નામ હતું પાછળ ઓળખાણ માટે બાળ કોનો
મારા પિતા તરીકે ઓળખની ઈચ્છા રાખતા' તા
આજે સમજાય છે પિતૃત્વનો ભાર શું! હોય છે
આજ અમારી સમજણ માટે તમે તો ઝંખતા'તા

નરેન્દ્ર ત્રિવેદી (ભાવનગર)

## પિતા ને પગલે

સંઘર્ષ જિંદગીનો ત્યારે જ ખૂબ સમજ્યો,
બની પિતા આપના સંઘર્ષ ને હું સમજ્યો.
આંખો માં સ્મિત ને ભીતરે દઝાડતી ચિંતા,
પિતા કેરી વ્યથા નો અંશ હવે હું સમજ્યો.
સુખ માં સહુ ભાગીદાર દુ:ખ વેઠ્યા એકલા,
જીવતર નો ભાર એકલા ઉપાડતા સમજ્યો .
આજ લાડલો દીકરો તું કાલ હોઈશ પિતા,
રચ્યું જીવનચક્ર ઈશ્ર્વરે એ ભેદ સમજ્યો?
છુપાવી ચિંતા ની લકીર રેલાવી મીઠું સ્મિત,
દુ:ખને વેદના કેમ છુપાવતા એ હું સમજ્યો.

કિરીટકુમાર પી.વાઘેલા

## બાપુજીને અંજળ ગઝલ

અનામી ને સદા કોરો રહે કાગળ એ બાપુજી.
પૂજામાં જે ગણાતા માતની પાછળ એ બાપુજી.
કરે હરપળ મહાભારતથી અદકો દાનનો મહિમા,
સુરક્ષામાં કરણ- શા દે કવચ-કુંડળ એ બાપુજી.
ભલેને માત ઝાલે આંગળી ને બાળપણ દોરે,
દઈ હિંમત જીવનભર લૈ જતાં આગળ એ બાપુજી.
વિકારોની હવા ચાલે તમે જ્યારે ઉખડતા હો ,
તમોને બાંધતી સંસ્કારની સાંકળ એ બાપુજી.
પરોઢે સ્હેજ ઝાંખી દઈ ઊડી જાતાં ન જાણે ક્યાં?
પ્રગટતા સૂર્યનાં રૂપેય તો ઝાકળ એ બાપુજી.
ધરી દઈએ ચરણ માતાના ખોળે એ નથી પૂરતું,
અમારાં શીશ પર ધરીએ અમે હરપળ એ બાપુજી.
સતત પ્રગટે રટણના મંત્રમાં તો મા જ હોઠોં પર,
સતત ધરબાય છે "પરવેઝ" જે દળદળ એ બાપુજી.
રટીને નામ માનું જ્યાં ધરીએ અંજલી "પરવેઝ"
હદયના ઉંબરે વહેતું જ ગંગાજળ એ બાપુજી.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ" (અમદાવાદ)

મળી શકે ના ફરીથી જીવવા
વીતી પળ એકાદ ?
આજ એ યાદ બની વરસાદ
એવું નો'તું તમે કદીયે
કાન નહોતો પકડ્યો !
"તમે સમજતા નથી મને "
કહી કેટલી વાર હું ઝગડ્યો !
આંગળીને હવે યાદ આવ્યો એ
હથેળીનો સંવાદ
આજ એ યાદ બની વરસાદ
તમે ઉકેલી ગૂંચ બધી
જે ગૂંચવી અમે ઉતરાણે ,
ગાંઠ પડ્યા વિણ સંતાનો સૌ
પતંગ ઉડાડી માણે
પતંગ હો કે જીવન
દીધી સમજણની સોગાદ
આજ એ યાદ બની વરસાદ
રખે ભરાયે , ઘરમાં ઉતરે
વર્ષારુતુનાં પાણી
કોને મારગ દેવો - રોકવો
સમય રહે લ્યો જાણી .
પાણી પહેલાં પાળ બાંધો તો
રહે નહીં ફરિયાદ .
આજ એ યાદ બની વરસાદ
વૃધ્ધ નહીં સમૃધ્ધ હતા તમે
વાત હવે સમજાણી .
યાદ આવતો હાથ એ માથે
આંખ આજ ભીંજાણી
હાથ મુકી સંતાનો માથે
કરીએ તમને યાદ .
તુષાર શુક્લ (અમદાવાદ)




## મારા પિતા

મારા રિયલ હીરો મારી ઈન્સ્પીરેશન
મારા અસ્તિત્વનું કારણ....
પિતા - પુત્રીનું ઋણાનુબંધ આમ તો બધા જાણે છે,
પણ તમારું મારા જીવનમાં, પિતા ! ઈશ્વર સ્થાન આવે છે.
અતિ વિકટ પરિસ્થિતિઓમાં પણએમણે વ્હાલ આપ્યું છે,
એ પિતાએ જરૂર પડયે, મને સાચું જ્ઞાન આપ્યું છે.
અમૃત -વિષના જીવન પ્યાલા એમણે પચાવી જાણ્યા છે,
એ જ છે સંસ્કારની ધરોહર, જે મારા કન્યાદાનમાં આપ્યા છે.
તમે જ છો મારા રિયલ હિરો,તમે કરુણાની મૂર્તિ,
તમારા વિના મારું જીવનહું કલ્પી નથી શકતી.
"ફાધર્સ ડે"ની ઉજવણી વર્ષમાં એક જ વાર આવે છે,
પણ તમારો સાથ મારા જીવનમાં રોજ આ ઉત્સવ લાવે છે
રોજ આ ઉત્સવ લાવે છે.

શ્ર?શિલ્પા શેઠ "શિલ્પ". (મુંબઈ)

## "પિતૃદેવોભવ"

પિતા જ એક પ્રૂફ છે બીજા પ્રૂફની ક્યાં જરૂર છે,
એજ હૈયાની હૂંફ છે બીજી હૂંફની ક્યાં જરૂર છે.
અહર્નિશ મળે આશિષ શુભાશિષની ક્યાં જરૂર છે,
પાંપણે પ્રેમ ટપકે બીજી ભીંસની કયાં જરૂર છે.
આભ કરતાંય ઉંચા બીજી ઉંચાઈની ક્યાં જરૂર છે,
નિર્મળ નીર નયનના બીજી સિંચાઈની ક્યાં જરૂર છે.
સજાવ્યા અમ જીવન બીજા વનની ક્યાં જરૂર છે,
ખભે રાખી દુનિયા દેખાડી બીજા ધનની ક્યાં જરૂર છે.
પિતા રામ, પિતા શ્યામ બીજા કામની ક્યાં જરૂર છે,
પાષાણ હૃદય પ્રેમ રૂઝતું બીજા નામની ક્યાં જરૂર છે.
પિતા પ્રભુ પિતા શંભુ બીજા બંધુની ક્યાં જરૂર છે,
પિતા પાસે હોય 'અમૃત' સાગરસંધુની ક્યાં જરૂર છે.

અમૃત શ્રીમાળી (મહેસાણા)

નિશ્ચિંત થઈને રહેતી પપ્પાની છત્રછાયામાં,
સ્વર્ગસમું ઘર લાગતું પપ્પાની છત્રછાયામાં.
પરોઢે વહેલાં ઉઠવું નિત્યક્રમ રહ્યો એમનો,
હું તો નિરાંતે ઉઠતી પપ્પાની છત્રછાયામાં.
આંગળી ઝાલી પપ્પાની ગર્વભેર હું ચાલતી,
આત્મવિશ્વાસુ બની પપ્પાની છત્રછાયામાં.
પપ્પા મારાં કર્મઠ ઘણાં સાથે નિયમબદ્ધ,
હું પણ મહેનતી બની પપ્પાની છત્રછાયામાં.
શિસ્ત અને સભ્યતાનાં પપ્પા આગ્રહી ઘણાં,
શિસ્તબદ્ધતા શીખી હું પપ્પાની છત્રછાયામાં.
શિવમહિમ્ન સ્ત્રોત ગાતાં બા સંગાથે પપ્પા,
ગમતું નિત સાંભળવું પપ્પાની છત્રછાયામાં.
સદેહે નથી રહયા છતાં સૂક્ષ્મરૂપે કાયમ છો,
સ્મૃતિઓ અકબંધ છે પપ્પાની છત્રછાયામાં.
પૂર્વી સુનીલ પટેલ. "ઈશાની"

## ન ફેડાય પિતૃઋણ ક્યારેય

થાકી જાય કરે ચિંતા આંખા ઘરની,થાય દુઃખી કુટુંબ માટે
,રડશે છાનાં ખૂણે,ન બતાવે આંસું પોતાનાં
કરે કરકસર,ન પૂરા કરે કોઈ પોતાનાં શોખ,
કહેશો મને કોણ છે?આ મહાત્માં
બાળકોમાં સંસ્કાર,શિક્ષણ,સ્નેહનું કરી સિંચન બનાવે તેમનું જીવન ઉન્નત
છોડ લાગણીનો નાનો,બને ઘટાદાર વડવૃક્ષ,ન જુએ દિવસરાત કરે તનતોડ મહેનત
ન હોય બીજુ કોઈ,આ તો છે ઘરનો મોભ,સહે ભાર પણ ન ઉણીઆંચ આવવા દે
કુટુંબને
'સ્વધા' કરે વંદન આ ઘરનાં મોભને,આ મોભ તે છે પિતા,કરે પિતૃવંદનાં.
'મા' ઘરની કરોડરજ્જુ તો બાપ છે મસ્તક ઘરનું,
જીવનરથનાં બે પૈડા,ચાલે નિરંતર,કરવાં રક્ષણ કટુંબનું.
'પિતૃદિન'પર કરૂં હું પિતૃવંદનાં,ન ફેડાય,ન ફેડાશે પિતૃઋણ ક્યારેય
શબ્દો ખૂટે,જીવન ઓછું પડે,પિતૃઋણ ચૂકવવાં,
આ તો જાણે સૂરજ સામે ધરવો દિવો,અપમાન સૂરજ દેવનું થાય.
પિતૃદેવો ભવ,સારા શુભ કાર્યમાં પૂજા પિતૃઓની થાય
,લઈએ આશિષ પિતૃઓનાં કામ સર્વ સફળ થાય થાય થાય
સુધા જે પુરોહિત 'સ્વધા' હોનોલુલુ (હવાઈ અમેરિકા)

## પિતા એટલે પિતા....

આજ શૈશવ સાંભળી આવતાં જ...સ્મરણ પિતાનું થાય છે.
ઘરની ચિંતા દૂર કરાવે એ પપ્પા. ખભેખભો મિલાવી સાથે દેખાય છે.

પોતે ભીનામાં સૂઈ, સૂકામા સૂવડાવે છે.
રાત'દિ ઊજાગરા વેઠી કમાયને ખવડાવે છે.

માથે ચડાવો, લાડ લડાવો એ મહેણા તારી મા મારે છે.
મૂંગે મોઢે સહન કરી બાળકોનું ભવિષ્ય વિચારે છે.

પેન્શનમાંથી લોન લઈ નાણાં પિતાજી ઉપાડે છે.
ભણાવી, ગણાવી પરણાવીને બાળકોનું ઘર બંધાવે છે.

ઘરનો તમામ બોજ ઉપાડવા ગધ્ધાવૈતરું કરે છે.
છોકરાઓને નોકરીમાં લગાવવા ગમે તેની લાગવગ લગાડે છે.

છોરું કછોરું થાય પણ માવતર કમાવતર થતાં નથી.
પિતાજી એકાંતમાં રડે તો પણ કોઈને ખબર પડવા દેતાં નથી.

મણિલાલ શ્રીમાળી 'મિલન' (અમદાવાદ)

## "પ્રથમ દેવ"

પપ્પા તમે અમારા પ્રથમ દેવ ,નિત્ય નમને દિપક પ્રજ્વલતું
કર્યું લોહીનું પાણી જિંદગીભર,'રહ્યા એ પપ્પા.

કર્યું છે હાડકાનું રોજ ખાતર,'રહ્યા એ પપ્પા.
પિતાજી ને પિતાશ્રી આ બધું કહેવું નથી ગમતું,

કરું પપ્પા જ સંબોધન નિરંતર,'રહ્યા એ પપ્પા.
કરી કાળી મજૂરી પેટે પાટા બાંધતા'તા આપ,

સહી દુ:ખો દીધું છે સુખ સદંતર,'રહ્યા એ પપ્પા.
ભલે આખું જગત ગાંડા કહે ઘેલા કહે છે પણ,

હું જોઉં આપમાં બસ ફક્ત ઈશ્વર,'રહ્યા એ પપ્પા.
નહી ચૂકવી શકું હું ઋણ સઘળું સાત ભવ સુધી,

થશે ના આ હિસાબો ક્યાંય સરભર,'રહ્યા એ પપ્પા.
અભણ છો ચાર પણ અક્ષર ભલે વાંચી નથી શકતા,

કર્યું મારા જીવનનું શ્રેષ્ઠ ઘડતર,'રહ્યા એ પપ્પા.
સદા આપ્યું જ છે, ને ક્યાં અપેક્ષા કાંઈપણ રાખી?

લીધું ના કંઈ જ સત્કર્મોનું વળતર,'રહ્યા એ પપ્પા.
ફ ક ત દીવાસળી સળગાવીને બીડીઓ નથી પીધી,

કર્યો છે 'દીપ' ઝળહળ મારી ભીતર,'રહ્યા એ પપ્પા.
દીપકસિંહ સોલંકી "દીપ" (આણંદ)

## યાદી તમારી

આંખ મિંચું ને તરે યાદો તમારી,
આવો તમે સ્મરણમાં તોયે ઘણું છે.

દોડી આવે વિચારોની વણઝાર લાંબી,
કરી જાવ છણકો મિઠો તોયે ઘણું છે.

કેવા સતાયા અમે તમને બાળપણમાં ,
હસીને મીઠી વાત કરીજાવ તોયે ઘણું છે.

થઈ આવો જીવનમાં લહેર એક પવનની,
ખભે હાથ પ્રેમનો દઈજાવ તોયે ઘણું છે.

કરીગયા ખુંણા ભીના અમારી આંખોના,
યાદોથી નવડાવી જાવ તોયે ઘણું છે.

છે, અંધારા હજુય દિલમાં અમારા પિતા,
અજવાળા પાથરી જાવ તોયે ઘણું છે.

રહેજો સદા વાસ કરી દિલમાં અમારા,
રહેશે સ્મરણમાં હસતા ચહેરા તમારા.

ગૌતમ જી. પટેલ.(અમેરીકા)

## પિતૃદેવો ભવ

અજબ ગજબ ની મહાન લીલા શુભ સંસ્કારની
માતૃ દેવો ભવ પિતૃદેવો ભવ ઓમ નમોઃ શિવાય,

દાંપત્ય જીવનમાં સંતાન કાજે સંસ્કારની અથક સેવા
સંસ્કાર બીના બાળક કદી ખીલે નહીં ઉપવનમાં,

રાત દી ચિંતા કરે દંપતી એના બાળકની ખીલવા કાજે
થાશે એક દિન એ મહાન ગુણવાન ચરિત્રવાન....,

પિતા બહુમૂલ્ય સારથી બને એના જીવનમાં
રાત દી ચિંતા કરે અર્થ ઉપાર્જન ક્યાંથી ભેગું કરું,

ભણાવું ગણાવું મારા બાળકને વિશ્વમાં નામ રોશન કરે

ગર્વ અનુભવું હું બાળક ગાજે મેં કાંઈ જતન કર્યું,
શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પાલનહાર બનવુ બાળકો કાજે
નમો નમો ઉદગાર હૃદય નીકળી આવે પિતૃ દેવો ભવ ...
પિતૃદેવો ભવ,
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' ઉદયપુર રાજસ્થાન

આંખો નીચે જે ટાણે કુંડાળા આવ્યાં
એ ટાણે આ આંખોમાં અજવાળાં આવ્યાં..!!
એકલતામાં જીવનભર ડૂબ્યા'તા તો પણ
અંતિમ ટાણે લોકોનાં બહુ ટોળાં આવ્યાં..!!
ભાવિનો સોનાનો સૂરજ ઉગ્યો ત્યારે
રડમસ ચહેરે અણઘડ ભૂતનાં ઓળાં આવ્યાં..!!
મેં દીધું'તું પાક્કું માપ છતાં પણ ઈશ્વર
તેં સીવેલા કપડાં આ બહુ પહોળાં આવ્યાં..!!
ગંગામાં ડૂબકી મારી'તી માથાલગ મેં
એમ છતાં પણ આંસૂ શાને ડહોળાં આવ્યાં..!!
થોડાં ઝાઝાં આવે તો વેઠી લઈએ પણ
દુ:ખતો જાણે મારા ભાગે બહોળાં આવ્યાં..!!

હિમાંશુ પટેલ"અદ્વૈત"(અમ્દાવાદ)

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




## બાપુજી

★★★★★

ઘરફળિયું, અને શેરી
રાબેતા મુજબ ચાલે છે.

ચોરો વાર તહેવારે યાદ કરતો
પાછો ચોવટ ચુગલીમાં

ખોવાઈ જાય છે પણ
રોજ સાંજે

ચોરાની ઝાલર ટાણે
ટાંપીને બેઠેલા કાનને

બાપુજીના ભજનનો
નાદ પડઘાતો નથી ત્યારે

હોઠોમાં મલકતા ઠાકોરજી
વિષાદમાં ડૂબી જાય છે!

પ્રીતમ લખલાણી (અમેરીકા)

## ....પિતાની પરછાંઇ....

પિતાની એવી પરછાંઇ, દુઃખોની ધૂપ નવ લાગે.
ફલકથી ઊંચા દિશે તે, પિતાની છત્ર છાંયા માં,

અમારા મનની આશા, સદા તે પૂર્ણતા આપે.
પિતાની એવી પરછાંઇ, દુઃખોની ધૂપ નવ લાગે.

ગગનના ગોખથી ઉતરે, સૂરજને ચંદ્ર, તારા તેજ,
બહેન છે ચંદ્રની છાંયા, તો ભાઈ કુળનો દિપક.

અમારી બાળ રમતોમાં, પિતાને હર્ષ ઉપજાવે.
પિતાની એવી પરછાંઇ, દુઃખોની ધૂપ નવ લાગે.

પિતાની આંખના તારા, અમે છે ભાગ્યવંત ભાંડુ,
વટ વૃક્ષની ડાળી પર, રચ્યો છે, સ્નેહનો મળો

તમારા પ્રેમ પર્ણ પર, ઝૂલ્યૂં છે, શૈશવ સઘળું.
પિતાની એવી પરછાંઇ, દુખોની ધૂપ નવ લાગે.

સમય તો સરકે છે વે'ણે, શિશુતા સરકી ગઈ એમજ,
યૌવનમાં પગ માંડ્યો ત્યાં, પિતાનો મિત્ર ભાવ પ્રગટે.
છલકતા તેના નૈનોમાં, કદિ કોઈ આંસુ નવ ભરશો,
કદિ કોઈ આંસુ નવ ભરશો, કદિ કોઈ આંસુ નવ ભરશો,
પિતાની એવી પરછાંઇ, દુઃખોની ધૂપ નવ લાગે.

કવિ શ્રી યોગેશભાઈ પંડયા ‘સ્વજન’ (જૂનગઢ)

## પપ્પા...

જવાબદારી નું, બીજું નામ, પપ્પા,
હસતાં ચહેરે, ભાર ઉપાડે, પપ્પા!

હૃદય પર ભાર પણ, મોં પર હાસ્ય,
હોઠો પર સ્મિતનું, કારણ છે, પપ્પા!

મકાનનું ચણતર, ‘ને આપણું ગણતર,
પાયો મજબુત, કરે છે, પપ્પા!

ખાલી ખિસ્સાં, ‘ને દિલ છલોછલ,
વરસાવે, પ્રેમ દુલાર, પપ્પા!

દીકરીને ગણે, દિલનો ટુકડો,
પરણાવીને, દિલને સમજાવે, પપ્પા!

નિર્મોહી મન ‘ને, સાદગી એમનો ગુણ,
સાહિત્યની “ચાહત” સંગાથે, નીખરે, પપ્પા!!

## બે પેઢીનુ અંતર

"નાત તેડાનું નોતરું આવે, જાતાં બીજે ગામ,
નાનાં મોટાં સાબદા થઈને હાલ્યાં જમવા કાજ.
બૈરા બૂઢાં ગાડે બેહે, બીજા હાલે વાટ,
હસતાં રમતાં ગાતા જાતાં અંતર ગાઉ બે ગાઉ"
"બાપુ ! એતો કેવું લાગે? કોશ ચાલીને જાવ;
અમથા ખાલી જમવા માટે નવરાઓનુ કામ!"
કાન માંડીને સુણતી ત્યારે ચિત વિચિતર વાત,
સરળ સાદા ગ્રામજનોમાં સૌનો હરખ સાથ .

ગાઉ ચાલુ છું એકલી, સુણું બાપુ તણી અનુમત,
“જન સમૂહની ખુશી વિના વાંઝણી આ કસરત.
સરયૂ પરીખ. (અમેરિકા)

## પપ્પા તમે.

ઘરનો તમે પાયો હતા, ચણતર હતા પપ્પા તમે;
સાચા અરથમાં ભાવભીનું ઘર હતા પપ્પા તમે.

ક્યારે હવે આવીશ? એ અક્ષર હતા પપ્પા તમે;
વરસાવતું બહુ સ્નેહ એ અંબર હતા પપ્પા તમે.

રોજે ગણિત -વિજ્ઞાન શીખવતા ને દુનિયાદારી પણ;
મારું ખરું ભણતર અને ગણતર હતા પપ્પા તમે.

સંતાનને ના બીક હો તો શિસ્ત ને ઘડતરનું શું?
કડકાઈ તેથી, પણ ઋજુ ઝરમર હતા પપ્પા તમે.

સગપણ અધૂરાં, ઘર અધૂરું, ક્યાં તમે છો એ કહો?
સંબંધ સાચવવા બધાં, તત્પર હતા પપ્પા તમે.

મમ્મીની નજરોથી હવે ' શ્વેતા' જુએ તો શું લખે?
આખું ભરેલું પ્રેમનું સરવર હતા પપ્પા તમે.

શ્વેતા તલાટી (વડોદરા)

## માઈક્રોફિક્શન

## શીર્ષકઃ ઘર

"અર્પિતા, મારે આજે ઓફિસથી આવતાં મોડું થશે. મારી રાહ ના જોઈશ. જમી લેજે. મકાન માલિક ભાડું લેવા આવશે. મેં પૈસા અલગથી કબાટમાં મૂક્યા છે.આપી દેજે."
અર્પિતાએ અવાજ તરફ નજર ઘૂમાવી.અથર્વ હાથમાં બેગ સાથે ઓફિસ જવા તૈયાર ઊભો હતો.

અર્પિતા તેનાં એક વર્ષનાં બાળક સાથે રમી રહી હતી.પત્તાંની કેટમાંથી પત્તાં ગોઠવીને ઘર બનાવવા પ્રયત્ન કરી રહેલી અર્પિતાને બાળક કૂતુહલથી નીરખી રહ્યું હતું.ઘરની બનાવટ માટે અર્પિતાએ છેલ્લું પત્તું ગોઠવ્યું. આખું ઘર બની ગયેલું જોઈ ને બાળક ખુશીથી તાળીઓ પાડી ઊઠ્યું.અર્પિતાની આંખો પણ આનંદથી ચમકી ઊઠી.

અથર્વએ બંનેની તરફ પ્રેમાળ નજર નાંખી.અર્પિતા અને વ્હાલસોયા બાળકની નિર્દોષ રમતમાં સહભાગી થવાની પ્રબળ ઈચ્છાને રોકી અથર્વએ ઓફિસ જવા પગ ઉપાડ્યાં.
ભાડાંનાં ઘરમાં રહેતાં અથર્વએ પોતાનાં બાળક માટે પત્તાંનું નહીં, પોતાની માલિકીનું ઘર બનાવવાનું હતું.

ઈશ્વરી ડૉક્ટર "ઈશ"(અમદાવાદ)

## "પપ્પા કહું કે ભગવાન!"

મારા કહ્યા પહેલાં મારી હરેક વાત સમજી જતા !
મને નાજુક ફુલની માફક પંપાળીને રાખતાં !

મારા ડગલે ને પગલે મને સંભાળતા !
હું જો ક્યાંય ભટકું તો સાચી રાહ બતાવતા !

મારા પર દુઃખનો ઓછાયો પણ પડવા ન દેતાં !
પોતે સઘળાં દુઃખનો ઓછાયો એકલાં જીલતા !

કોઈપણ મુસીબત આવે એકલા હાથે લડતાં !
ઘર ઉપર ક્યારેય પણ મુસીબત આવવા ન દેતાં !

મારા સુખની મારા કરતાં પણ વધુ ચિંતા કરતાં !
પોતાના સુખની પરવા એતો ક્યારેય પણ ના કરતાં !

મને આટલું સુંદર જીવન આપ્યું છે જેમણે !
પપ્પા કહું કે, પછી કહું ભગવાન એમને !!

દયા કંટારીયા "મીરાં"(જુનાગઢ)

પિતા છે દરેક પરિવારનો વડલો, શીતળ છાયા લહેરાવે છે,
સંતાનોનું યોગ્ય જતન કરીને, ખાનદાનીના પાઠ ભણાવે છે,

સંતાનોમાં સંસ્કારનું સિંચન કરીને, ઉચ્ચતર અભ્યાસ કરાવે છે,
ખૂબ ભણાવી વ્યવસાયે લગાડીને, સંતાનોને પગભર બનાવે છે,

પોતે મુશ્કેલીઓ સહન કરીને, સંતાનોના સપનાઓ પૂરા કરે છે,
દીકરીઓની સાસરે વળાવીને, પુત્રને ઈચ્છા મુજબ પરણાવે છે,

સંતાનો જ્યારે મૂંઝાય ત્યારે, પોતે ઢાલ બનીને રક્ષણ કરે છે,
સંતાનોના સુખની ખાતર પિતા, દિન-રાત ચિંતામાં વીતાવે છે,

પિતા કુટુંબનો આધાર સ્તંભ છે, જેના થકી સંતાનો ઉજાગર છે,
"મુરલી" પિતાને દેવતા માનીને, તેમના ચરણમાં શીશ નમાવે છે.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

## 'પિતૃદેવોભવ '

"પ્રથમ દેવ"

પપ્પા તમે અમારા પ્રથમ દેવ ,નિત્ય નમને દિપક પ્રજ્વલતું
પપ્પા આપ હતા ત્યારે બધું જીવન નિત્ય નિયમ થી ચાલતું.

હજીય આજે ઉગે છે સૂર્ય - ચંદ્ર તેજોમય તારલા આકાશે,
પડતા એ કિરણ રાત-દિવસે સઘળા આવા ગમન માં વિહર્તું

આસૃષ્ટિ જાણે રિસાય ને બેઠી છે વર્ષોથી તમારા ગયા પછી,
તમારા વગર મૃદુમય હસતું-રમતું એ સુખમય જીવન રિસાતું.

હજીયે યાદો તાંજી છે મમ સ્મરણ પટ પર તમ સંગે જે વીતી,
નથી કશુંય હજી ભૂલી શક્યા જીવન માં જે વૈવિધ્ય મલકાતું.

વહે અશ્રુ ધારા આંખે થી સતત આજે પણ અવિરત અમારી,
મળે છે સર્વત્ર સિંચન પણ તમારા વગર આ જીવન કરમાતું.

'કમલ' કહે વંદન કરતા સર્વ પિતૃદેવ કર્યું કૃતાર્થ સદા મંગલમ્,
સકલ સૃષ્ટિ પર કરજો અમી દ્રષ્ટિ ચરણામૃત રૂપે ઝગમગતું.

કમલેશ.વી. પરીખ (બોડેલી -વડોદરા)

## ★★પિતૃદેવો ભવ★★

પિતા જ છે મારી છત્રછાયાને
પિતા જ છે મારા રક્ષક.

પિતા જ છે મારા શુભચિંતકને
પિતા જ છે મારી પ્રેરણા.

પિતા જ છે મારા આદર્શને
પિતા જ છે મારા પાલનહાર.

પિતા જ છે મારા ગુરુને
પિતા જ છે મારા સૌથી પ્રિય મિત્ર.

પિતા જ સમજે છે મારી લાગણીઓને
પિતા જ સમજે છે મારી વેદના.

પિતા જ સમજે છે મારી વિટંબણાને
પિતા પાસે જ છે મારી,

સર્વે વિટંબણાઓનો ઉકેલ.
પિતા જ છે મારુ પીઠબળને

પિતા જ છે મારી દુનિયા.
વિશાખા કલ્પિત ભટ્ટ (અમદાવાદ)

શિર્ષક :-

## પપ્પાનું હૃદય -

મારું જન્મસ્થાન
ગર્ભમાં ધારણ કરી હતી મને મમ્મીએ,
હૃદયમાં ધારણ કરી હતી પપ્પાએ.
સપનાઓ સજાવ્યા હતા સપ્તરંગી,
મનના કેનવાસ પર લાગણીઓની પીંછીએ.
વરસાવતા રહ્યાં સદૈવ મારા માટે આશિષ,
ઝંખના એક જ,કે દીકરી ઉન્નત રાખે એમનું શીશ.
ઉછેર સદાય ઉત્તમ આપવાની કોશિષ,
શીખવ્યું કે ના કોઈને ડરાવીશ કે ના કોઈથી ડરીશ.
જરૂરિયાતો ઘટાડી પોતે પૂરા કર્યા મારા કોડ,
મહેનત અને લગનથી આદરી જીવન દોડ.
પોતાના પરસેવાથી સીંચતા રહ્યા મારો જીવન છોડ,
એક જ વાત શીખવી કે પરિશ્રમનો નથી કોઈ તોડ.
દીકરા - દીકરીમાં ભેદ કદીય ના કીધાં,
બંનેને આંખોના રતન માની લીધાં.
કડવા ઘૂંટ દુનિયાના પોતે છે પીધાં,
મારી પર ભેદભાવના ઓછાયા પડવા દીધાં.
મારા જીવનનો પહેલો પુરુષ પ્રેમ આપ્યો,
આદર્શ પિતાનો ગુણ મારા મનમાં સ્થાપ્યો.
હસતાં - હસતાં સંઘર્ષોભર્યો પંથ કાપ્યો,
' ખુદમાં રાખજે શ્રદ્ધા ' એ જીવનમંત્ર આપ્યો.

અલકા નવિનચંદ્ર મહેતા(ગાધીનગર)

પિતા છે તો જગત આસાન છે
પિતા વિના ઝંઝાવાતિ આકાશ છે

પિતાની છત્રછાયા અમૂલ્ય ભેટ છે
તે છે તો જગતમાં મારી પહેચાન છે

માર્ગદર્શક છે સમસ્યાનું સમાધાન છે
જગતને પામવાની તે મારી ઉષ્મા છે

જીવનમાં તે છે તો બધું આસાન છે
તમારી હાજરી પિતાશ્રી મારી ઉષ્મા છે

**Fathet da**અનો આજે દિવસ મનાવે છે
પિતાશ્રીના તો હર દિન ઉત્સવ સમાન છે

મારા માટે ત્યાગની મૂર્તિ બધું અપાવે છે
પિતાશ્રી છે તો જીવન આસાન છે

## પિતા....

સાદ કરું ત્યાં આવી ચઢે...
પગલે પગલે ડગલાં ભરે સંગાથે...

ધરતીના રસકસ તા ભારે રસ્તે...
ટેરવાં ની હૂંફ નું આપતા સુખ...

જ્ઞાન ગૂંચ નાં ભારે આંટાફેરામાં...
સમજણનું પોથી પુસ્તક આપતા...

કુતુહલે ભળતી સ્મૃતિ બંધનમાં...
બાથ ભરીને અટકાવતા ભ્રમમાંથી..

. ચીમરાતા કાળના છેલ્લા ઓછાયે...
સતત સંચરે આસપાસ પડછાયે... ....

ભાવીકા વ્યાસ ‘ભાવિ’ (જુનાગઢ)

## મારા પિતા જેવુ કોઈ નહી

દુનિયાનું સૌથી ભારે શબ્દનું માન ધરાવતું એટલે “બાપ”
આંખથી અમી અમ પર વરસાવ
તા. થાય જો મોડું તો સામે લેવા આવતા.
શીતળ છાંયે બેસાડી પોતે તપ
તા રે બહાર કઠોર અંદરથી કોમળ એ પિતાજી મને કેમ વિસરે.
મારા પિતા મારા માટેનુ છે માન
મારા નામ પાછળ પિતાનું નામ
આજ નથી રહ્યા તમે યાદ આવે મને.
તસ્વીરને પુષ્પનો પહેરાવું હાર
શિયાળે ધુ?જતા ઉનાળે તપતા ચોમાસે ભીંજાતાં.
ને કરી મહેનત ખૂબ કદી ન માગ્યો વેદનાનો ટેકો સહજ
રડ્યું હદય ચુપ ચાપ આંખોને હસ્તી રાખી સદાય.
સંઘર્ષ શબ્દનો અર્થ પોતાના પિતા પાસેથી શીખો અને સમજો
તેમના આર્શિંવાદ થી જ આપને દરેક ક્ષેત્રમાં સફળતા મળે છે
આ સંસારમાં આપણા માટે ભગવાનનું જ રુપ છેપ

રેખા નાકરાણી (નવી મુંબઈ)

NOG
સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




સાહિત્ય સંગીતનું વિશ્વ
sahitya sangeet nu vishwa

દુનિયામાં મારું આગમન,એ રોમાંચક ઘટનાના સહભાગી

મારાં પિતા. મારાં આગમનનીને
માતાના ક્ષેમની, ચિંતાગ્રસ્ત મનથી
પ્રાર્થના કરતાં મારાં પિતા.
મારો પહેલો ઉચ્ચાર ,મારું પહેલું ડગલું ,પા-પા-પગલી
જેવી રોમાંચક ઘટના ,
મારી માએ મોકલેલ
પત્ર વાંચીને
સંતોષ માનતા મારાં પિતા.
દૂર છતાં મને પાસે અનુભવી
ખુશ થતાં મારાં પિતા.
મારાં અરમાન પૂરા કરનાર મારાં પિતા.
હું આજે જે કંઈ છું
મારાં પિતાના યોગદાન વગર શક્ય જ નથી.
હયાત ન હોવા છતાં સાથ અનુભવું છું પિતાનો,
રોજેરોજ પિતાને યાદ કરીને.
પિતૃ દિનની શુભેચ્છા,
જગતપિતા સહિત સર્વ પિતાને.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા (બિલિમોરા)

---

બધુંજ કરી શકે, પણ પપ્પા જાહેરમાં રડી ન શકે
સમંદર તરી શકે, પણ પપ્પા જાહેરમાં રડી ન શકે
તડકા છાયા તોફાન વરસાદ તેમને અસર ન કરે
દુનિયા સામે લડી શકે, પણ પપ્પા જાહેરમાં રડી ન શકે
જરૂર પડે સંતાનના ભવિષ્ય માટે, હાથ લાંબો કરી શકે
બંધ બારણે ભાંગી પડે, પણ પપ્પા જાહેરમાં રડી ન શકે
ઉજાગરા કરવા, તો પપ્પા માટે સાવ નાની સુની વાત
બે પાંચ રાત જાગી શકે, પણ પપ્પા જાહેરમાં રડી ન શકે
ને કન્યા દાન વેળાએ, હસતું મુખ રાખી શકે પપ્પા
ડૂસકાં સંતાડી શકે, પણ પપ્પા જાહેરમાં રડી ન શકે

જયકિશન દાણી (બોટાદ)

## કે હેતે અર્પું હું ફૂલછાબપ

ખળખળ વહેતાં ઝરણાં અમે, તમે પિતાજી પહાડ
જગ વાવાઝોડાં ઝીલ્યાં તમે, દઈ સાવજસી દહાડ

- કે હેતે અર્પું હું ફૂલછાબ

પવન તમે ને માત ફૂલડું, મળી આંગણે વસંત
રૂક્ષ દીસતા ચહેરા ભલે, હસી ખુશીના સંગ

હૈયે જડીયાં મોટાં ખ્વાબ, કે હેતે અર્પું હું ફૂલછાબ
તિમિર વેદના વેઠી ઉરે, ધરી સુખની છાંય

થઈ ગયા મોટા અમે કેમના, ન જાણ્યું કદી જદુરાય
દેવ પ્રગટ તમે છો તાત! કે હેતે અર્પું હું ફૂલછાબ

ઘરઘર ઉજળાં તમથી મોભી, ગદગદ લાગું જ પાય
ચક્ષુ અમારા ચરણો ધૂએ, સમરું સ્નેહ તણા એ દાન

ગાજે મન અંબરે રૂઆબ! કે હેતે અર્પું હું ફૂલછાબ
કવિ- રમેશ પટેલ( આકાશદીપ)- અમેરીકા

## શીર્ષક- પિતા
## છંદ-શિખરિણી...

રહો ઊંચા શિરે,અડગ મનથી આગળ વધો,
પતંગા-શા ઝૂલો ,સુભગ હદયે કાયમ તમે.
નીતિમત્તા રાખી,સતત કરથી દાન કરવા,
ધરી કાને વાતો,સુલભ બસ શ્રોતા થઈ જજો ,
ન તૃષ્ણાને ઓઢો, જપ તપ થકી શ્વાસ ભરજો.
તસુ શોભે ના ભૈ, અહમ્ નિજની નામ તકતી,
ગમે છે મુને તો અવર સુખના કામ કરવા,
કસોટી જો થાયે,વિપત વખતે હામ ધરવી.

ખુમારીથી જીવ્યો, નવ હું ડરતો કોઈ પળથી,
નઠારે ને સારે ! સહજ સમ થૈ જીવવું ગમે.
તપીને બેઠો છું, સૂરજ સમ આજે જગ મહી,
જીવી જાણ્યું છે મેં,સહજ મનથી વ્હાલ કરતા.
મને ફાવે ના એ, ભીંત ઉપર સ્હેજે લટકવું,
હું તો છું સંન્યાસી , ગગન ઘનમાં ખૂબ વિહરું.

પારુલ બારોટ. (અમદાવાદ). .

## શ્વાસ....

કવિતાનું ચોસલું લઈને, ઘરેથી નીકળું છું,
સાત મિનિટના રસ્તે આવેલાં સ્ટેશન પર,

પહોંચતાં, ટ્રેનમા ચડતાં, કોઈ પ્રવાસીના,
નીતરતા પસીનામાં, એ ઓગળી જાય છે;

પછી તો કોઈકનો ઉચ્છવાસ એજ મારો શ્વાસ બની જાય છે!
ધોમ બપોરની ઉગ્રતામાં, રહ્યાં સહ્યાં સ્પંદનોનો

રંગ, બળીને રાખ થઈ જાય છે. ફરી ટ્રેન પકડું છું,
ડોર બેલ વાગવાની, પ્રતિક્રિયામાં,

દરવાજો ખૂલતાં, મારી સોળષી પુત્રીના સ્મિતમાં,
ઊંબરનો ડુંગર ઓળંગી જાઉં છું. પત્નીના હાથેથી, સભાન પણે

સ્પર્શીને, પાણીનો ગ્લાસ લઉં છું, ગટગટાવું છું, પાણી, ત્યારે
ફરી કવિતાના અંકુર ફૂટે છે, ને હું મારા શ્વાસ લઉં છું.

કીશોર વ્યાસ (અમ્દાવાદ)

## ★પિતૃ દેવો ભવ★

હોય ના દિવસો ખરેખર બાપના,
બાપ છે તો દિવસ રૂડા આપણા.

છાંયડો માથે નથી, એને પૂછો,
લાગતા કેવા ઝપાટા તાપના?

જગ બતાવ્યું લઈ ખભા પર જેમણે.
ચૂર સપનાં ના કરો એ તાતનાં.

એક દિન શું ઊજવો છો બાપનો?
એમનાથી આપણી છે નામના.

આપણો છે, જે પુરાતન વારસો,
નષ્ટ ના થઈ જાય એવી કામના.

જલ્પા પંડ્યા દવે 'જલરંગી' (વડોદરા)

## કરુણાનો છે સ્ત્રોત ,

સતત દેતું એ સુરક્ષારૂપી કવચ,
કર્તવ્યનિષ્ઠ પ્રણેતા જે ,

સંસ્કારોનો અખૂટ એ દરિયો,
નિષ્ઠાભરી કાર્યશૈલીનો છે ભંડાર,

હદયનું એક એવું કેન્દ્રબિંદુ જ્યાં હંમેશ વહે પ્રેમ,
કાળજીમય મમતાભર્યો સ્નેહ જેમણે ધારણકર્યો છે એ
પિતૃત્વ મહીં પિતા...

કલ્પના એમ. ભગરિયા કલ્પ (રચનામૃત)

---

પરિવાર માટે એ છે સૂરજ સમાન મારા પિતા છે મારું ગુમાન
પૂરા કરતાં સ્વજનોના અરમાન જેમનાં થકી માતની સદાય શાન
પરિવારના સુખ કાજે કરતાં સંઘર્ષ દીકરી જન્મે આંખોમાં અતિ હર્ષ
સ્વયં માટે જીવતાં ના એકેય વર્ષ શાતા અર્પતો એમનો સ્નેહાળ સ્પર્શ
આંખોમાં આંજે પરિવારના સુખનું અંજન અભિલાષા દાબી પરિવારને આપે રંજન
પરિવારમાં આવતાં કષ્ટોનું કરે છે ભંજન એ છે તો લાગે જીવન એક મીઠું વ્યંજન
દીકરીના સપનાંઓનું મીઠું સ્પંદન દુ:ખમાં પિતા જાણે રાહત દેતું ચંદન
જેની શીળી છાયામાં જીવન લાગે નંદન એવાં પિતાને કરું ભાવથી હું વંદન
અલ્પા શાહ (મુંબઈ )

## ફાધર્સ ડે:

બાપુજી કહું, પપ્પા કહું, કે પછી બાપ કહું,
તમે થી સંબોધું કે પછી તમને હું આપ કહું?
રાહ સાચો ચીંધતી વેળાનો તમારો એ મિજાજ,
છૂપાયેલ સૂર્યની શીતળતા કે પ્રજ્જવલતો તાપ કહું?
શિખરે બિરાજમાન નથી તો સાવ તળિયે પણ નથી,
આ થોડીઘણી સફળતાને હું આપનો જ પ્રતાપ કહું.
અજાણતા કોકવાર દિલ દુભાવ્યું હશે આપનું,
આ રચનાને હું એ કરેલ પાપનો પશ્ચાતાપ કહું.
દુનિયામાં આગમન તમ દેવતાના આંગણે 'મુકેશ',
પૂર્વજન્મમાં કરેલ મારા મંત્રોચ્ચાર અને જાપ કહું.

મુકેશ પરીખ. (ન્યુ જર્સી, યુ. એસ. એ.)

## ★ પપ્પા★

પપ્પા એટલે પાવનધામ, પપ્પા એટલે મજબૂત ચટ્ટાન,
પપ્પા એટલે માથેનું છત્તર ને, પપ્પા એટલે આખુંય મકાન.

પપ્પા એટલે પાવનધામ... પપ્પા એટલે મજબૂત ચટ્ટાન
પપ્પા એટલે અભિમાન મારુ , ને મારામાં વસે એના પ્રાણ.

થાકીને હું હારું જ્યારે જ્યારે, પપ્પા દેતા હૈયાની હામ.
પપ્પા એટલે પાવનધામ . પપ્પા એટલે મજબૂત ચટ્ટાન

પપ્પા એટલે બીજું તો શું કહું વધારે?, પણ બસ પપ્પા એટલે મારી જાન.

નામની પાછળ જ્યારે લાગે એનું નામ, ત્યારે વધી જાય છે
મારી શાન.

પપ્પા એટલે પાવનધામ.. પપ્પા એટલે મજબુત ચટ્ટાન
પપ્પા એટલે રીયલ હીરો મારા સુરક્ષાનું સૌ પહેલું એ મારું સ્થાન.

ખુદની ખુશીઓ ભૂલી જઈ એ, પૂરા કરે મારા સૌ અરમાન
પપ્પા એટલે પાવન ધામ... પપ્પા એટલે મજબૂત ચટ્ટાન.

નિધિ મહેતા 'ખુશી' (અમદાવાદ)

તમારી ખુમારી ફરી ફરીને યાદ કરીએ
અમે બંધુ સર્વે સહજ વાતે સાદ કરીએ.
તમે જે આપેલું જીવન સુખમય સ્વચ્છ સુંદર
પ્રસંગો,ઘટનાઓ,ગત સમયમાં આજ સરીએ.
ઢીલા થઈને લેતા શરણ સિંહ જેવા તમે પણ
ફરી ઊભા થાતા અકળ બળથી આ સમરીએ.
વ્રતો ને નિયમોમાં અટલ અવિચલ જે હતી તે
તમારી એ નિષ્ઠા અમ જીવનમાં શીઘ્ર ભરીએ
તમારો ગુસ્સો પણ અમને ઘડનારો હતો એ
ઘડાઈ પાકા થઈ જગત મધ્યે આજ ફરીએ.

હરીશ દાસાણી.(મુંબઈ)

લાગણીનું જે સરોવર છે,જેમના પાસે વહાલની ધરોહર છે,
ઈશ્વર સમાન સ્વરૂપ મનોહર છે, એવા આપને વંદન પિતાજી.

જવાબદારી ખંતથી નિભાવી,લાગણીઓ ક્યારેય ન દુભાવી,
આંખોથી હેતની હેલી વરસાવી, એવા આપને વંદન પિતાજી.

કેવા લાડકોડથી ઉછેર્યા,અરમાનો અંતરના સઘળાં પૂરા કર્યા,
તસવીર જોઈ અમારા હૈયા ઠર્યા, એવા આપને વંદન પિતાજી.

જીવનને જિંદાદિલીથી જીવ્યું, સમયની સાથે ચાલતા શીખ્યું,
વ્યક્તિત્વ સોહામણું સહુને ગમ્યું, એવા આપને વંદન પિતાજી.

વિદાય ટાણે કાળજાં પીગળ્યાં,ઉંબરો ઓળંગી અમે નીકળ્યાં,
આંખે હરખ ને આંસુના ટોળાં વળ્યાં,એવા આપને વંદન પિતાજી.

જીવનદાતા છો, ભાગ્યવિધાતા છો, તમે દરેક ખુશીના દાતા છો,
દીકરીના નસીબના દુ:ખહર્તા છો, એવા આપને વંદન પિતાજી.

દિપાલી કોઠિયા 'સ્પર્શ.'(ગાધીનગર)

---

ચહેરે હંમેશા ગુલાલ રાખે છે, પપ્પા, ખિસ્સાંમાંએક રુમાલ રાખે છે.

છાને ખુણે કોઈ મુકી રાખ્યો છે પપ્પાએ લાગણીનો થેલો,
ઈચ્છાના ઓરતા ચોખ્ખાચણાક ને પપ્પાનો હાથ સાવ મેલો,
ઘરનાં દીવાને અજવાળું આપવા ખુદ છાતીએ મશાલ રાખે છે
પપ્પા, ખિસ્સાંમાંએક રુમાલ રાખે છે.
ઘરની દીવાલોને ખભ્ભે ઉપાડીને દોડે છે તડકાનાં દેશમાં,
નસ નસમાં વ્હાલપનાં ઝરણા ફૂટે તોયે પ્રગટે છે રુદ્રના વેશમાં,
કાણા ચપ્પલમાં લીલેરુ વ્હાલ રોપી સૂરજ સામે જાણે ઢાલ રાખે છે.
પપ્પા, ખીસ્સામાં એક રુમાલ રાખે છે.
લોચનમાં ફાટફાટ ઉના નિસાસાને પાંપણોમાં કેદ રાખે આંસુ,
ઉપરથી કાળઝાળ રેતીનો દરિયો ભીતરથી લથબથ ચોમાસું,
જીવતરના ફળિયાંમાં સપનાઓ વાવીને પપ્પા સૌને બસ ન્યાલ રાખે છે.
પપ્પા, ખીસ્સામાં એક રુમાલ રાખે છે.
પપ્પા તો આંગણે ટહૂંકાઓ ચીતરેને માળામાં ચીતરે કલશોર,
પપ્પાના સ્પર્શથી મહેંકી ઉઠે છે જાણે ફુલો થઈ કાંટાળા થોર,
ટેરવાંમાં પપ્પા સુગંધની મઘમઘતી એવી ટપાલ રાખે છે.
પપ્પા, ખિસ્સાંમાં એક રુમાલ રાખે છે.

શૈલેષ પંડ્યા... નિશેષ(જામનગર)

## પિતૃ દેવો ભવઃ

પિતા તણા ઉપકારનો બદલો કદી વળશે નહીં,
મળશે ઘણું આ જગ મહી, પિતા કદી મળશે નહિ.

કરવા સવારી બાળને પિતા કદી ઘોડો બન્યા,
ખંભે બેસાડી લાડથી પુત્ર તણા સૌ કોડ પૂર્યા,

સંસાર હો કે સ્વર્ગ હો જોટો એનો જડશે નહિ, મળશે ઘણું...
છુપાવી દિલે લાગણી ચહેરા મહી કપરા બન્યા,

સંતાનોને અર્પી જીવન એ સુખથી અળગા રહ્યા,
આ બાપ તણું પાત્ર બીજું જગ મહી બનશે નહીં, મળશે ઘણું...

આજ્ઞા મહી રહેજો એની ને હૈયું એનું ઠાળજો,
એના જ એ ચહેરા મહી ઠાકરધણીને ભાળજો,

પિતૃત્વ સરીખો પ્રેમ બીજે ક્યાંય પણ વરસે નહિ, મળશે ઘણું...

શાંતિલાલ કાશિયાણી " શાંતિ "(ધ્રોલ)

## 'હસુ' શોધે પપ્પાને

ભોળા ભોળા પપ્પાજી, તમારી જગમાં ના હોય જોડજી;
તમે પૂરો અમારા કોડજી, હો ભોળા ભોળા પપ્પાજી.

નિત્ય આરતી કરતાજી, સવારે ગીતા વાંચતાજી;
દરરોજ મંદિર જતાજી, હો ભોળા ભોળા પપ્પાજી.

માથે ટોપી પહેરતાજી, કપાળે ચંદન લગાવતાજી;
સોનાના બટન પહેરતાજી, હો ભોળા ભોળા પપ્પાજી.

વહેલી દુકાન ખોલતાજી, જાતે જ સફાઈ કરતાજી;
ચોપડા જાતે લખતાજી, હો ભોળા ભોળા પપ્પાજી.

કુટુંબ પસંગોમાં પહેલા નંબરેજી, બધી ટપાલ જાતે લખતાજી;
સતત બીડી ચાલુ રાખતાજી, હો ભોળા ભોળા પપ્પાજી.

આજે નથી મારા પપ્પાજી, હું એકલો એકલો રડતોજી;
તમારો હસુ તમને શોધતોજી, હો ભોળા ભોળા પપ્પાજી.

હસમુખ બી.પટેલ 'હર્ષ' 'પરખ' (અમદાવાદ)

## ★મારા લાડકવાયા પપ્પા★

પપ્પા તમે છો, ખૂબ સ્નેહાળ.
પપ્પા તમે છો, એકદમ પ્રેમાળ.

કાયમ હસતાં રહેતા અને દિલદાર,
એકદમ નિખાલસ અને મિલનસાર.

તમારું વાત્સલ્ય ને નિઃસ્વાર્થતા,
તમારી સહિષ્ણુતા ને સરળતા.

સોનામાં સુગંધ, એવું સૌમ્ય સ્મિત,
જીવન જીવવાની સકારાત્મક રીત.

પહેલીવાર, તમને રડતાં જોયા,
પપ્પા, મારી સાસરે વિદાય વખતે.

પપ્પા, તમે છો મારા લાડકવાયા,
આશિષ દો, બનું તમારી જ છાયા.

★સ્વાતિ શાહ (Dil ni Abhilasha ) (મુંબઈ)

## મારા પપ્પા..

તમારા કાર્ય, એક પ્રેરણા, તમારુ જીવન, એક ભવ્ય કલા..
પપ્પા.. સવારના પ્રથમ પ્રકાશથી સાંજના સૌમ્ય રંગ સુધી..
પપ્પાનો શ્રમ, તેમનો પ્રેમ, હંમેશ માટે ચમકતો રહે છે.
મુશ્કેલીઓના તોફાનો માં, તેમની ભાવના હંમેશ માટે ઉંચી રહી,

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"

NOG
સાહિત્ય સરિતા ગ્રુપ




સાહિત્ય સંગીતનું વિશ્વ
sahitya sangeet nu vishwa

દરેક અવરોધ પર વિજય મેળવ્યો, દરેક વિજય જીત્યો,
તેઓએ મને બતાવ્યું કે મુશ્કેલીઓ માંશું કરી શકાય છે.
પપ્પા અમારા માર્ગદર્શક પ્રકાશ,
પપ્પા તમારા પ્રેમ અને તમારા શ્રમમાં,
અમે અમારી શક્તિ શોધીએ છીએ.
પપ્પાનું કાર્ય, તેમનું જીવન, નકશો, માર્ગદર્શિકા,
દરેક પગલામાં, પપ્પા મારી પડખે છે.
આ ફાધર્સ ડે પર, હું પ્રેમની અભિવ્યક્તિ કરું છું,
પપ્પા તમે અમારા હીરો છો, દરેક રીતે.

કાર્તિક પંચાલ (ભરૂચ)

## પપ્પા મારા

પાઈ પાઈ બચાવી એ જ તો ભણાવે છે.
પપ્પા મારા ક્યારેય એ વાત જણાવે છે?

ફાટેલા પ્હેરી મારા માટે નવા લઈ આવે છે.
પપ્પા મારા ક્યારેય મને જૂના પહેરાવે છે?

એક ટંક ભૂખ્યા રહી સાંજે કંઈક લાવે છે.
પપ્પા મારા ક્યારેય મને ભૂખ્યો સુવડાવે છે?

સાઈકલને પેડલ મારી નવું બાઈક છોડાવે છે.
પપ્પા મારા ક્યારેય મને એટલું ચલાવે છે?

દેવું કરીને એ જ તો મને ઘોડીએ ચડાવે છે.
પપ્પા મારા ક્યારેય મને આ બધું બતાવે છે?

ભાવિક મકવાણા 'ભાવલો' (પાદરા, વડોદરા)

## ફાધર્સ ડે'. પિતૃ દેવો ભવઃ.

જ્યારે હું ઈશ્વર સામે બેસું, કે તરતજ મારા પિતાને નજરે પાઉં,
હવે ઈશ્વર પાસેથી પાછાં ધરા પર, પિતાને હું કેવી રીતે લાઉં?

એવી પણ શું ઉતાવળ હશે ઈશ્વરને? પિતાને સાથે લઈ જવાની,
રાહ પણ ન જોવા દીધી એવી, કે હું થોડીક એવી મોટી તો થાઉં!

ઘણી વાર વિચારું, હશે કેવું? પિતાનું કદ, કાંઠી અને અવાજ,
હવે એ મીઠી નજર અને પિતાનો પ્રેમ, પાછો ક્યાં જઈને પાઉં?

કદાચ વધારે જરૂર હશે ઈશ્વરને? પિતાને ક્યાંક બીજે મોકલવાની
એટલે તાકાત પણ આપી ઈશ્વરે, કે હું હસ્તા જ જીવન જીવી જાઉં!

યાદ હજુયે એટલી જ સતાવે, કે પિતા હોત તો જીવન કેવું હોત,
વિચાર્યું કે હવે ભૂતકાળ ભૂલી, વર્તમાનમાં જીવતા શીખી જાઉં!

શોધ્યો ઘણો "શ્યામ દિવાની" એ, જઈ સગા સંબંધીના ઘરે,
છતાંય ક્યાંય ન મળી યાદ, હવે ફોટો પિતાનો ક્યાંથી લાઉં?
વનિતા પાંભર. "શ્યામ દિવાની" (જામનગર)

## મારા પપ્પા

માના ગયાં પછી એકલા પડી ગયા મારા પપ્પા,
હવે અમારી પણ મા બની ગયા મારા પપ્પા.

ધ્યાન રાખવાની ફરજ હતી અમારી સૌની,
અમારું પણ ધ્યાન રાખતા થઈ ગયા મારા પપ્પા.

મા હતી ત્યારે તો જરાય આઘુંપાછું ના ચલાવતા,
આજે જે હોય તે ચલાવતા શીખી ગયા મારા પપ્પા.

વારેવારે ઘરે તેડાવે વ્યસ્ત અમે અમારા માળામાં,
તો પણ મનમાં ના કદી ઓછું લાવતાં મારા પપ્પા.

ચિંતા અમારી કરી ફોનથી સમાચાર રોજ પૂછતા.
માની ફરજોને બખૂબી નિભાવતા મારા પપ્પા.

એકલા પપ્પાને જોઉં 'ને આંખ મારી વરસતી,
કરું પ્રાર્થના, સાજા નરવા રાખજે મારા પપ્પા.

દરિયાદિલ 'ને બહુ લાગણીશીલ છે મારા પપ્પા,
"અંશુ" હર જન્મમાં માગે, આ જ મારા પપ્પા.

ભારતી ભંડેરી "અંશુ", (અમદાવાદ)

## મળી જાય છે.

પપ્પા છે તો સ્મિત મળી જાય છે,
બાળકને મા સમો પ્રીત મળી જાય છે.
યુગ યુગ થી ચાલી આવી આવતું,
પ્રેમનું એ સુંદર ગીત મળી જાય છે.
છાયડો બનાવતા લાગે છે સમય,
ઇંટોની એકતાએ ભીત મળી જાય છે.
પિતાની હથેળીમાં પડેલ ખાડાથી,
બાળકને ઘણી જીત મળી જાય છે.
પિતાની આંગળીના પ્રથમ પ્રવાસે,
અજોડ સંસ્કૃતિની રીત મળી જાય છે.
આલમ કાસિમ (ગોધરા)

તૂં મીઠી લાગણી નો દરિયો,
જીવન આખું વારી ગ્યો તૂં,બાગ મુજને ધરીયો,

તૂં મીઠી લાગણી નો દરિયો,
તૂં મારૂં વ્રૃન્દાવન, હું તારો મોર,

તૂં મારી આંખડી નાં સપનાની કોર,
તૂં મીઠી લાગણી નો દરિયો,

ઝાલીને આંગળી મુજને ચલાવ્યો,
ખુશી ની ઝોળી છલકાવે બનીને પડછાયો,

તૂં મીઠી લાગણી નો દરિયો,
ભુલુ ના હું કો'દિ પિતા ઉપકારો તમારા,

વર્ણન કરતાં ખૂટે શબ્દો અમારા,
તૂં મીઠી લાગણી નો દરિયો,
તૂં મીઠી લાગણી નો દરિયો!
અરવિંદ માવાણી નીર (સુરત)

## પિતા

કપરી ભીષણ ભીંસમાંથી જિંદગી ઉગારી છે,
એટલે જ મને મારા બાપના હોંસલા પર ખુમારી છે.

નજર તો હર હંમેશ મારી વ્હાલી મા એ જ ઉતારી છે,
મારી બધી જ તકલીફોને તો મારા બાપે જ નીવારી છે.

મારા સાવ ખાલીખમ ખિસ્સામાં મેં સ્મિતનો ખજાનો ભરી,
પળે પળ ડગલે પગલે જિંદગીને ખૂબ મઠારી છે.

આફત, મુશીબત, મૂંઝવણીની તો બીક જ ના બતાવ,
મારા બાપે કેટલીયે મૂર્તિઓ મારા દિલમાં કંડારી છે.

હરઘડી જવાબદારીના શ્વાસ સાથે જીવન જીવીને,
સુખ દુખની નાવ હરદમ હરખભેર હંકારી છે.

રોનક ચંદ્રકાન્તભાઈ જોષી. 'રાહગીર' (કલોલ)

નથી જોયા મેં ઈશ્વર ને કદીય પણ એની જરૂરત લાગી નથી,
કરી મારી દરેક તમન્નાઓ પુરી જેની દુઆ મેં ક્યારેય માંગી નથી...

નહતું આવડતું ડગ ભરતા જયારે, આંગળી પકડી પા - પા પગલી તમે કરાવી હતી,

નાનકડી એવી મારી તકલીફ માં આંખો તમે પણ છલકાવી હતી....
શબ્દો નો વહેવાર અલ્પ હતો આપણી વચ્ચે પણ

હૃદય ની લાગણીઓ તમે આંખો થી દર્શાવી હતી,
ભલે હતી હું દીકરી તમારી પણ પારકી થાપણ મને ના કદી ગણાવી હતી....

ના કરી ઈશ્વર એ મારી એ દુઆ કબૂલ, લાંબી ઉમર તમારી મેં જેમાં માંગી હતી,

યાદ આવે છે તમારી હરપલ "પપ્પા", જવાની જલ્દી તમને શું લાગી હતી? ???

લેખકઃ નેહા મયુર "રાધા" (અમદાવાદ)

## વ્હાલા પિતાજી.

પરમ પિતાનું પ્રતિબિંબ એટલે જન્મદાતા.
પથ્થર નહીં પ્રેરણાનો સ્ત્રોત એટલે પિતા.

જેમના ખોળે પરમ શાંતિની અનુભૂતિ થાય.
જગથી જુદી જેની પ્રીત છે એ જ પિતા.
સંતાનના શ્રેય માટે સર્વસ્વ અર્પણ કરી દે,

'પિતા નહીં પણ પરમાત્મા'
લખાતા જ નહોતા કોઈ શબ્દો મારાથી પિતા માટે,
તો પુછી લીધુ જ પિતાને શું લખી શકુ હું આપના માટે?

હસતા હસતા કહેતા ગયા પિતા.........
લખ તારા અસ્તિત્વને માટે આપેલી મારી ઓળખને લખ.

લખ તારા પહેલા પગલા માટે પકડેલી મારી આંગળીનો આધાર તું લખ.
લખ તારા તોફાનો માટે તને મારેલો મારો મેથીપાક પણ લખ.

લખ તારા સંસ્કારો અને વિચારો માટે કેળવણીનો મારો સિદ્ધાંત લખ.
લખ તારી તકલીફો વખતે આપેલી હિંમત મારી તું અડીખમ લખ.

લખ તારી સિધ્ધિઓ માટે હંમેશા ગજગજ ફુલતી મારી છાતી પણ લખ.
લખ તું છેવટે મારા ઘડપણ માટે તારી સેવા અને સારસંભાળને લખ.

સાંભળીને આ, મેં પણ સમજીને કીધુ પિતાને,
પિતા નહીં પણ આપને તો હું 'પરમાત્મા' જ લખુ.
-અંબરીશ પટેલ (મોરબી)

ડગર હતી મુશ્કેલ, પા પા પગલી માંડવાનું શીખવતા,
હાથ મારો પકડરનાર એ પિતા તમે હતા!

માર્ગ હતો કાંટાળો, કાંધે લઈ મને હરખથી ચાલતા,
કાંટા વીણી ફૂલો વેરનાર એ પિતા તમે હતા!

તકલીફોનો હતો વરસાદ મૂશળધાર,મહીં મૂંઝવણો અપાર,
છત્રી બની સાચવનાર એ પિતા તમે હતા!

ઘનઘોર કાળા ડિબાંગ વાદળો,અંધારપટ જીવનમાં,
દીવો લઈ રસ્તો બતાવનાર એ પિતા તમે હતા!

હું તો હતો અબૂધ બાળ, સુખ દુઃખ ન જાણનાર,
સફળ જીવન પથ કંડારનાર એ પિતા તમે હતા!

વા વા વંટોળ અને તોફાની, ઝંઝાવતી જગતમાં,
એક દિશા સૂચન કરનાર એ પિતા તમે હતા!

પરીક્ષાની ઘડીઓ કેટલીય આવીને ગઈ જીવનમાં,
પ્રેમથી માટે હાથ ફેરવનાર પિતા તમે હતા!

મમતાનો પાલવ મારી માતનો, પ્રેમ નીતરતી આંખો તમારી
મજબૂત હાથે મને ઝાલનાર એ પિતા તમે હતા!

જગત હતું નવીન મારે માટે, એકલવાયો હું દુનિયામાં,
પ્રેમથી સિંચન કરી પાળનાર એ પિતા તમે હતા!

મીત્તલ મકવાણા(અણંદ)

## પપ્પા એટલે?

પપ્પા એટલેપ.હદ કરતાં વધારે પ્રેમ કરનાર..
પોતાનું લોહી-પાણી એક કરી પોષનાર..
ગમે તેવી ભૂલને માફ કરી પંપાળનાર..
આપણી અંદરના સાચા વ્યક્તિને પાર્થના..
આપણી ખુશી માટે પોતાનાં સ્વપ્નોને અધૂરા મૂકનારપ

.(આશા હોય કે આપણે એ પૂરા કરીશું)
બસ પપ્પા એટલે આપણી ખુશી માટેદુનિયાની

કોઈપણ મુશીબત સામે લડનાર એક અડીખમ યોધ્ધા..
પપ્પા એટલે એક એવું છત્ર, જેના નીચે ચડતો પ્રવેશી જ નાં શકેપ
પપ્પા એટલે આપણને જ પોતાની દુનિયા માનનારપ
ને સાચુ કહું તો પપ્પા એટલે બસ પપ્પાપ

દેવેન્દ્ર ભીમડા '' અભિદેવ'' (ભરૂચ)

## એક અછાંદસ કવિતા.

મારા અસ્તિત્વની ઓળખ હું અવતરી 'મા' ની કૂખે,
પછી-મારી રક્તવર્ણી પગલીઓને તમે જ સ્થિર કરી...
તમારી વિશાળ હથેળીનાં- સ્પર્શમાં હતો હુંફાળો વિશ્વાસ.એવો વિશ્વાસ-
જે મને ઊડવાને પાંખો આપશે અને આકાશ પણ..
હું વિકસી એક વેલીની જેમ તમારા જ ટેકાથી..
બાહોશ અને મજબૂત એવા ખભે બેસાડી તમે જ દુનિયાની સફર કરાવી..

ખબર છે મને જ્યારે જ્યારે તમારી અંદર ઉદાસીના વાદળ ઘેરાયા છે,
ત્યારે છાના ખૂણે આવેલા આંસુને વરસાદમાં ખપાવી ખડખડાટ હસ્યા છો તમે...
માત્રને માત્ર મને લાગણીની વાછટ આપવા..
તમે -બળબળતા સૂર્યનું આવરણ બની ..

મને શકિત અને તેજ સતત આપતા રહ્યા છો.
આ વડલો ઘેઘૂર બની આજે જીર્ણ થયો છે.

પાનખર એને પણ અડકી છે. સામાન્ય પવનની થપાટે પણ હલી જાય છે-
અને ત્યારે- હું વસંત બની -મ્હોરી જાવ છું-એની આસપાસ..
રેખા જોષી.(અમદાવાદ)

કોણ આવી વસે છે ખાલી મકાનમાં !
નળિયા રાત દિ' ખસે છે ખાલી મકાનમાં !
ઉદાસ છે ઓરડા, ઓસરી ને અગાશી
પડછાયા કેવા હસે છે, ખાલી મકાનમાં !
પોપડા ખર્યા કરે છે એક એક યાદના
કોણ આવી સ્પર્શે છે, ખાલી મકાનમાં !
ખોડાઈ છે સજળ આંખો બારણા પર
ન જાણે કોને તરસે છે, ખાલી મકાનમાં !
ઝૂરાપો ડોકાયા કરે જાળીએથી સતત
એકલતા કેવી ડસે છે, ખાલી મકાનમાં !

ઉદય ચંદ્રકાંત (વીસનગર)

## શીર્ષકઃ પિતૃદેવો ભવ

## બંધારણઃ ગાલગાગા-૪

મોભી થઈ પરિવારની નિત લાગણી ગૂંથી રહે છે
કોડ શિશુના પૂર્ણ કરવા જિંદગી ખર્ચી સજે છે.

મન હૃદયના આંગણે નિઃસ્વાર્થતાની હેલ થઈને,
પિતૃદેવો ભવ કથન સારાંશતા સાચી કરે છે.

જિંદગીના પાઠ પણ કાયમ અહમ ગાળી શીખવતા,
એક ઊંચું લક્ષ્ય દઈને હોંસલો અર્પી નભે છે.

ને પિતાના નભનાં ઘટ સારાંશમાં શું હોય બીજું ??
બાળ હિત માટે અટારી દોહ્યલી ન્યારી ઘડે છે.

બે જણા વચ્ચે ઉભા રહેવાનું મોંઘું માન દેવા,
ખાસ ઉદ્યમની લકીરે હામની શાહી ભરે છે.

દર્દનું નેવું ધસી આવે છતાંયે અવગણીને,
શ્રેષ્ઠતમ કિરદાર થઈ પરિવારની આંધી છડે છે.

નિત સુખી સંસાર કરવા વેદનાને અવગણે પણ,
તોય ઘરડા ઘરનું તેડું કેમનું આવી મળે છે ?

પારૂલ ત્રિવેદી 'પારુ'(હીમંતનગર)

મારા અંગે અંગમાંથી આપની છે ખુબ સુવાસ,
મારા તો સંસારમાં છે આપની સારી અસાસ.

શ્વાસ મળ્યો જોયું જગનું મેં તો અજવાળું અહીં,
ચારે તરફી તો કર્યો મારો જ આપે છે વિકાસ.

આંગળી પકડીને ખુબ હું ચાલ્યો છું ચારે કોર,
મા-પિતાના ઉચ્ચ સંસ્કારોથી સૌમાં હું છું ખાસ.

જિંદગી ભર આપે કાળી છે મજૂરી ખુબ કરી,
આપ મારી સૌ જરૂરીયાતને જીદની આસ.

આજે પણ "માશૂક" માટે મા-પિતા ભગવાન છે,
એ ભલે છે દૂર પણ મારી તો કાયમ એ છે પાસ.

અસાસ=માલમિલ્કત, બુનિયાદ
ચંદ્રવદન મહેતા "માશૂક" (વર્ગીનીયા,અમેરિકા)



# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




## મારા પપ્પા

સ્નેહ અને સમર્પણનો સાગર હતા મારા પપ્પા,
પ્રેમની મીઠી લહર, ને સુરક્ષાની છત્રછાયાઃ મારા પપ્પા.

હિંમત અને મક્કમતાની મુરત હતા મારા પપ્પા,
માફી અને પરગજુની પરિભાષાઃ મારા પપ્પા.

અમારા સપનાઓની દુનિયા સાકાર કરી તમે,
તનતોડ મહેનતથી જિંદગી સરળ બનાવી તમે.

હર પળ, હર ઘડી તમારી કમી ખલે છે અમને,
જીવન અધુરુ લાગે છે, કેમ કરી ભૂલાશો તમે?

હું ભાગ્યશાળી છું પપ્પા, કે તમારી દીકરી છું,
સંબંધોને જાળવી રાખવું, તમારાથી શીખી છું.

મારા હીરો, મારા ગુરુ, મારા મિત્ર, ઓ મારા પપ્પા!
અંજલિ અર્પણ સાથે તમને પ્રાર્થના, સદૈવ રહેજો અમારી પ્રેરણા.
શમીમ મર્ચન્ટ 'શમા''(મુંબઈ)

## ★મારાં વ્હાલાં પપ્પા★

મારાં વ્હાલાં પપ્પા, સૌથી ન્યારા પપ્પા,
દૂર દેશાવર છતાં આશિષ દે છે પપ્પા.
પપ્પા તો લાગણીઓ નો ખજાનો છે,
લાડ કરતાં અનેરાં એવાં એ પપ્પા છે.
ડગલેને પગલે પિતાની શિક્ષા યાદ છે,
સારું ઘડતર કરીને જીવન સુધાર્યું છે.
મારાં પિતાએ સંસ્કારો સિંચ્યા છે,
દુઃખમાં પણ જીવતાં શિખવાડ્યું છે.
ભાવનાત્મક ખેંચાણ મને પપ્પાનું છે,
દૂર દૂર છતાંયે વસે દિલમાં પપ્પા છે.
હળવા હાથે માથે હાથ પ્રેમે ફેરવ્યો છે,
આમ જ સદાય અમી નજર રાખી છે.
અંતરમાં લાગણીઓ અપાર વહે છે,
નિર્મળ પ્રેમની ધારા સદાય વહે છે.
મારાં પપ્પા તો વ્હાલનો દરિયો છે,
અમ બાળકોના તો સુપર હિરો છે.

★કોપી આરક્ષિત★ ★શ્ર★
ભાવના ભટ્ટ (અમદાવાદ)

## મારા પિતા

ધરા પર નથી આજ મારા પિતા,
શોધું છું હું એ આજ મારા પિતા.

હતા એ ચંદ્ર સમા શીતળ કેવા,
વહાવતા સ્નેહનો ધોધ મારા પિતા.

હદયના કોમળ, પ્રેમ એ વરસાવતા;
આંખથી અમી વરસાવે મારા પિતા.

થોડું પોતે ખાય ને બીજાને ખવડાવે,
હતા એ ઉદાર દિલના મારા પિતા.

ધૂપસળી જેવું જીવન જીવી ગયા,
રોજ આવે સ્મરણમાં મારા પિતા.
સ્વયં
વેઠી દુઃખ, સુખ સૌને આપ્યું,
ભવોભવ મળજો મને એ મારા પિતા.

## એ છે પિતા

જેના કડવા શબ્દો પણ લાગે મીઠા એ છે પિતા,
જેના ઠપકામાં પણ હોય આશિષ એ છે પિતા,
જેની પીડા છુપાય છે હસતા ચહેરા પાછળ,
સંતાનોના સુખ માટે જે સહે છે દુઃખ એ છે પિતા,
ઘરની સઘળી જવાબદારી છે જેના હાથમાં સદા,
છતાં નિભાવે જાય છે હસતા હસતા એ છે પિતા,
બે આંખની બીક જે રોકે જતા અવળા રસ્તે,
સંતાનોને જે આપે સાચી દિશા એ છે પિતા,
પરિવારના સુખ માટે જે રહે હંમેશા તત્પર,
પરિવાર માટે જે હંમેશા હોમાય એ છે પિતા,
પિતાની છત્રછાયા વગર તમે છો અનાથ,
પૃથ્વી પરનો ઈશ્વર માનો તો એ છે પિતા.
વિજય પરમાર 'વીર'(આણંદ)

## ★"પપ્પા તમે"★

શાંત નિર્મળ જળની માફક છો તમે,
તુંગ શિખર અચળની માફક છો તમે.
જિંદગીમાં આજ દિન સુધી પપ્પા,
મુશ્કિલોમાં સાંકળની માફક છો તમે.
દોસ્ત થઈને મન સદા વાંચી શકે,
પ્રેરણાત્મક બળની માફક છો તમે.
મૌન લાગણીઓ ઉછળતી ઘૂઘવે,
મન સરોવર તળની માફક છો તમે.
રાતી આંખોમાં છે ઝાકળ સ્નેહની,
પપ્પા તો શ્રીફળની માફક છો તમે.
યાદોની સંદુક આ ખુલ્લી છે હવે,
રંગ અસ્તાચળની માફક છો તમે.
જીવતાં ને જીતતા શીખવ્યું તમે,
સફળ, નિષ્ફળ પળની માફક છો તમે.
રૂપલ સંઘવી 'ઋજુ' (જામનગર)

## "પિતા પ્રત્યેની સંવેદના"

થાક્યા,ભાંગ્યા, હાર્યા, રડ્યા કે દુઃખી થયા ત્યારે ખંભે હાથ મુકીને હીંમત
આપતા પિતા એ અમને ઝાલ્યા..હસતા જીવન જીવતાં પણ પપ્પા એ શીખવ્યા..

જીવનમાં સમજ્યા, જાણ્યા પણ પિતાના પ્રેમથી અજાણ્યા રહ્યા..
તેનાં ત્યાગ,મહાનતા અને નિકટની મિત્રતાની ખબર પિતા બન્યા પછી સમજાણી..

અમારા પ્રેમ કાજે કેટ કેટલુંય કર્યું હશે..પોતાના દુઃખ દર્દને છુપાવી
કેટલાય સપના મારીને એમણે સંતાનો માટે કેટલી ખુશીઓને જોઈ હશે..

અમારા માટે સંઘર્ષ કરતા જીવન સામે લડતા એ પિતા..
જેના માટે આજીવન ઋણ ચુકવવુ ઓછુ પડે.. જેના લાગણીની કિંમત મુલવવી ઘટે..
ઉષા પંડ્યા (રાજકોટ)

## શીર્ષક - હા! મેં જોયા છે..

બહારથી સખત દેખાતા, અંદરથી કોમળતા ધરાવતા,
હરદમ હર પરિસ્થિતિમાં પિતાને ઢાલ સરીખા જોયા છે.
મારો ભગવાન મુસીબતો સામે ચટ્ટાન,
મુશ્કેલ પરિસ્થિતિમાં પિતાને પહાડ સરીખા જોયા છે.
ઘરનો આધારસ્તંભ, માતાનો સોળ શણગાર,
સંતાનોની સુખાકારી કાજે પિતાને સતત દોડતા જોયા છે.
હા..મેં જોયા છે, હરજંગ ખેલદિલીથી લડતા,
હરપળ હર પરિસ્થિતિમાં પિતાને હસતા જોયા છે.
અનહદ ભરોસો, ઘરનો મોભ, જવાબદારી સામે લડતો સારથી,
મહારથી એવા બાહોશ પિતાને જોયા છે.

લતાબેન ચૌહાણ.."સોનાવેલ" (ગોધરા.)

## ★પિતા★

સૂરજની જેમ તપતાં પિતા, દિવસ-રાત કમતા પિતા,
પરિવારને પાલતાં પિતા, મુશ્કેલીઓ દૂર કરતાં પિતા,
બાળકોને મનાવતાં પિતા, ભણાવતાં ગણાવતાં પિતા,
આફતોથી લડતાં પિતા, ઘરનો તોતિંગ મોભ પિતા,
જવાબદારી લેતાં પિતા, બધાને રાજી કરતાં પિતા,
સુખ સૌને આપતાં પિતા, દુઃખ પોતે સેહતાં પિતા,
એકલાં અટુલાં રડતાં પિતા, બધાં વચ્ચે હસતાં રહેતાં પિતા.
બધાને ગમતું લાવતાં પિતા, પોતાને ગમતું છોડતાં પિતા.
ઘરમાં ખુશીઓ લાવતાં પિતા, સૌને ખુશ રાખતાં પિતા.
રિતેશકુમાર.બી.સોની★ (દાહોદ )

## કમાલની મૂરત !

પસીનાની કરે ન જરાય પરવા ! પરિશ્રમ અપાર,
ભીની સુરત કમાલની મૂરત, પરમની છે પરખ!

વાગે પણ લાગે નહિ, જેના પર સવાર પરિવાર !
ભૂખ વેઠે, વેઠે પ્યાસ, મજાક ને માન અપમાન,

છત્ર બનીને ઉભો રહે ! ન આવવા દે અણસાર.
ચૂપચાપ તન તોડયે જાય, કરે જરા ન ઉંહકાર !

પાકી જાય પણ પડે નહિ ! અજીબ ફળ જણાય.
નિષ્કામ કર્મ કર્યે જાય, ભાવવિભોર નિભાવ !

પિતા તણો ખિતાબ, થાય સાચે સાચો પુરવાર.
ગરમ પણ નરમ ! પરવરિશ કાજ પલળી જાય,
અડીખમ અદભુત મિસાલને, સો સો સલામ !
- નરેશ જે વણકર, ( હિંમતનગર)

પિતા એજ પરમેશ્વર, પિતા પાલક પાલનહાર
ઘર ના એજ ગૃહપતિ, સુખદુઃખ સાથે ચાલનાર.
જન્મ દીધો જગતમાં, જેણે દુઃખ વેઠયા અપાર
સંસ્કૃતિ ની સમજ આપી, આપ્યા જ્ઞાન ને સંસ્કાર.
જીવન જ્યોતિ જગાવી, સંસાર રૂપી મહાસાગર માં
જીવન નૈયા હલેસા મારી, ભવ સાગર પાર ઉતારી.
સાચા સદગુરૂ માતપિતા, જેમના ઋણ અપરંપાર
★રતન★ બની રહું હદયમાં, કરજોડી કરું વંદન વારંવાર.
જાડેજા રતનસિંહજી પાંચુભા. (★રતન★) (કચ્છ, અબડાસા)

## દીકરો જે ને “ડેડ” કહી બોલાવે પણ

જે ઝેડ ( સિક્યુરિટી ) બની ને રહે એ પિતા .
દિકરા ને સેટ કરવા ને પોતે અપસેટ રહે એ પિતા
દિકરા ને ડર અને સાહસ ની પ્રતિતિ કરાવે એ પિતા
ટપારે ટોકે સાથે ટેસડો કરવાને પૈસા પણ આપે તે પિતા
મમ્મી ટોકે તો તેને રોકે એ પિતા
જે ઉપદેશક નહીં ઉદાહરણ બની ને રહે એ પિતા
હેપી ફાધર્સ ડે ટુ ઓલ
મૌલેશ બહાદુરશાહ પંડિત (અમદાવાદ)

ધીરે ધીરે ખાલી થઈ તમે સઘળું આપી દીધું.
પપ્પા તમે એક માનવ થઈને; કેટલું અઢળક દીધું!
હૈયે હામ ને ધૈર્ય દીધા, ઉકેલી સમજણ લિપિ.
હાથની બે રેખાની વચ્ચે ખેચી હુનર લીટી.
પપ્પા તમે તો જગથી સુંદર જગત સજાવી દીધું.
ધીરે ધીરે ખાલી થઈ, તમે સઘળું આપી દીધું.
જ્યારે જ્યારે સમય પજવતો,પીડ બધી ઓગાળી
રણ વચ્ચે કે ભરબપોરે અમે કદી તરસ ના જાણી
પપ્પા તમે તો વ્હાલ નીતરતું ઝરણું વહાવી દીધું..
ધીરે ધીરે ખાલી થઈ, તમે સઘળું આપી દીધું.
તમે કહોને! શાને પપ્પા? ઓઝલ થયા અચાનક..
જાણું છું કે કહેશો બેટા; રીતી આવન-જાવન..
દીલમાં અમારાં ઈશ્વર સરખું સ્થાનક સ્થાપી દીધું.
ધીરે ધીરે ખાલી થઈ, તમે સઘળું આપી દીધું

-શર્મિષ્ઠા હિરેન કોન્ટ્રાકટર. "શર્મિષ્ઠાશબ્દકલરવ" (સુરત)

## ★મારા પિતાજી..★

મારી સિદ્ધિ અને સાહસ છે મારા પિતાજી
મારી તાકાત અને હિંમત છે મારા પિતાજી
મારું આત્મ સન્માન છે મારા પિતાજી
ખૂબ જાજરમાન છે મારા પિતાજી

મુજ સાહિત્યના પ્રણેતા છે મારા પિતાજી
મારા તો વિધાતા છે મારા પિતાજી

મારી કલમનું કસબ છે મારા પિતાજી
મારું બન્યા મઝહબ છે મારા પિતાજી

મારા પ્રિય મિત્ર છે મારા પિતાજી
આ જીવનનું છત્ર છે મારા પિતાજી
સુખ - દુઃખના સાથી છે મારા પિતાજી
વિકટ પળોના સંગાથી છે મારા પિતાજી
સારું છે "બેદર્દ", કે હયાત છે મારા પિતાજી
મારી અમૂલ્ય સોગાત છે મારા પિતાજી
ભવદીપ કે. વાઘેલા "બેદર્દ" (રાજકોટ)

પિતા એ તૉ ઘરની છત છે રે લોલ એ છત કદી ના છીનવાય રે
એટલી પ્રભુ ને મારી પ્રાર્થના રે લોલ
પિતા વિના માતાનું જીવન દોહાલ્યું રે લોલ
બાળકો તૉ બની જાય અનાથ રે
એટલી પ્રભુને મારી પ્રાર્થના રે લોલ
પિતા તૉ મારી માતાનું સિંદૂર છે રે લોલ
એ સિંદૂર કદી ના ભૂંસાય રે
એટલી પ્રભુને મારી પ્રાર્થના રે લોલ
પિતા એ તૉ પરમાત્મા સમાન છે રે લોલ
કદી ના જાય પિતા ની છત્ર છાયા રે
એટલી પ્રભુ ને મારી પ્રાર્થના રે લોલ
પિતા તૉ કુટુંબ નો આત્મા રે લોલ
એ આત્મામાં પ્રભુનો વાસ રે
એટલી પ્રભુને મારી પ્રાર્થના રે લોલ

નીલા ઠક્કર (વદોદરા)

પિતાનો ખભો સ્વર્ગથી શ્રેષ્ઠ લાગે,
બીજે ક્યાંય આવી મજા પણ ન આવે..

ન જોઈ શકે દ્રશ્ય પૂરું સ્વયં જે,
ખભે લઈ મને, એ જ આખું બતાવે..

કરે રાત-દહાડો સખત શ્રમ ભલે એ,
છતાં, થાક મોં પર જરા પણ ન લાવે..

રહ્યાં એમનાં સ્વપ્ન જે પણ અધૂરાં,
હવે, મારી આંખોથી જોવા એ માંગે..

ખરી શાંતિ જોઈ પિતાના ખભે મેં,
બીજે તો નગારાં દિવસ-રાત વાગે..

કહે કોઈ - "દોરી દે 'નિઃસ્વાર્થ' ઈશ્વર",
મને ફક્ત પપ્પાનો ચહેરો જ ફાવે.

ડૉ. ધીરજ એસ. બલદાણિયા 'નિઃસ્વાર્થ'
પિડિયાટ્રિશિયન, અમદાવાદ,

## વિષયઃ મારા પિતા ખોટ

અરમાનોના ચેકબોક્સમા પિતૃ સુખના ખાનામાં રાઈટ ટીક કરવાનું રહી ગયું!
જેણે નારદી નામ પાડ્યું, એ નામ પાછળ જેનું નામ લાગ્યું. તેને નામનાનું સુખ આપવાનું રહી ગયું!

જેને ખભે બેસી જગત જોયું, તે ખભા પર વિદાય વેળાએ માથું મૂકી રડવાનું રહી ગયું!
વહાલની વાદળી બની વરસી ગયા, પણ એ વહાલના દરિયામાં ડૂબકી મારવાનું રહી ગયું!
હાઈડ એન્ડ સિક રમતાં રમતાં, એવી ગેબી જગ્યાએ સંતાયા કે તેમને શોધવાનું બાજુએ રહી ગયું!

અડીખમ એ ઘરના મોભને, એક નાની થાંભલી બની ટેકો આપવાનું રહી ગયું!
વહાલની વાદળી બની વરસી ગયાં પછી એ વહાલના દરિયામાં ડૂબકી મારવાનું રહી ગયું!
હતાં મુજ જીવન રથના સારથી તેમની કંડારેલી કેડી પર તેમની સાથે ડગ માંડવાનું રહી ગયું
બની ધૂપસળી એ પ્રસરી ગયાં સુવાસ શ્વાસમાં રહી ગઈ નંદી ટમટમતું તેજ જોવાનું રહી ગયું!
ડૉ નારદી પારેખ 'નંદી'(નવીમુંબઈ)

## પિતા : પ્રેમની પારાશીશી

જન્મ પહેલાં જ જેણે કુંડળીમાં સાથિયો દોર્યો,
જનમતા વેંત જેણે હાંસિયામાં હું લખી નાખ્યો.

રહ્યી ડગ
આભાર - નિહારીકા રવિયા દૂર પણ જેણે સફરનો ભાર લઈ લીધો,
બધાયે બાળને જેણે જીગરનો ભાગ કહી દીધો.

વિધાતાનેય જેણે આંકડો વયનો ધરી દીધો,
ભરેલો જામ જેણે વ્હાલનો આખો દઈ દીધો.

બની ખુદ વ્રુક્ષ આ સંસારનો તડકો સહી લીધો,
ઉઘાડુ આંખ પહેલા એમણે વિશ્રામ લઈ લીધો.

પિતાએ ક્યાં કદી કોઈ હેતનો હિસાબ માંગ્યોતો?
વસિયતમાં ય ક્યાં પોતાનો કોઈ ભાગ રાખ્યોતો?

-નીતિન શાહ... (અમદાવાદ)

## પિતા સ્તુતિ

ઢાળઃ ન તાતો ન માતા ન બન્ધુર્ન દાતા.

પિતા અમારા, વ્હાલા અમારા,
સહુને હૃદયથી હતા એ જ પ્યારા,
માતા ગઈ ને એ બન્યા'તા માતા,
ભવોભવ મળજો પિતાજી ઓ પ્યારા.
સાથી ગુમાવ્યાનુ દુઃખ ન કળાવ્યું,
જે જોતું 'તું એ બધું જ અપાવ્યું,
બાળપણમાં રાતે હાલરડાં ગાતા,
ભવોભવ મળજો પિતાજી ઓ પ્યારા.
ગુરૂ બનીને રાહ જેણે ચીંધ્યો,
કસોટીમાં જીવવાનો મંત્ર પણ દીધો,
કેટલાય બાકી હતા કામ તમારા,
ભવોભવ મળજો પિતાજી ઓ પ્યારા.
આંસુ છુપાવી હસતા રહ્યા એ,
હૂંફ અમોને આપી સદાયે,
કર જોડીને કરીએ કાલાવાલા,
ભવોભવ મળજો પિતાજી ઓ પ્યારા.
તમે જ્યાં હો ત્યાં સુખ સદાયે પામો,
દુઃખ તમારાથી જોજનો ભાગો.
આ બાળ માગે આશિષ તમારા,
ભવોભવ મળજો પિતાજી ઓ પ્યારા.
વાહ રે પ્રભુજી! છત્ર તે છીનવ્યું,
હશે તારે એની જરૂર એમ જાણ્યું.
એને તું લે જે શરણમાં જ તારા,
ભવોભવ મળજો પિતાજી ઓ પ્યારકન
કેતન ભટ્ટ (અમદાવાદ)

NOG
સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




સાહિત્ય સંગીતનું વિશ્વ
sahitya sangeet nu vishwa

## શ્રેષ્ઠ પાત્ર પિતા

પિતા પરિવાર માટે તડકે છાંયે સૃષ્ટી માં લાગણી
અભિવ્યકત કરતું પાત્ર જે બને શીતળ છાયો
પિતા સંતાનો નાં સ્વપ્રા સજાવવા દોડતુ જગ નું
ઉમદા એક માત્ર વ્યકિતત્વ જે બને સદા પડછાયો,
પિતા પોતાના શ્વાસ ઉચ્છવાસ ની ચિંતા છોડી
વિશ્વાસ જવાબદારી સંભાળી બને ધૈર્ય ની મૂર્તિ ,
પિતા ખુદના સ્વપ્રા ત્યાગી હિમંત ધીરજ થી
પરિવારની આકાંક્ષાની કરે સદા પૂર્તિ ,
પિતા સરવાળો બાદબાકી ન થાય તેવો
અગણીત દાખલો જેનો જવાબ છે શ્રેષ્ઠ આચરણ,
"ચંદ્ર" સૂર્યનાં તેજ પ્રકાશ ની જેમ જગમાં
સંતાનો માટે શ્રેષ્ઠ છે માતાપિતા નાં જ ચરણ.
"ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક ( રાજકોટ)

## " પિતાજી "

સંતાનોનાં સુખો કાજે જાતે કુરબાન થાય છે પિતાજી,
સંતાપો ભૂલીને સ્વ - સંતાનોના અરમાન થાય છે પિતાજી.
માની મમતા યાદ રહે છે,પિતાજીનું વાત્સલ્ય ભૂલાઈ જાય છે,
સનાનોનાં જીવનમાં દુઃખો ના આવે,દરવાન થાય છે પિતાજી.
જનનીની ગોદમાં, તો જનકના ખભે માથું મૂકીને રડાય છે,
સંતાનોની ખુશી કાજે હર કાર્યમાં યજમાન થાય છે પિતાજી.
પપ્પા, બાપુજી,બાપા,જનક,
ફાધર, તાત - કહેવાય છે પિતાજી,
સંતાનો, એ ધ્યાન રાખો -" ઢક્કદ્ઢ" - "ઢીક્કઢ" ના થાય રે પિતાજી.
સંતાનોની આપત્તિઓ જોઈને મનમાં મૂંઝાય છે પિતાજી,
વિપત્તિઓના તડકામાં શીતલ છાંયડો બની જાય છે પિતાજી.
વયોવૃદ્ધ થતાં તેનું મન મૂંઝાવા ના દેશો જ, સંતાનો,
અન્યથા મનમાંને મનમાં દુઃખી થઈને કરમાય છે પિતાજી.
"ઢક્કરી" તો "ઢક્કદ્ઢદ્ઢઅ" નું ભવ્ય "ઢીક્કરી" છે,દોસ્તો,
હર પ્રસંગમાં "શિરમોર" સમ શણગાર બની જાય છે પિતાજી.
પ્રભુના દૂત રૂપે તેના પ્રેમાળ હાથ મસ્તક પર મૂકાય જો,
"પંકજ" - જીવનનાં હર પગલે આશ્વાસન બની જાય છે પિતાજી.
(પંકજ જરીવાલા)
મનસુખભાઈ એચ.મકવાણા, ઉપલેટા, જિ - (રાજકોટ)

## પિતાશ્રી"

તમારી છત્ર છાયા માં જે શિખ્યા અમે પિતાશ્રી,
એ ગણિત આજે કોઈ ગણિશાસ્ત્રીઓ નથી શિખવી શકયા પિતાશ્રી..!
એક વટ વૃક્ષ બની પરિવાર ને છાયડો તમે આપતા ગયા પિતાશ્રી,
એ છાયડા ની છાવ તમારા ગયા પછી અમે જાળવી નથી શકયા પિતાશ્રી..!
પાનખર ની માફક ખરતા સબંધો તમે લીમાં છમ સાચવી ગયા પિતાશ્રી,
લીલા છમ્ સબંધો અમે લીલા નથી રાખી શક્યા પિતાશ્રી..!
રડતા બાળકો ને તમે હસાવી ગયા પિતાશ્રી,
અમે તો હસતાં બાળકો ને પણ રડતા કર્યા પિતાશ્રી..!
પરિવાર ના મોભી ની સાન તમે સાચવી ગયા પિતાશ્રી,
અમે અમારી સાન પણ ન સાચવી શકયા પિતાશ્રી..!
વ્હાલ ના દરીયા માં તમે અમને સદા પાળીયા પિતાશ્રી,
અમે બધાં થઈ એ વ્હાલ ન સાચવી શકયા પિતાશ્રી.!
તમારી હુફ ના ચક્વ્યુ માં સદા હુંફાળા રહ્યા અમે પિતાશ્રી,
અમે એ હુફ ભર્યુ ચક્વ્યુ ન "સ્વયમભુ"જાળવી શકયા પિતાશ્રી..!
-અશ્વિન રાઠોડ – સ્વયમભુ (મોરબી)

## ★મારાં પપ્પા★

જેમની આંગળી પકડીને ચાલતાં શિખ્યાં,
જેમનાં ખંભા પર બેસીને દુનિયા જોઈ,
એ'જ છે, મારા પપ્પા..
પોતે જીવનભર સંઘર્ષ કરતાં, અમોને ખુશી આપતાં,
પોતાની ખુશીઓ ને ભૂલી જતાં,
એ"જ છે, મારા પપ્પા..
આવે કોઈ મુશ્કેલી જો જીવનમાં,
"હું તારી સાથે છું." કહી ઢાલ બનીને રહેતાં,
એ'જ છે, મારા પપ્પા..
બધાંનાં મનની વાત જાણતાં,
બધાંની ઈચ્છાઓ એ પૂરી કરતાં
એ'જ છે, મારા પપ્પા..
દેખાવે કઠોર બની ઠપકો આપતાં,
અંદરથી દિલને દરિયો રાખી લાગણી આપતાં..
એ'જ છે, મારા પપ્પા..
દર્દ કોઈનું ના જોઈ શકે, કાયમ
અમારાં આંસુને લૂછતાં, હસતાં પોતે દર્દ પીતાં
એ'જ છે, મારા પપ્પા..

આજ સાથ છે, માથા પર હાથ છે,
મારા પપ્પા પરિવારનાં મોભી, ગર્વથી કહીં

એ'જ છે, મારા પપ્પા..
તેજસ વસાણી..(જામનગર)

## પપ્પા...

સુખ નું સરનામું પપ્પા...
ખૂબ જ મહેનત કરી જીવનને પ્રગટાવે પપ્પા...
મીઠા જળનો મહાસાગર પપ્પા..
સમર્પણ ની ભાવના એટલે પપ્પા..
મોટા માં મોટી મુશ્કેલીઓ માં સાથ આપે પપ્પા..
સફળતાનો રસ્તો બતાવે પપ્પા..
વિશાળ દિલનો દરિયો પપ્પા...
સૂર્ય જેવા તેજસ્વી આશા નું કિરણ બતાવે પપ્પા..
પોતાના સંતાન નો હસતો ચહેરો જોવા અનેક તકલીફો સ્વીકારે પપ્પા..
ખુશીઓનો ખજાનો પપ્પા...
પોતાના બાળક ને આગળ લાવા અનેક પ્રયત્નો કરે પપ્પા..
"ઈશ્વર" અલ્લાહ અને ખુદા નું બીજું નામ પપ્પા...
- દિપક દુંડજવાળા "ઈશ્વર "(ભરૂચ)

## પિતા

મોમ દિલ, સ્વભાવના પથ્થર પિતા.
મ્હેંકતા એ બાગના અત્તર પિતા.

હો ગરીબી કે અમીરી હો ભલે,
બાળનાં હર પ્રશ્નનો ઉત્તર પિતા.

ખ્વાહિશો પૂરી, વગર માંગ્યે થતી,
ઘર રૂપી મંદિરનાં ઈશ્વર પિતા.

આપદાઓ ત્રાટકે દુશ્મન બની,
સાચવે પરિવાર થઈ બખ્તર પિતા.

જિંદગી પૃષ્ઠે સદા અંકિત રહે,
'દિવ્ય' જીવન શબ્દનાં અક્ષર પિતા.
દિવ્યા દેઢિયા 'દિવ્ય' (મુંબઈ/ વડાલા)

---

ક થી કાયમ આપણીને પ્રેમ કરે એ પિતાજી
ગ થી ગમે તે પરિસ્થિતિમાં પ્રેમ કરે
ઘ થી ઘર માટે બધુ કરે
ચ થી કાયમ આપણી ચિંતા કરે
છ થી છાંયડો આપે
જ થી જન્મ પહેલાથી વ્હાલ કરે
ઝ થી દરેક ઝંખના પૂરી કરે
ટ થી ટાઢક આપે
ઠ થી ક્યારેય મનને ઠેસ ન પહોંચાડે
ડ થી ડગલુ ભરતા શીખવાડે
ઢ થી મનને ઢંઢોળતા શીખવાડે
ણ થી નમવા ન દે
ત થી તવંગર હોય કે ગરીબ એકસરખો પ્રેમ હોય
થ થી સંતાન માટે ક્યારેય થાકે નહી
દ દુઃખ પડવા ન દે
ધ સંતાનના ધ્યેય સિદ્ધ કરરાવા પ્રયત્ન કરે
ન થી નિરંતર પ્રેમ રહે
પ પરમેશ્વરનું સ્વરૂપ એટલે પિતાજી
ફ થી ફલક જેટલુ રદય
બ થી બોલતા શીખવાડે
ભ થી ભણતર શીખવાડે
મ થી મમત્વ હોય
ય થી યશસ્વી બનીએ એવુ વિચારે
ર થી રદય નો ટુકડો ગણે
લ થી એકધારી લાગણી હોય
વ વ્હાલ ખુબ કરે
શ થી દરેક શણગારમાં ગમાડે
સ થી સપના પૂરા કરે
ષ થી શબ્દ કોષ એમાં સમાઈ જાય
હ થી હારીને આપણને જીતાડે
થી લાલન પાલન કરે
ળ લાડ કરે
ક્ષ ક્ષમા કરે
જ્ઞ જ્ઞાન આપે

ગાયત્રી જાની (પેટલાદ)

## ★★શુક્ર તારો★★

એમણે પણ મને ખોળામાં લીધો હશે ?
ગોદડીમાં વીંટી સંભાળીને તેડ્યો હશે ?
થાબડયો હશે ? રમાડયો હશે ?
કુમળા ગાલે હળવેકથી ટપલી મારી હશે ?
ગાલે કપાળે વ્હાલી કરી હશે ?
ઘૂઘરો ખખડાવી મારી ચકળવકળ
તોફાની આંખો જોઈ હશે ?
પગની પાનીએ ગલગલીયા કરી
હસાવ્યો હશે ખીલખીલાટ ?
ને એમના પેટ પર
કુમળા પગના પાટા ઝીલ્યા હશે ?
દેશી ઓસડીયું ભલે મા પીવડાવે પણ
કટાણા મોમાં એમણે મધની ટોટી મૂકી હશે ?
કુમળા પેઢામાં ફૂટેલા દુધિયા દાંતથી
આંગળીએ બટકુ હોંશથી ભરાવ્યું હશે ?
કેટલા સવાલો મનમાં થયા જોયા જ્યારે
બાજુવાળા ટીનુંને રમાડતા એના બાપુને !
પહેલી વાર પૂછ્યું માને " મારા બાપુ ક્યાં?"
એણે બતાવી દીધો " શુક્ર તારો"
બસ, ત્યારથી રોજ જોઉં છું
હું "શુક્ર તારો"
જોયા કરું છું શુક્ર તારો, શુક્ર તારો, શુક્ર તારો.

દેવેન્દ્ર જોશી (વડોદરા)

## પિતા,,,,,

વીતી ગઈ વેળા પછી સમજાય છે પપ્પા હવે,
કે કેટલા વીસે અહીં સો થાય છે પપ્પા હવે .
આવી ચઢે જો કામ એવું રાત આખી જાગતા,
આજે બધુંયે યાદ આવી જાય છે પપ્પા હવે .
ભરપેટ પણ જમતા નહીં તમે અમારી લ્હાયમાં,
જમતી વખત એ વાત યાદ કરાય છે પપ્પા હવે.
છોડી તમે ચાલ્યા ગયા, આજે બધું સારુ થયું,
વારો તહેવારો રડાવી જાય છે પપ્પા હવે .
વહાલી હતી જે ગાય તમને બેનને સોંપી અમે
ભાણેજડા ને વાછરુ દૂધ ખાય છે પપ્પા હવે ..
ને
લાડકી એ દીકરી ચાલી ગઈ છે સાસરે ,
લો બસ, હવે આ આંખડી ભીંજાય છે પપ્પા હવે

દિલીપસિંહ પુવાર (.કડાણા.મહિસાગર )

---

શ્રીફળ સમ બહારથી કડક માંહે કોપરા સમ મીઠા ને નરમ એવું,
અનોખું વ્યક્તિત્વ ધરાવતા મારા પિતા!
કદી ન કરતાં વ્યક્ત લાગણી નિજ તણી કરતાં રહેતાં અવિરત સંઘર્ષ પરિવાર કાજ,
ફરજપરસ્ત, કર્તવ્યનિષ્ઠ મારા પિતા!
દુઃખ, વિપદાને જ નાવડી બનાવી હંકારતા રહ્યાં જીવનનૈયા,
અડગ ઈરાદા, દ્રઢ મનોબળ,
લોખંડી વ્યક્તિત્વથી ઓપતાં મારા પિતા!
શિક્ષક જીવ, ટૂંકી આવક, ત્રણ બાળુડાં સાથ વિરાંગના સમ અર્ધાંગના તણો,
આયોજન જીવન તણું જડબેસલાક, જીવન અમ સૌનાં કર્યા આત્મનિર્ભર!
ના એમબીએની ડીગ્રી તો યે, મેનેજમેન્ટ ગુરુ એવા મારા પિતા!
સાદું જીવન, ઉચ્ચ વિચાર, કર્મનું બાંધી કફન, પ્રમાણિકતાના પંથે ચાલી,મુલ્યોનું કર્યું જતન!
જીવન એવું જીવી ગયાં કે બન્યાં, સંતાનો તણાં સાચા પથદર્શક!
પુરુષાર્થની ધૂણી ધખાવી, અજવાળતાં રહ્યાં અમ જીવન,
સંતાનોનાં જીવનની પ્રેરણામૂર્તિ સમા મારા પિતા!

રત્ના પટેલ જરીવાલા 'વિદૂષી' (મુંબઈ)

## મારા પિતાઃ

સેવાભાવી, સહૃદયી,પ્રેમાળ,
સદા ચપળ અને વાચાળ મારા પિતા
જગમાં એમની કીર્તિ.
વાત્સલ્યની પ્રેમાળ મૂર્તિ મારા પિતા.
ભાગવત, રામાયણ, ગીતાજીનું જ્ઞાન અપાર,
પરમ ભગવદીય વૈષ્ણવ,ગુણોનાં ભંડાર મારા પિતા
સકારાત્મક વિચારસરણી ધરાવતા,
બાબુકાકાનાં હુલામણા નામે ઓળખાતા મારા પિતા.
ચંદ્રકાંત નામે, ચંદ્ર જેવી તેજસ્વી કાંતિ ધરાવતા,
ગિરિરાજજીની તળેટીમાં જતીપુરામાં ગૌલોક ધામ સિધાવતા મારા પિતા.
શાકાહારી, શુદ્ધ, સાત્વિક,પૌષ્ટિક આહાર લેતા,
ગૌ સેવા, પશુ પક્ષી પ્રેમનું મહત્વ વધારતા મારા પિતા

★સુનિતા મહાજન★ ★સુનિ★. (અકોલા)

## ★મારા ઘરના એક મોભી ★

હે ઈશ્વર ,

આજ મારા ઘરના એક મોભીની તમારી સાથે વાત કરવી છે, મારી વાતોથી તમને કદાચ ઈર્ષા પણ આવશે.જાણો છો? થાક ઘણો હતો તેમના ચહેરા પર ; પણ અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે.આંખોમાં ઊંઘ હતી છતાં પણ,અમારી ચિંતામાં અમે તેમને જાગતા જોયા છે, તકલીફો ઘણી હતી ચારેબાજુથી પણ,હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે, તકલીફ વર્ણવતા ન હતા ; પણ અડધી રાતે ખુલ્લી આંખે અમારા ભવિષ્યના સપનાં સજાવતા જોયા છે,પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે,એ ખુશી માટે પોતાના શમણાંઓને રોડતા જોયા છે,પોતાની પસંદગીને ના પસંદ કરી,અમારી પસંદગીને અપનાવતા જોયા છે,વ્યક્તિ એક હતા! પણ,વિશેષતા અનેક હતી. સર્જનકાર મેં તમારા સ્વરૂપે મારા પિતાને જોયા છે.

આપની દીકરીના કોટી કોટી વંદન સ્વીકારશો.
- નયના જે. સોલંકી
- આંખો

## "પિતા "

જેમનું વ્યકિતત્વ દુનિયામાં અલાયદુ અને કમાલ છે,
એમનાં વિનાનું જીવન જાણે અધુરપ અને ધમાલ છે!

જન્મથી પગભર થવાની સફરમાં એમનું જ ઋણ છે,
દેખાય જે હોંશિયારી! પિતાનાં સંસ્કારો સાથે ગુણ છે!

પોતાનાં બાળકો ખાતર જ જીવન એમનું સમર્પિત છે,
પિતાનો નિસ્વાર્થ અપાર પ્રેમ દેખી હૃદય ગદગદિત છે!

ઈશ્વરની જ છબી એમનાં હૃદયે વાત્સલ્યનો પમરાટ છે,
આ ઈશ્વરની સેવામાં ખરા ઉતરીશું? એ જ ગભરાટ છે!

પિતાની છત્રછાયામાં વ્હાલપની માણવાં મળતી પળો છે
એમનો માથે પ્રેમાળ હાથ! બસ આજ ગમતી ક્ષણો છે!

ગમે તેટલી ઉંમર વધે પિતાનાં પ્રેમનો અલગ નિજાનંદ છે,
એમની હયાતીમાં નિર્ભય રહી જીવનનો અપાર આનંદ છે!
"સ્નેહ" (અમદાવાદ)

## પિતાની હાજરી/ગેરહાજરી

પિતાની હયાતી માં સમાજ મા એવા કિસ્સાઓ જોવા મળે કે વૃદ્ધાશ્રમો છલકાય અને ક્યારેક તો પુત્ર ક્રોધ માં પિતાના મૃત્યુ કરતા પણ જોવા મળે...ત્યારે ઘણીવાર ઘરમાં મારઝૂડ ના કિસ્સાઓ પણ જોવા મળે છે..જ્યારે પિતાની ગેરહાજરી માં ઘણા પુત્રો તેમની પુણ્યતિથિ ધામધૂમ થી ઉજવતા અને ધાર્મિક સ્થળો એ તેમના નામની ધર્મશાળા,આશ્રમ મા રૂમો બનાવી તકતીઓ પણ જોવા મળે છે...જ્યારે ઘણા પિતાઓ પોતાની હયાતી માં જ પોતાના નામની રૂમો,દાન,પુણ્ય કરીને ,સંપત્તિ ની પણ વહેચણી કરીને પોતાની સાર્થક જીવન ના દૃષ્ટાંત પણ આપતા જોવા મળે.આમ સમાજિક જીવન માં વંશ વારસો ના સંસ્કાર અને સમાજ માં પણ પોતાની નામના છોડીને ગયેલા પિતાઓ ના ફોટાઓ સમાજ ની વાડીઓ અને ધર્મ સ્થાનો મા જોવા મળે છે..આમ પિતા ની છત્રછાયા,આશીર્વાદ તે પણ માતા ની સમકક્ષ છે.
પ્રદીપ રાવલ

## ૧૬ જૂન "પિતાનો દિવસ"

આ કવિતા મારું સર્જન છે
પિતા એ તો ઘરની છત છે રે લોલ એ છત કદી ના છીનવાય રે
એટલી પ્રભુ ને મારી પ્રાર્થના રે લોલ
પિતા વિના માતાનું જીવન દોહાલ્યું રે લોલ
બાળકો તો બની જાય અનાથ રે
એટલી પ્રભુને મારી પ્રાર્થના રે લોલ
પિતા તો મારી માતાનું સિંદૂર છે રે લોલ
એ સિંદૂર કદી ના ભૂંસાય રે
એટલી પ્રભુને મારી પ્રાર્થના રે લોલ
પિતા એ તો પરમાત્મા સમાન છે રે લોલ
કદી ના જાય પિતા ની છત્ર છાયા રે
એટલી પ્રભુ ને મારી પ્રાર્થના રે લોલ
પિતા તો કુટુંબ નો આત્મા રે લોલ
એ આત્મામાં પ્રભુનો વાસ રે
એટલી પ્રભુને મારી પ્રાર્થના રે લોલ
નીલા ઠક્કર

NOG
સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ”






NOG
સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




સાહિત્ય સંગીતનું વિશ્વ
sahitya sangeet nu vishwa

# ફાધર્સ ડે નિમિત્તે યોજેલ 'પિતૃદેવો ભવઃ' વિષયને અનુલક્ષીને આવેલી ગદ્ય રચના

'ન્યૂઝ ઓફ ગાંધીનર/ જન ફરિયાદ' અને 'સાહિત્ય સંગીતનું વિશ્વ'ના ઉપક્રમે પિતા પ્રત્યેની લાગણી, સન્માન વ્યક્ત કરવાનો ફરી એક અવસર આવ્યો છે ત્યારે સ્મૃતિપટમાં જડાયેલી કેટલીક ક્ષણોની વાત......

## 'My Daddy, strongest."

આજે વર્ષો પહેલાં ટી.વી. પર આવતી એક જાહેરાત મનનાં ખૂણેથી સળવળી. શેની હતી એ યાદ નથી, પણ એ જાહેરાત હંમેશ માટે યાદ રહી ગઈ છે કારણ કે એ વાત સાવ સાચી લાગતી.

દુનિયાભરની દીકરી કે દીકરા માટે 'વર્ચૂઅલ્ વિશ્વ'ના 'સુપર હીરો' બદલાતા રહેશે, પણ વાસ્તવિક વિશ્વના સુપર હીરો તો પિતા જ.

આજે વિચાર આવે છે કે પિતા હંમેશાં સુપર હીરોના રોલમાં જ જીવતા હશે?

ના, સાવ એવું નથી.

એ સુપર હીરોના હ્દયમાંય ભીની ભીની લાગણીઓ સતત વહેતી હોય.

સૌની સામે અડગ દેખાતા પિતા જ્યારે દીકરીને સાસરે વિદાય કરે ત્યારે એ સુપર હીરોનો મુખવટો ઓગળી જતો કોઈએ જોયો છે?

જીવનમાં કેટલીય એવી ક્ષણો આવી જ્યારે પપ્પાની એ ભીની લાગણીઓ અનુભવી છે.

યાદ આવે છે એ સમય.

ઉનાળામાં બારી બહાર ટિંગાડેલી ખસની ભીની સાદડીમાંથી વહી આવતી ઠંડક, ચોમાસામાં લોબાનનો ધૂપ, ઋતુઋતુએ બદલાતાં ખસ, કેવડાનાં અત્તર, બધું જ સાગમટે યાદ આવે છે અને એ પહેલાં યાદ આવો છો, પપ્પા તમે.

નાનાં હતાં ત્યારે નાના હતા ત્યારે માંદગીમાં રાતોની રાતો ઉજાગરા કરતા પપ્પાને જોયા છે.

પત્રકારત્વની એક ઊંચાઈને આંબ્યા પછી પણ અમારી નાની નાની બાબતોનું ધ્યાન રાખતા પપ્પાને જોયા છે.

બાળપણ ક્યાં પૂરું થયું ને વિદાયની વેળા આવી.

ત્યારે લગ્નની આગલી સાંજે મહેંદી મૂકેલા હાથ સામે સ્થિર નજરે જોઈ રહેલા પપ્પાને જોયા છે.

એ સ્થિર નજરમાંયે, "મહેંદી મૂકેલા આ હાથથી દીકરી કાલે એની સ્મૃતિ સમા થાપા અહીં ઘરની ભીત પર દઈને ચાલી જશે !" એવી ભાવનાઓનું પૂર ઉમટેલું દેખાયું છે.

લગ્નની આગલી રાત્રે ચૂપચાપ રૂમમાં આવી, પથારી પર બેસીને માથે હાથ ફેરવતા પપ્પાના હાથમાં કેટલી ઉષ્મા હતી ! જાણે લાગણીઓનું ઘોડાપૂર.

અને છતાંય 'સ્અ ફ્રુફ્રંંઅ, જંહિષ્ઠીજં."

કારણ કે, ક્યારેક કોઈ એવી એકાદી ક્ષણ આવી હશે કે જ્યારે અમે ઢીલા પડ્યાં હોઈએ ત્યારે પપ્પા ઢાલ બનીને ઊભા રહ્યા છે.

પપ્પાની અંતિમ વિદાયવેળાએ કશું જ બોલ્યા વગર કહી ગયા કે,

"મારી વિદાયવેળા નજીક છે, પણ હું ક્યાંય જવાનો નથી,

તારા લંબાવેલા હાથને અનુભવાતી ઉષ્મા હું હોઈશ.

તારી આસપાસ અનુભવાતી ઊર્જામાં હું હોઈશ,

કારણ કે તું મને જેટલો પ્રેમ કરે છે એનાથી અનેકગણો પ્રેમ હું તને કરું છું."

એ પ્રેમના પ્રતિસાદમાં આટલું જ– 'લવ યુ પપ્પા'

રાજુલ કૌશિક –

## પિતા સાથેનું સંસ્મરણ

પિતાના જીવનની સૌથી યાદગાર ક્ષણ, આપણું ધરા પર તેમના સંતાન થઈને જન્મવું. ને, ત્યાર પછી યાદગાર પળોનું ભાથું વધતું જાય છે.

આ, 'યાદગાર' વ્યંજન, હમૈશા મધુર જ હોય એવું નથી તે, ક્યારેક ખટમીઠું પણ હોય છે. અસમજણનું મરચું વધારે ઉમેરાય જાય તો તીખું પણ બને.

સંતાન અને પિતા અદશ્ય સ્નેહના તાંતણે બંધાયેલાં હોય છે. સમજણ આવ્યાં પછીનાં સંભારણામાં સૌથી આનંદની યાદગાર પળ, એ છે કે, જ્યારે આપણે નાનાં હોઈએ ત્યારે એક સામાન્ય પ્રશ્ન તમને પૂછવામાં આવે કે, 'તને, પપ્પા વધુ ગમે કે મમ્મી? અથવા, તું, પપ્પાનો દીકરો કે મમ્મીનો?' હું કહું કે "પપ્પાનો", ત્યારે તેમના ચહેરા પર ઊભરી આવતી ખુશીની ઝલક માણવા જેવી હોય છે, સાથે મમ્મીનો મીઠો છણકો.

ક્યારેક, પપ્પા મમ્મી વચ્ચે રકઝક થાય ત્યારે હું પપ્પા પાસે જઈને બેસી જતો ત્યારે, અમારી આંખોના મિલનમાંથી પ્રેમની સરવાણીઓ ફૂટતી અને ઘટના ' ટોન ડાઉન' થઈ જતી. દીકરાની લાગણીનાં મોજાં દરેક પિતાને તેના અનહદ વહાલથી ભીંજવી દેતા હોય છે. મમ્મી, ત્યારે મારાં સામે હાથ લંબાવે અને દોડીને હું મમ્મીને વળગી પડતો. પ્રેમના ધોધ વચ્ચે પણ પપ્પા સાથે સ્હેજ અંતર રહેતું. હું, ક્યારેય પપ્પાને ભેટ્યો નથી. હા, મારાં બાળપણમાં એમણે મને ઊંચક્યો હશે, રમાડયો હશે, વહાલની ભીંસ આપી હશે, પણ મોટાં થતાં આ પળ મેં ક્યારેય જોય નથી કે હું, પપ્પાને ભેટી કે વળગી પડ્યો હોઉં, એક મધુર ક્ષણને બાદ કરતાં, ત્યારે મારી ઉંમર આઠેક વરસની હશે.

મારાં નિશાળનાં મિત્રોને ઘરે બોલાવી મારી બર્થ ડે પાર્ટીનું આયોજન કરેલું. અગાઉથી નક્કી કર્યા મુજબ, મારા પપ્પા, જોકરનો ડ્રેસ પહેરી, માથે શંકુ આકારની લાંબી ટોપી અને ચહેરા પર માસ્ક ધારણ કરી, પ્રવેશ કરશે. થેલામાંથી જાદુગર ખેલ બતાવતાં તેમાંથી જુદી જુદી વસ્તુઓ કાઢતો હોય તેમ થેલામાં ગિફ્ટસ લઈ આવી સૌ બાળકોને સરપ્રાઈઝ કરવાનાં હતાં. મારાં મિત્રોને આ વાતની જાણ ન હતી. મારાં પપ્પાની એન્ટ્રી થઈ, સૌ તાળીઓ પાડવા લાગ્યાં અને તેમની આસપાસ નાચવા લાગ્યાં, "જાદુગર આયા રે ભૈ જાદુગર આયા" હું એમને વળગી પડ્યો, પૂછ્યું, "તમે જ મારાં પપ્પા છો ને! કેમ આ લોકો આટલાં બધાં ખુશ થાય છે?" પપ્પાએ મને બાથમાં લઇ હાથ મારી પીઠ પર ફેરવતાં કહ્યું, " હા, માય સન, હું તો તારો જ પપ્પા છું." આવી મારી 'પઝેસીવનેસ' હતી મારાં પપ્પા માટે.

ભરત સાંગાણી (અમદાવાદ)

## 'ફાધર્સ ડે' નિમિત્તે વિચારોની અભિવ્યક્તિ

સામાન્ય રીતે દરેક પિતા કુટુંબનું એક અતિમહત્વનું અંગ હોય છે. પિતાની ઉપસ્થિતિ કુટુંબને સ્થિરતા અને મજબૂતાઈ બક્ષે છે. પોતાના સંતાનો પ્રત્યેનું વ્હાલ કદાચ કોઈ પણ પિતા માતાની જેમ દર્શાવી શકતા નથી પરંતુ સંતાનો અંગેના નિર્ણયોમાં પ્રેમ અને વ્હાલ અવશ્ય પ્રદર્શિત થતું હોય છે. ઉપરથી સખત દેખાતા દરેક પિતા અંદરથી એક કોમળ હૃદય ધરાવતા હોય છે. તેમણે માત્ર સખતાઈનું કવચ પહેર્યું હોય છે. કદાચ આ જ સખતાઈનું કવચ આખા કુટુંબને એક સુરક્ષિત માહોલ બક્ષે છે. નિરાંત વચ્ચે જીવતું કુટુંબ એ પિતાના મનમાં ચાલતી આર્થિક અને વ્યવસાયિક ગડમથલોને પામી શકતું નથી. પિતા કોઈપણ વિકટ સંજોગોમાં ચહેરા ઉપર પ્રસન્નતા રાખે છે અને જીવનમાં ઉદભવેલા ઝંઝાવાતનો સામનો કરી પોતાના કુટુંબની ઢાલ બને છે.

શું કપરી પરિસ્થિતિઓમાં પિતાનું મન નબળું નહીં પડતું હોય? તેમની આંખોમાં પણ આંસુ નહીં છલકાતા હોય? પરંતુ તેને ક્યારેય પ્રદર્શિત કરતા નથી. લાગણીઓના પ્રવાહ તેમને પણ ઝંઝોળતા હશે. પરંતુ ક્યારેય પિતા તેને શબ્દોનો આકાર આપવામાં માનતા નથી. દરેક પીડા હૃદયમાં ધરબાઈને રહી જાય છે. 'હું જો નબળો પડીશ તો મારા કુટુંબ ઉપર શું વિતશે?' એવા વિચારે હંમેશા પિતા મજબૂતાઈનું મોહરું પહેરી રાખે છે.

પિતા નાનપણમાં પોતાના સંતાનને પોતાના ખભે બેસાડીને વિશ્વ દર્શન કરાવે છે. હકીકતમાં સંતાનને એક મજબૂત આધાર આપીને પોતાનાથી પણ ઊંચી દ્રષ્ટિ કેળવવા પ્રેરણા આપે છે. પોતાના અનુભવે સંતાનને દુનિયા દેખાડે છે. સંતાનને પણ પિતાના મજબૂત ખભાની આદત પડી જાય છે. તે સંતાન મોટું થયા પછી પણ મુશ્કેલીઓના સમયે પિતાનો ખભો અથવા ટેકો શોધે છે, કારણકે પિતાનો ખભો કે ટેકો તેને ક્યારેય પડવા નહીં દે એવો અતૂટ વિશ્વાસ છે.

જીવનમાં પિતાની ઉપસ્થિતિ હોય ત્યાં સુધી કદાચ તેની સાચી કિંમત સમજાતી નથી. તેમની વિદાય બાદ તેમની આત્મવિશ્વાસ ભરેલી વાતો અને યાદો થકી તેમની ખોટ અનુભવાય છે. પિતા પોતે જુના કપડાં પહેરી સંતાનોને નવા કપડાં પહેરાવીને ખુશી અનુભવતા. પોતે ફાટેલા બૂટ કે ચંપલ પહેરી કામે જતા પરંતુ સંતાનોને તેમની જરૂરિયાતો પૂરી કરવામાંથી ક્યારેય બાકી ન રાખે એ પિતા. નાના હતા ત્યારે કદાચ પિતાને પુરા સમજી શક્યા ન હતા, પરંતુ પોતે પિતા બન્યા પછી પિતાના મુઠ્ઠી ઊંચેરા વ્યક્તિત્વની સમજ આવી. સંતાનો અને કુટુંબના ઉત્કર્ષ માટે પિતાએ દર્શાવેલા સમર્પણની ભાવનાની ઓળખ થઈ.

દુનિયાના દરેક પિતાને ફાધર્સ ડે નિમિત્તે યાદ કરી કોટી કોટી વંદન...

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

## પિતૃદેવો ભવ

પુરુષ એટલે આત્મા અને સ્ત્રી એટલે પ્રકૃતિ. બન્ને ના સહયોગ વગર આ સંસાર ચાલી શકે જ નહીં. પરમાત્મા એટલે અકર્તા પરંતુ એમની ઈચ્છા શક્તિ એટલે જ ત્રિગુણાત્મક સર્જન એમાં બ્રહ્મદેવ, વિષ્ણુ, અને શિવ , તથા એમની ત્રણ શક્તિઓ લક્ષ્મી ,શિવા અને બ્રહ્માણી. એમણે સૃષ્ટિ સર્જન, પોષણ અને નાશ કે પરિવર્તન ગુણોના અને તત્વોના આધારે કર્યું

અર્ધનારીશ્વર નું સ્વરૂપ એ શુદ્ધ ચૈતન્યમય છે, દ્વૈતભાવ ,પ્રકૃતિની લીલા ત્યાંથી શરુ થાય છે.બ્રહ્મદેવ એ બધાના પિતા સ્વરૂપ છે, શિવ પાર્વતી જગતના માતાપિતા છે, અને લક્ષ્મી –નારાયણ તો સુખ શાંતિ સમૃદ્ધિ અને પોષણ કરનાર છે.

પિતા એ પુરુષ,પોરૂષ છે, કર્મની પ્રધાનતા અને કૌટુંબિક ભાવના નો નિર્વાહ એમની પવિત્ર ફરજ છે. બ્રહ્મદેવ ની માનસી સૃષ્ટિ, પછી મૈથુન સૃષ્ટિમાં પુરુષત્વ એક મહત્વપૂર્ણ બાબત છે, એમાં ?વંશ પરંપરા અને ગુણો, સંસ્કાર અને સમૃદ્ધિનું વાહક બીજ છે. પરમાત્મા જ પુરૂષ રૂપે દેહમાં રહ્યા છે, એમ સમજવું સહેલું છે, કારણકે આખા વિશ્વમાં કર્મ સૃષ્ટિ માટે પુરુષ

ને મહત્વપૂર્ણ કાર્ય સોંપ્યું છે.

આ. પુરુષ જ્યારે પિતા બને, એટલે એનું જીવન અને લક્ષ્ય બદલાઈ જાય. એણે પોતાના આશ્રિતો ના ભરણ પોષણ ઉપરાંત સામાજિક આર્થિક ધાર્મિક અને જીવનની વાસ્તવિકતા ને સમજી કર્તવ્ય પરાયણ રહેવાનું હોય છે. આખી જિંદગી એ સંઘર્ષ કરીને સંપતિ બાળકોને આપી દે છે, છતાંય નિવૃત્ત થયા પછી પણ એ હંમેશા પોષક બની રહે છે. જ્યાં સુધી શક્ય હોય, શક્તિ હોય અને આર્થિક સધ્ધરતા હોય એ હંમેશા પોતાના કુટુંબ માટે બધું જ ન્યોછાવર કરે છે.

પિતાનું જીવન એટલે ત્યાગનું જીવન. પિતા એ પોતાના પિતૃઋણ ને અદા કરવા , ઋષિ અને દેવના ઋણને અદા કરવા ચાર પુરુષાર્થ નું સેવન કરી જીવન ધન્ય બનાવે છે. પુરૂષ અને સ્ત્રી બન્ને એક જ છે, પરંતુ એમની ફરજો અલગ છે ગુણો અનેસહજ સ્વાભાવિક પ્રકૃતિને આધીન છે. તેથી બેઉં નું મહત્વપૂર્ણ યોગદાન છે. પરંતુ પિતા એ પિતૃઓનું સ્વરૂપ છે, પિતા એ પુત્ર માં જીવંત જીજીવિષા છે.

આ સંસાર પિતાનું ઋણાનુબંધ છે એ તમે ચુકવી ના શકો. પિતાજી સહજ,ત્યાગ ,પ્રેમ ઉદારતા અને સંતાનોના ઉછેર પછી પણ પુરા જીવનભર ફક્ત નિષ્કામ ભાવે એમની ઉન્નતિ ઝંખે છે.માટે જ પિતૃદેવો ભવ કહ્યું છે.

હંમેશા પિતા ના ચરણ સ્પર્શ કરવાથી માનવના અડધા દુ:ખ દૂર થાય છે, પિતા , ગુરુ અને ભગવાન એ દેવ છે. હંમેશા એમની આજ્ઞાનું પાલન તમારી પ્રગતિ છે.ૐ

મોહનભાઈ આનંદ (વડોદરા)

## મારો આદર્શ મારાં પિતાજી

વિરાટ આકાશને એક સાથે આંખોમાં ભરી લેવા ગમે તેટલો પ્રયત્ન કરો તો પણ એમાં સફળ થવાતું નથી. આકાશનાં એક ભાગ પર દૃષ્ટિ કરો અને નિરખો ત્યારે ખ્યાલ આવે કે હજી આ અનંત આકાશનો મોટોભાગ તો મારી દૃષ્ટિસીમાની બહાર જ રહી ગયો છે. આવા જ વિરાટ વ્યક્તિત્વવાળા મારાં પિતાશ્રી માણેકલાલભાઈની જીવનયાત્રાનાં અંતરંગ વિશે વિચારતાં હું અનોખું સ્પંદન અનુભવું છું.

મારાં પિતા માણેકલાલ પટેલ એટલે નિષ્કામ સેવાતત્પર, કાર્યકુશળ અને કર્તવ્યનિષ્ઠ, અધ્યાત્મપ્રેમી અને ભક્તહ્દયનો સરવાળો.

મારાં માટે પણ મારાં જીવનમાં ઈશ્વર પછીનું સ્થાન મારાં પિતાનું છે. આજે પણ મારાં જીવનનાં દરેક પગથિયે તે મને મારો હાથ પકડી આગળ લઈ જાય છે. મારી વાણી, વર્તન, વિચાર ,સંસ્કૃતિ, શ્રદ્ધા,આત્મવિશ્વાસ અને મારી રગેરગમાં વહેતું દરેક વર્તન તેમનું જ સિંચન છે.

ખૂબ જ નાની ઉંમરમાં માતાપિતાની છત્રછાયા ગુમાવેલ બાળકમાં સામાજિક, આધ્યાત્મિક, કૌટુંબિક , રાજકીય અને વ્યક્તિગત ઉચ્ચ જીવન જીવવાની કળા પ્રભુની કૃપા વગર અશક્ય છે. કોઈ પણ જાતની અપેક્ષા વગર 'નિ:સ્વાર્થ સમાજસેવા' તેમનો જીવનમંત્ર રહ્યો છે.

નિ:સ્વાર્થ દેશસેવા અને સમાજસેવામાં રસ ધરાવતા હોઈ કૉલેજકાળ દરમિયાન જ ગાંધીજીની ચળવળમાં જોડાઈ ભણવાનું છોડ્યું અને જીવનભર ખાદી પહેરી. યૌવનકાળથી જ આર.એસ.એસ. સાથે જોડાઈને સંઘનાં ગુજરાતનાં સેવામંત્રી તરીકે સેવા આપતા જ મોક્ષગતિ પામ્યા.

સમાજસેવા અને વ્યસ્ત વ્યાવસાયિક જીવન સાથે પ્રભુભક્તિ તેમના જીવનનું અવિભાજ્ય અંગ રહ્યું હતું. તેમના ભક્તિસભર ધાર્મિક જીવન અને પ્રભુ પ્રત્યેની અખંડ શ્રદ્ધાની અમારા જીવન પર પણ ઊંડી અસર રહી છે.

વ્યવસાયે પ્રિન્ટિંગપ્રેસ હોવાથી વિદ્વાન લેખકોની સગાંસંબંધી જેવી જ અવરજવર અમારે ઘેર રહેતી. જેની અસર હેઠળ મારો સાહિત્ય પ્રતિ પ્રેમ પાંગર્યો.

શ્રી રવિશંકર મહારાજની હાજરીમાં ખાદીનાં સૂતરનાં તાંતણે બંધાયેલ મારાં માતાપિતાનું લગ્નજીવન ખૂબ સુમધુર અને રસિક હતું. તેમના આધુનિક વિચારસરણીવાળા ,મૈત્રીપૂર્ણ દાંપત્યજીવન સાથેના કૌટુમ્બિક જીવનમાં અમારાં ઉછેરથી અમારા સૌ ભાઈબહેનનો માનસિક વિકાસ પણ સરસ થયો.

દેશસેવક અને સમાજસેવક તો એવા કે દેશની કે સમાજની કોઈ પણ જરૂરિયાતમાં હાકલ પડે કે તે બધું કામ છોડી સેવા કરવા પહોંચી જતાં. તે કચ્છમાં ધરતીકંપ હોય, ભોપાલ ગેસ દુર્ઘટના હોય, મોરબીનો મચ્છુ ડેમ તૂટ્યો હોય કે અડોશીપડોશીની નાનામાં નાની જરૂરિયાત હોય માણેકલાલ ખડે પગે હાજર જ હોય!

તેમનાં વ્યસ્ત જીવન વચ્ચે પણ અમારી જરૂરિયાતનાં સમયે તે બધું છોડીને અમારી પડખે ઊભા રહેતા. મારી બધી જ માંદગીમાં તે 'મારી મા' બની મારે ઓશીકે , મારાં માથે હાથ ફેરવતાં અચૂક બેઠાં જ હોય! તેમનાં માનસિક સપોર્ટ, ઉચ્ચ સંસ્કારથી અમારા જીવન પાંગર્યા છે. દરેક જન્મે ભગવાન મને તેમની જ પુત્રી બનાવે.

પિતાને શત શત નમન, મારે માટે તો દરેક દિવસ

## મારા પિતા...

મારા બાપુજી જેને અમે "બાપી" નાં હુલામણા નામથી બોલાવતાં હતાં..

મારા "બાપી" અમારા કુટુંબના, પરિવારના સમજદાર મોભી હતાં..

જન્મ આપી ને માતા? જનેતા બને? છે..

જ્યારે

ઉછેર કરવામાં આવતી અડચણોને દૂર કરવા પિતા ફરિશ્તા બને છે..

માતાની લાગણી હંમેશા દેખાય? છે

જ્યારે પિતાની લાગણી? રોજ અનુભવાય છે..

મારા "બાપી" ને લેખન, વાંચનનો શોખ હતો..

એમને રોજનીશી, જીવનનાં અનુભવ તથા ભવિષ્યના વિચારો લખવાની આદત હતી..

પોતાની ભૂલો અને અનુભવથી આગળ વધવાની એમનામાં આવડગત હતી..

બીજાની વાતો સાંભળતા, સમજતાં અને જરુર પડે તો સલાહ પણ આપતાં..

પરિવારના દરેક સભ્યોની જરૂરિયાત ને સમજતાં અને પૂરી કરતાં..

મગજ ગરમ થાય ત્યારે મોટેથી પણ બોલતાં, પણ પળવારમાં નાના બાળકની જેમ હસી પડતાં..

એમને ધંધાની પણ સૂઝબૂઝ સારી હતી..

હંમેશા કહેતાં કે નોકરી કરી કોઈના ગુલામ થવું એના કરતાં ધંધો કરી પોતાની આવડત વધારવી..

ધર્મ પણ એમને ગમતો.. ધર્મ નો સાર સમજતાં અને જીવનમાં ઉતારતાં..

રહેણીકરણી એમની એકદમ સાદી અને સરળ હતી..

કહેવાય છે પિતાને દિકરી વ્હાલી હોય છે..

હું પણ ?મારા ૩ મોટાભાઈ પછીની એમની? લાડલી દિકરી..

આજે ૫૦ વરસ પહેલાં ની વાત કરું તો એમના શોખ નહીં પણ? વિચારો આધુનિક હતા..

મને ઝ્ઙ્ઙ્ઝીષ્ઠી મોકલી મારો અભ્યાસ પૂરો કરાવ્યો..

મારી પડખે સદા રહેતાં..

મારી વાતને સમજતાં અને મારા બધા શોખ પૂરા કરતાં..

આજે "બાપી" ને ગયા ૧૭ વર્ષ થઈ ગયાં..

આજે એમને યાદ કરી શબ્દોમાં જીવંત કરવાનો મને મોકો મળ્યો છે..

આજે હયાત નથી પણ

સદા ધબકે છે દિલમાં,

"મારા પિતા"

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




આ એક દિવસની વાત નથી,

સદા મહેંકે છે જીવનમાં,

"મારા પિતા"

લખવાનો વારસો આપી,

સદા? ટહુકે છે વિચારોમાં,

"મારા પિતા"

લાગણીઓથી નવડાવનાર " માતા"છે..

માંગણીઓને પૂરી? કરનાર "પિતા" છે..

આ ધરતીના ભગવાન છે

"માતા પિતા" **Akya shan** (મુંબઈ )

---

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

આજે ફાધર્સ ડે નિમિત્તે મારા પૂજ્ય પિતાશ્રી ની સંઘર્ષ ની યાદ આવી ગઈ ને આપની સાથે શેર કરવાનું મન થયું.

૦૮-૧૨-૨૦૦૯ ના દિવસે ૯૩ વર્ષની એ સંઘર્ષ મય જીન્દગી એ એની લીલા સંકેલી લીધી.

હજુ યે મગજમાં બેસતું નથી કે એવું કેવી રીતે શક્ય બન્યુ હશે. ૪૨ વરસની ઉંમરે ગામના એક ચાર ચોપડી ભણેલા માણસને પોતાના છ સંતાનોના જીવનની ચિંતા થવા માંડી ને કુટુંબની નારાજગી વ્હોરી અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. લખલૂંટ પૈસો હતો એ ઘરમાં તો યે નારાજ થયેલા માબાપે હાથે પગે કાઢ્યા ઘરમાંથી.

એ બાપની હિંમતને સલામ કે જે ઝાઝુ ભણેલા નથી, આઠ માણસનો પરિવાર છે સાથે, રહેવા માથે છાપરું નથી, કાલે શું ખાવું એની વ્યવસ્થા નથી, અમદાવાદ માં કોઈ ઓળખતું નહીં ને તો યે અમદાવાદ જેવા મોટા શહેર માં આવી ગયા.

યોગ્યતા કે આવડત જે ગણો એ એટલી જ કે ઘરના વેપાર નું નામું એ લખતા તા, તો નામું લખતા આવડતું તુ.

૧૩૫ રુપીયા ના પગારની નોકરી મળી ગઈ ને ૨૦ રુપીયા ના ભાડાનું ઘર. જંગ જીતી ગયાના આનંદ સાથે ૪૨ વરસની ઉંમરે એ માણસે જીંદગીની નવી ઈનિંગ રમવાનું શરુ કર્યું.

નવું શહેર, મનમાન ખર્ચા, છ સંતાનોની ફી, પુસ્તકો, યુનિફોર્મ, મકાનનું ભાડુ ને બીજા એવા ઘણા ય જીવન જરુરી ખર્ચા, તો યે લક્ષ તો એક જ, સંતાનોને ભણાવવાનું.

સવાર નું પાર્ટ ટાઈમ નામું, દિવસની નોકરી ને પાછુ રાતનું પાર્ટ ટાઈમ નામું, સવારે આઠ વાગે નીકળી રાત્રે દસ વાગે ઘરે આવતા પણ તો યે જીંદગીથી કોઈ નારાજગી નહીં.

જે માણસે ચાલીસ વરસ સુધી દોમ દોમ સાહ્યબી વચ્ચે એનું જીવન વિતાવ્યું હોય એના માટે આ બધું કઠોર અગ્નિપરીક્ષા જેવું જ કહેવાય ને !

સિત્તેર વરસની ઉંમર સુધી હસતા હસતા કામ કર્યુ ને આનંદ ના દિવસો આવ્યા ત્યારે જીવનસંગીની એટલે કે મારા માતુશ્રી નો સાથ છુટી ગયો.

સાથ છુટી ગયાની જરાપણ વેદના ચહેરે બતાવ્યા વગર વીસ વર્ષ સંતોષ પૂર્વક જીવી, પોતે હાંસલ કરેલા લક્ષના આનંદ સાથે વિદાય લીધી.

આવા એ બાપ માટે શબ્દો જ ના જડે અંજલી આપવા..નત મસ્તકે, અશ્રુ ભરી આંખો થી ભાવ પૂર્ણ નમન.જયેન્દ્ર દેસાઈ, (અમદાવાદ)

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

---

## સતત પરિશ્રમનો પર્ચ પિતાજી

અનાદિકાળથી "પિતૃ દેવો ભવ" એ ઉક્તિ દ્વારા પિતાજીના પાત્રને જગતે સન્માન પૂર્વક બિરદાવેલ છે. પિતા એટલે કાયમ ફરજો, કામકાજ અને કસોટીની ચિતા પર ચડતું પાત્ર પણ ક્યાં સુધી?કયા કારણે? અને કોના માટે? કેટલું ખપીખુટવાનું?તેની કોઈ મુદત જ નક્કી ન હોય ને?!?! તેમ છતાં એ મહેનતવાળું કરકસરિયું જીવન મોજથી જીવે જાય છે. એટલે તો તેને સંસારનું મહાપુરુષ - પુરષોત્તમ કહેવામાં આવે છે. દુનિયામાં કોઈ વ્યક્તિને બાપ ન હોય તો તેવા સંતાનોને દુનિયાદારીની તકલીફોથી બચાવવાવાળા ફરિશ્તાઓ ભાગ્યે જ મળે છે. ઘણીવાર "બાપ એવા બેટા અને વડ એવા ટેટા "એ કહેવત ખોટી પણ પડે છે. વળી ક્યારે બાપ જેવા જે બેટા કુટુંબને સમાજને અને દેશને મળતા ન હોય તો તેમાં સંતાનને બચપણમાં મળતા શિક્ષણ, સંસ્કાર બહુ જ મોટો ભાગ ભજવી જાય છે. વળી આવા વ્યક્તિના સમગ્ર કાર્યો સંપૂર્ણ જોરજોશથી થતાં તથા દરેકની સર્વાંગી પ્રગતિ થાય છે.

પિતાજી હસ્તે મોં એ કુટુંબની બધી જ મુશ્કેલીઓને સ્વીકારીને પોતાના જીવનની મોટાભાગની સુખ શાંતિનું બલિદાન આપે છે, તો પણ કોઈની પાસેથી વખાણની અપેક્ષા રાખતા નથી. મોટાભાગના કુટુંબોમાં જ્યારે એક કમાનાર અને વધારે ખાનાર હોય તો પિતાની ભૂમિકા આખરી આડકતરી અને અસહ્ય અકળામણ આપનારી હોય છે. આર્થિક, સામાજિક, કે આરોગ્યની લગતી જવાબદારીઓ નિરપેક્ષ રીતે કુટુંબમાં પૂરી પાડનાર પિતા એક દેવદૂત સમાન હોય છે. તેથી વખાણ ન થાય તો ભલે! પણ તેનું અપમાન ન કરવું ઘણીવાર એવું પણ બને છે કે,ઓછા કપડાં અને ઘસાઈને ફાટી ગયેલા બનિયાન મોજાંથી પણ કૌટુંબિક કરકસર માટે હસતાંમોંએ પહેરવેશ ચલાવી લેનાર પિતા કુટુંબના અન્ય સભ્યોના વસ્ત્રો,દાગીના, ભોજન,મનોરંજન અને શોખમાટે ઘણોખર્ચો કરી દેતા હોય છે.

દરેક પિતા આપણા સમાજનું માળખું સામાજિક અને કલ્યાણકારી બની જાય તેવા પ્રયત્નોકરે છે . તો પછી ગમેતેમ રીતે કુટુંબની તમામ વ્યક્તિઓએ પણ પિતાને સાથ,સહકાર આપવો અનિવાર્ય બની જાય છે.તદુપરાંત કુટુંબ સમગ્રના નાનામોટા પ્રસંગો,મનોરંજન, યાત્રા પણ જે તે કુટુંબના પિતા દ્વારા સમયાંતરે થતા રહે છે. અનુભવે તો દરેકને સમજાય છે કે, માબાપ બંને સંસારરૂપી રથ નાં બે પૈડાંરૂપી ભૂમિકા બજાવે છે. જેમાં સર્વે નાના મોટા કુટુંબીજનો આનંદપૂર્વક પોતાના જીવનનો યાત્રા પ્રવાસ સુખ શાંતિથી કરતા હોય છે. તેથી આપણે સર્વેએ કુટુંબ દેશ અને દુનિયાનું ભલું ઈચ્છિને પિતૃદેવો ભવાની ભાવનાને મૂર્તિમંત કરી પ્રગતિશીલ વિશ્વમાના નિર્માણ કાર્યમાં અગ્રેસર રહેવું જોઈએ.

અસ્તુ...!
"પ્રપાશી "પરેશ મ. પાઠક (અમદાવાદ)
પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

## મારા પિતાજી.....

મારુ વતન બોટાદ ગામમાં છે, આ બોટાદ ગામ અત્યારે ગુજરાત રાજ્યનું એક જિલ્લા મથક છે. આ બોટાદ ગામમાં જ મારા પિતા પોતાની સુજ-બુજ અને મહેનતથી એક સફળ વેપારી બન્યા અને પોતાની આબરૂદાર છાપ ઉભી કરી. મારા પિતાજી, બદરૂદ્દીન રજબઅલીને અવસાન પામવાને ૫૦ વરસ થવા આવ્યા, એમના સમયનાં કાઠિયાવાડ અને ઝાલાવાડ નાં ગામોમાં જ્ઞાતિ અને પરજ્ઞાતિમાં જાણીતા હતાં અને કૌમી (જ્ઞાતિ) સામાજિક કાર્યકર જેવાં હતાં. પિતાજી
આભાર - નિહારીકા રવિયા ખુબ નમાજી અને પાક માણસ હતાં, જ્ઞાતિનાં વડા ધર્મગુરુ તરફથી તેમને સન્માનિત કરાયાં હતાં. મર્હુમ બહુ ભણેલા ન હતાં, પણ કોઠાસૂઝ અને વ્યવહારુ હતાં , તેઓનો કંઠ સારો હોવાનાં કારણે જ્ઞાતિ ની ધર્મ સભાઓંમાં મરસીયા (શોક દર્શાવવાની કવિતા) અને કસીદાઓ પઢતા. દુકાનમાં હિસાબ રોજમેળનો ચોપડો બરાબર વ્યવસ્થિત રાખતાં. તેઓ હિન્દૂ મુસ્લિમ એકતાનાં હિમાયતી અને પ્રતિક હતાં. શારીરિક રીતે સ્વસ્થ હતાં ત્યાં સુધી, દર દિવાળી અને નવા વિક્રમ સવંત વરસ ની સવારે, ઘોડા ગાડી કરીને, ગામના આગેવાન વેપારીઓ નાં ઘરે જઈને 'સાલ મુબારક' કરી આવતા. તેઓ હંમેશા સફેદ કોટન નો પાયજામો અને સફેદ કોટન નું લાબું ત્રણ ડબલ ગાજ વાળું, સોનાનાં બટનો સાથેનું શર્ટ પહેરતાં અને માથે વોહરાજી ટોપી અચૂક રહેતી, શૂઝ (જૂતાં) હંમેશા તેમના માનીતા મોચી એ બનાવેલ જ પહેરતાં. ઘણાં લોકો અને ગ્રાહકો એમને શેઠ કહીને બોલાવતા.

મારા પિતાજી ને, સારંગપુર અ. પ. સ્વામી નારાયણ મંદિરનાં સ્વ. પ્રમુખ સ્વામી સાથે સારા સંબંધો હતાં અને પ્રમુખ સ્વામી તેમને શેઠ કહીને જ બોલાવતાં. સારંગપુરમાં એક કષ્ટ ભંજન હનુમાનજી મંદિર પણ ઘણું જૂનું છે, આ મંદિર નાં કોઠારી સ્વામી સાથે પણ મારા પિતાજીને સારા સંબંધો હતા. મારો માધ્યમિક શાળા અને કોલેજ અભ્યાસકાળ બહારગામ થયો હોવાથી અને પછી નોકરી ધંધા માટે પરદેશ ગયો તેથી પિતાજી સાથે બહુ રહી શક્યો નથી. પરંતુ મારી ગેરહાજરી તેમને સતાવતી. જ્યારે મેં પરદેશમાં થી મારી પહેલ કમાઈમાં થી તેમને ૫૦૦૦/- રૂપિયા મોકલાવ્યા તો તેઓ ઘણા ખુશ હતા અને તેમના મિત્રો અને સંબંધીઓને કહેતા કે "મારા દીકરાએ મને પરદેશ થી પૈસા મોકલાવ્યા છે". મને ઘણું દુઃખ છે કે તેમના અંતિમ સમયમાં હું તેમની સેવા ન કરી શક્યો. પરંતુ તેમને હું હંમેશા યાદ કરું છું અને તેમની યાદો વાગોળતો રહું છું. પાક પરવરદિગાર તેમના રૂહને શાતા બક્ષે. આમીન

ઈબ્રાઈમ ત્રિવાડી ભાવનગર ( હાલ કુવૈત)
પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

## "પિતૃદેવો ભવ"

ફાધર્સ ડે ના દિવસે આપણાં પિતાને સલામ કરીએ કે જેને આપણને જિંદગી જીવવાનો,જીતવાનો અને બનાવવાનો તરીકો બતાવ્યો.મારાં પિતાશ્રી કાન્તિલાલ રતીલાલ શાહ ઉમાશંકર જોષી અને યશવંત શુક્લ નાં એમ.એ.વીથ ગુજરાતીની પહેલી બેચનાં વિધ્યાર્થી, આઝાદીની લડતનાં લડવૈયા વિનોદ કિનારીવાલા(જેની ખાંભી ગુજરાત કોલેજમાં છે)ની ગેન્ગ નાં સૈનીક.
હું ૧૪ વર્ષનો હતો ને મારાં પિતાશ્રી સ્વર્ગવાસી થયાં હતાં.આટલી નાની ઉમરે તેમને મને શીખવેલું,તેમની રહેણીકરણી માંથી મેળવેલું,તેમનાં મિત્રો ની મહેફીલ માં થતાં વિચારોનાં આદાન-પ્રદાન માંથી શીખેલું કે જેમાં શેખાદમ આબુવાલા જેવાં કવિ,ડો.નરોત્તમ વાંળદ જેવાં લેખક, નટુભાઈ પરીખ જેવાં ચિત્રકાર, અરુણભાઈ ત્રિવેદી જેવાં વકીલ, રમણભાઈ પરીખ જેવાં ગોળ નાં વેપારી, ભાઈલાલભાઈ જેવા કાપડ નાં વેપારી, શાંતિભાઈ રમી નાં અઠંગ ખેલાડી શામિલ હોય અને તે મહેફીલ દેવસાનાં પાડે અમારાં ઘરે રવિવારે સવારે ૯ વાગે ચાલુ થાય અને બપોરે ૨ વાગે પતે. ચંદ્રવિલાસનાં ફાફડાં-જલેબી, ભાવનગરીનું ચવાણું,ઘાંચીની પોળની કચોરી,શેરબજારની બાજુની ખોલી જેવડી દુકાનનાં મિક્ષ ભજિયાં, નાગજીભુધરની પોળનાં ફાફડાં અને વણેલાં ગાંઠીયાં રવિવારનું ફિક્સ મેનું, ફિક્સ ટાઈમ,જિંદંગી જીવી જાણવાંનો એક માત્ર અભરખો.આ બધું હું મારાં પિતાશ્રી પાસેથી શીખ્યો.

ઉમાશંકર જોષી કહે કે કાન્તી તારાં બેન્કનાં ૬૦૦/-રુ.નાં પગાર માં ૪૦૦/-રુ.ઘરખર્ચ માટે આપી દે છે ને બાકીનાં ૧૦૦/-રુ.ગુજરી માંથી પુસ્તક ખરીદીમાં અને ૧૦૦/-રુ.મિત્રો ભેગાં કરવાનાં તારાં શોખમાં જાય છે,તો છોકરાંઓ માટે શું બચાવીશ.ત્યારે હસતાં હસતાં તેઓ કહેતાં કે જો છોકરો લાયક પાકશે તો મારાં પૈસાની તેને જરુર નથી અને નાલાયક પાકશે તો મારે તેને મારી મહેનત નાં પૈસા આપવાં ની જરુર નથી.તેમને અમને શીખવ્યું હતું કે તમારાં માં જે બેસ્ટ હોય તે સમાજમાં આપો અને સમાજ માં જે કાંઈ બેસ્ટ છે તે તમે મેળવવાંની કોશીશ કરો.

મિત્રોની ચર્ચામાં મેરેજ લાઈફ વિશેની તેમની ફિલસુફી કાંઈક આવી હતી. સામેનાં પાત્રને શું જોઈતું હતું અને તમે શું આપ્યું અને તમારે શું જોઈતું હતું અને સામેનાં પાત્રએ તમને શું આપ્યું.આ બંન્નેનાં માર્કસ ની સરખામણી એટલે તમારી મેરેજલાઈફની માર્કશીટ.૧૪ વર્ષની ઉમરે તમને અમે ગુમાવ્યાં અને અમે આટલું શીખ્યાં,જો તમને અમે ના ગુમાવ્યાં હોતતો અમે તમારાં માંથી કેટલું શીખ્યાં હોત." ન્દ્રી ર્રૂ મોટાભાઈ(ઘર માં બધાં તેમને મોટાભાઈ કહેતાં).મને તમારાં પુત્ર હોવાનું ગૌરવ છે.બહુ ઓછાં નશીબદારોને આવાં પિતા મળે.
જિતેન્દ્ર શાહ.(અમ્દાવાદ)
પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

## 'પિતા પરિવારનો પાયો છે'

પિતાનાં વ્યક્તિત્વને શબ્દોમાં ઢાળી પરિભાષિત કરવું શક્ય જ નથી. પરંતુ જ્યારે બધાં સંબંધો માટે ખાસ દિવસ મનાવવામાં આવતાં હોય ત્યારે સંસાર રથનાં સારથી પ્રત્યે અહોભાવ વ્યક્ત ન કરીએ તો નગુણા કહેવાય. પરંતુ શું એક દિવસ પર્યાપ્ત છે પિતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે? અરે પિતાનાં પગ ધોઈ દરરોજ પૂજીએ તો પણ ઋણ ચૂકવવા માટે અસમર્થ છીએ. શબ્દ ભાવનાઓને પ્રગટ કરવાનું સુંદર માધ્યમ છે પરંતુ ક્યારેક આ માધ્યમ વામણું સાબિત થઈ જાય છે પિતા પ્રત્યેનાં ભાવો ને પ્રદર્શિત કરવામાં. 'મા' સ્તંભ છે પરંતુ 'પિતા' પરિવારનો પાયો છે. જેની પીઠ પર ઈમારત ઊભી છે આખાયે પરિવારની. આંખોનું પાણી પીવાની કળા ખૂબ જાણે છે પિતા. શું જોયું છે ક્યારેય પિતાનાં ઓશિકાનું ભીનું કવર?
બધાને સાંત્વના તેમજ હિમ્મત આપતો તે શખ્સ અંદરથી કાટમાળ હોય છે છતાં જણાવવા નથી દેતો. પોતાનાં શોખને કોરાણે મૂકી ઘરનાં બધાંનાં કોડ પૂરા કરી સંતોષનો ઓડકાર લેતો હોય છે. દિકરા માટે દરિયો હોય છે પિતા. પોતાનું ભવિષ્ય દિકરાની સફળતામાં જોતાં દિકરાને દરેક સુખ-સુવિધાઓ આપવા પાઈ-પાઈ ખર્ચી નાંખે છે. તેમજ દિકરી માટે આસમાન છે પિતા. દિકરીનાં મોં માંથી નીકળતી ખ્વાહિશ પૂરી કરવા પોતાની હેસિયત કરતાં વધુ ખર્ચ કરતાં અચકાતાં નથી.
લેખકોએ દરેક વિષય પર લખવામાં કશું બાકી નથી રાખ્યું પરંતુ બધાંએ એક પાત્રને અણમાનીતુ હોય તેમ તેનાં વિશે લખવામાં કેમ કંજૂસી કરી? તે પાત્ર છે 'પુરુષ' અથવા 'પિતા' જેનાં યોગદાન વીના સંસાર રથ ચલાવવો શક્ય જ નથી. જેની છત્રછાયા હેઠળ આખોયે પરિવાર નિશ્ચિંત બની જીંદગીને જશ્નની જેમ માણતાં જીવતો હોય છે. મા-બાપનો સહારો, પત્ની નું સર્વસ્વ તેમજ બાળકોનાં રાહબર પિતા જીંદગીની થપાટો સામે ઝઝૂમતા વિતાવી દે છે. ટૂંકમાં કહીએ તો પિતા સહનશીલતાનું પ્રતિક છે.
ભલે પિતા બાળકો પર માંની માફક લાગણી ઢોળી નથી શકતા પરંતુ બાળકની દરેક જરુરીયાતનો પર્યાય પિતા, પરમપિતા પરમેશ્વર થી કમ નથી હોતાં. પણ બાપલા સિંહથી પણ સવાયો હોય છતાં એ પિતા જ્યારે જીગરનાં ટુકડા જેવી દિકરીને સાસરે વિદાય આપી વળાવતો હોય ત્યારે પોકે-પોકે રડવામાં જરાય શરમાતો નથી. આસપાસની ભીડને ભૂલી ચોધાર આંસુડે રડતાં વેવાઈનાં પગમાં પાઘડી મૂકી કહે છે કે, "જો જો..! મારી દિકરીને મેં ફૂલની જેમ સાચવી છે તેની આંખોમાં ક્યારેય આંસુ ન આવે." દિકરીની આંખો માંથી સરતું આંસુનું એક ટીપું પિતાને સો મોત મારે છે. તેમજ દિકરાનું ઉદાસ મોઢું પિતાનાં હૃદયને વલોવી નાંખે છે. છે કોઈ જગમાં પિતાથી વધું મહાન?.

ભાવના ઠાકર 'ભાવુ' બેંગલોર

---

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ.

હવે ફાધર્સ ડે નિમિત્તે પપ્પા વિશે લખવાનું એટલે સિરિયસ જ લખાય એવું તો ન જ હોય ને ! તો થોડું અલગ પણ મસ્ત લખાણ 'પપ્પા ' વિશે :

તમને ખબર હશે કે સમાજમાં પપ્પાઓ અલગ અલગ પ્રકારના હોય છે. જેમ કે...

ભારેખમ પપ્પા : આ ટાઈપના ફાધર વજનમાં તો ખબર નઈ પણ સ્વભાવમાં તો બહુ ભારેખમ. નોકરી કે ધંધા પરથી આવે એટલે મોઢું ભારેખમ રાખે, ધીમેથી સોફા પર કે હીંચકા પર બેસે. પત્ની કે છોકરું પાણી આપે. પીએ પછી આળસ ખાય. ઓહો આજે બહુ થાકી ગયો છું. જમીને સુઈ જઈશ. આ બાજુ પત્ની અને છોકરાઓ મોઢું વકાસીને એકબીજા સામે જુએ રાખે. નિસાસો નાખ્યાં કરે કે આજેય બરફ ખાવા નઈ જવાનું...

સતપતિયા પપ્પાઃ આ ટાઈપના ફાધરોને જરીય ચેન ના હોય. સવારે ઉઠીને ઝાપટિયું લઈને ઝાપટ ઝૂંપટ કરતા હોય.એમાં એકાદ ઝાપટ ઉંઘતી પત્નીને હો વાગી જાય ભલું પૂછવું .પોતે કંઈ ને કંઈ કામ જ કર્યા કરતા હોય . ઘડીમાં ફ્રીઝ સાફ કરવા બેસી જશે તો ઘડીમાં કબાટ. ઘરમાં પોતુય મારી દે . મમ્મી બિચારી વિચારે કે આ ભાઈ તો નોકરી પર જ સારા ...

વરણાગીયા પપ્પા : આ પપ્પાઓ બહુ અઘરા. એમનું જમવાનું પણ નક્કી. આ જ ભાવે. પેલું ના ભાવે એના જેવું, પાછું સ્વાદમાં જરાય ચલાવી ન દે. પાછા નખરાય બહુ .જરી જરી વારે માથું ઓળ્યા કરશે. બુટ ચમકતા જ જોઈએ. શર્ટ પેન્ટ પર જરાય કરચલી ન હોવી જોઈએ. ઈનશર્ટમાં જ રહેવાનું.વગેરે વગેરે વગેરે...
ગમે તે પ્રકારના પપ્પાઓ હોય પણ બૉસ,સો વાતની એક વાત ,ગમે તેવા ( પપ્પા ગમે એવા જ હોય છે) પપ્પા હોય પણ એ એમની જવાબદારી બહુ જ સુમેળે નિભાવતા હોય છે. બિચારા પોતાના કુટુંબ માટે નીચોવાઈ જશે એ પણ હસતા મોઢે પણ હાર નહીં માને. પોતાના કુટુંબ માટેનું ઝુનુંન એટલી હાઈટ પર હોય કે ન પૂછો વાત. કુટુંબ પર ગમે તેવી આફત આવે આ પ્રાણી અડીખમ રહેશે. દરેક આફત એ પોતાની ૫૬ ઈંચ ની છાતી પર ઝીલી લેશે. પપ્પાને પોતાના કુંટુંબ માટે સંઘર્ષ કરતા જોઈ તમે જોજો કે છોકરી પણ એના હસબન્ડમાં પપ્પાની જ છબી શોધતી હોય છે અને છોકરો બિલકુલ પપ્પા પર જ જતો હોય છે. તો આ છે પ્રભાવ પપ્પાઓનો...
તો સર્વેને હેપ્પી ફાધર્સ ડે
જતીન ભૂપેન્દ્રભાઈ ભટ્ટ ' નિજ '(ભરૂચ)

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ..

## ફાધર્સ ડે શું એ એકમાત્ર દિવસ છે પિતાને યાદ કરવાનો ?

જીંદગીના છેલ્લા પડાવે પણ જેમને હું ભૂલી શકી નથી એ મારા પિતા માત્ર જીવનદાતા જ નહીં પણ મારા જીવન ઘડવૈયા હતા. મારા જીવનના પહેલા હીરો હતા.
બાળપણમાં એમણે બાપ ગુમાવેલા પણ દાદીમા શિક્ષિત હતાં એટલે એમને ભણાવ્યા.

એ જમાનામાં વિશ્વામિત્રીમાં પૂર આવે તો સયાજીગંજનાં મકાનો બે માળ સુધી ડુબી જતાં.વડોદરામા હોડીઓ ચાલે ત્યારે દાદીમા એમના દીકરા માટે નાસ્તાના ડબ્બા લઈ હોડીમાં આવી આપી જતા.. દાદીમાની હિંમતે ગ્રેજ્યુએટ થયા.

સાહિત્યમાં ઘણો રસ હતો.એમની લાયબ્રેરીમાં બાયરન અને શેક્સપિયર હતા તો કવિ કલાપી, ન્હાનાલાલ અને કાલિદાસ પણ ખરા અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને લીધે ગાયકવાડ સરકારે એમની ફોજના જર્મન ઓફીસરોને અંગ્રેજીનું ટ્યુશન આપવા રાખેલા..એ જર્મન ઓફીસરોની સાથે રહીને માઉથ ઑર્ગન સરસ વગાડતાં શીખેલા.

મારો જન્મ ત્રીજી દીકરી તરીકે થયેલો.આગળ બે ભાઈ ગુજરી ગયેલા.એ જમાનામાં પહેલી દીકરી આવેને તો લક્ષ્મી આવી કહી પરાણે મન મનાવતાં . જ્યારે હું ત્રીજી દીકરી હોવા છતાં અપાર લાડકોડ પામી.એટલુ જ નહીં મારા જન્મ થયો એ દિવસે જ એમને પ્રમોશન લેટર મળ્યો એ લઈને ઘેર આવ્યા અને મારી દાદી અને માને બતાવી કહે જુઓ આ દીકરી એનું ભાગ્ય લઈને આવીછે.
આજથી પંચોતેર એંશી વર્ષ પહેલાં છોકરીના વાળને કાતર અડાડવી પણ પાપ ગણાતું ત્યારે એ એમના વાળ કપાવતા એ સલુનમા લઈ જઈ મારા વાળ કપાવતા.રડુ તો ફુગ્ગો અપાવી શાંત કરી દેતા

એ જમાનામાં ઘેર દરજી બેસાડી કપડાં સીવડાવતા.ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની સન્ડે પૂર્તિમાંથી ફ્રોકની ડીઝાઈનોના કટીંગ સાચવી રાખતા અને એપ્રમાણે મારાં ફ્રોક સીવડાવે.
આમ મને કેટ કેટલાં લાડ લડાવેલાં.જે ભૂલ્યા ભૂલાય નહીં.
એકવાર તો સરદાર વલ્લભભાઈ પટેલની સભામાં મને લઈ ગયેલા.એમનુ લેક્ચર સમજવા જેટલી ઉંમર નહોતી પણ સરદારનો ચહેરો મને બરાબર યાદ રહી ગયેલો..
મેટ્રિક સુધી જળગાવ માં ભણ્યા પછી મને અને મારા ભાઈને ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદ હોસ્ટેલમાં મૂકી ભણાવ્યા.

શું સ્મરૂ ને શું ના સ્મરૂ? ભાગ્યશાળી હતી કે આવી વ્યક્તિ માત્ર મારા પિતા જ નહીં ?મારા જીવન ઘડવૈયા હતા.અને કમનસીબ પણ એવી કે મારૂં કન્યાદાન કરવા સુધી રહ્યા નહીં..
માત્ર પંચાવન વર્ષની ઉંમરે પહેલા હાર્ટએટેક માં ગુજરી ગયા..

મારા પતિનો ચહેરો, કદ કાઠી મારા પિતાજી જેવો હતો કદાચ એટલે જ મેં એમને પસંદ કરી લીધેલા
મારા પહેલા હીરોને મેં ?એમનામા જોયા હતા.
હેમા પિનાકીન ત્રિવેદી 'કૃષ્ણ પ્રિયા' (અમદાવાદ)

NOG
સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




સાહિત્ય સંગીતનું વિશ્વ
sahitya sangeet nu vishwa

## પિતા - પહાડી હૃદયની ઋજુતા

માતા જયારે એક બાળકને જન્મ આપે તે પછી પિતા, તે બાળકના સુખ - સ્વાસ્થ્યના દાતા બને છે - જીવન પ્રણેતા બને છે. માતા મમતાની 'મૂર્તિ 'તો પિતા દરેક કામનાની 'પૂર્તિ' 'કરનાર બને છે. સુખકર્તા -દુઃખહર્તા - વિઘ્નહર્તા... આ બધા જ ગુણો એક પ્રેમાળ પિતામાં અચૂક જોવા મળે છે. તેઓ અમાપ આપે છે - "માપ્યા વગરનું આપે તે બાપા."

બાળક પા પા પગલી પાડતું થાય ત્યાર પછી તેના દરેક પગલાંની સુખાકારી માટે સવારથી સાંજ પોતાના પગરખાં ઘસી નાખતા પિતા, સંતાનના ભવિષ્યનો પાયો બને છે. પાયાઓએ પલાંઠીવાળી બેસવાનું ન હોય - સદા ટટ્ટાર ઉભા રહેવાનું હોય - પહાડની જેમ! 'પિતા હૃદય' હાલરડાં ગાવાની આવડત ધરાવતું હોય કે ન હોય, પણ તે વગર ગાયે પારણાંમાં ઝુલનારને સ્પંદિત કરી શકે છે. લાગણીશીલતા, સંવેદનશીલતા, ઋજુતા, વગેરે ગુણો, પિતાની ઉપર ઉપરની કડપ, સખતાઈભર્યા ચહેરા નીચે દબાઈ જતાં હોય છે પણ તે ગુણોનું અસ્તિત્વ તો છે જ. પિતાના અસલ સ્વરૂપને જટ પામી શકાતું નથી.

બાળક નાનું હોય ત્યારે ઘોડો બનીને તેને પોતાની પીઠ ઉપર બેસાડે, બાળક જરાક મોટું થાય એટલે ખભે ચડાવે અને પછી ચડાવવાનો ચસ્કો એવો લાગે કે પછી માથે પણ ચડાવે!! સંતાનનું માથું પિતાના ખભા સુધી આવે ત્યારે પિતા, સંતાન સાથે મિત્રતાના મોડમાં આવી જાય - મુડમાં આવી જાય ! પિતા સંતાનના આદર્શ બને તેવા આદર્શપણાંથી, વર્ષોથી પહેરી રાખેલો પુરૂષ સહજ કરડાકીનો મહોરો સંતાનના મોટા થતાં થતાં ઉતરે ત્યારે તેમાં પિતાનું ગૌરવ વધતું હોય છે. ફાધર બનવું સહેલું છે પણ 'ડિયર પપ્પા' બનવું એ જહેમત માંગી લે છે.

પરિસ્થિતિઓ તરફ પ્રેક્ટિકલ અપ્રોચ - વ્યવહારિક અભિગમ દ્વારા સંતાનની નાની મોટી તકલીફો કે ફરિયાદોને દૂર કરવાની કુનેહ પિતાને વધુ હસ્તગત હોય છે. બચપણમાં 'બા' નો હાથ ઝાલીને ચાલતા શીખાય અને આગળ વધતા જીવનમાં 'ચાલ' ની સમજ 'બાપા' પાસે શીખવા મળે. સંતાનો ચાલે કે ન ચાલે, પિતાઓ પગદંડીઓ તૈયાર રાખતા જ હોય છે.!

એક બાળક જન્મે એટલે ફક્ત માતાનો જ બીજો જન્મ થાય એવું નથી - પિતાઓમાં રહેલા માતૃ તત્વનો પણ જન્મ થાય છે. સંતાનના તન સાથે જોડાવાની તક ઈશ્વરે માતાને આપી પણ પિતાએ સંતાનના મન સાથે જોડાઈને મમત્વ ખીલવી જાણ્યું છે!
'મમત્વ' ફક્ત સ્ત્રીનો ઈજારો છે એ 'માન્યતા' ને પિતા અને પુત્રી વચ્ચેનો અકળ પ્રેમ રદ્દબાતલ કરે છે!
વ્હાલી દીકરીની વિદાય વેળાએ પિતાના પહાડી હૃદયમાંથી અશ્રુનો દરિયો વહી જતો હોય છે! ક્યારેક જ વહેતા અશ્રુઓ મીઠા થઈ જતાં હોય છે.! આ અશ્રુઓના દરિયાની મીઠાશની તોલે માતાની મમતા ફિકકી પડતી હોય છે.! પિતા પુત્રીનો સંબંધ મૂક સંવેદનાનો સંબંધ છે. જીવન સાથે સંકળાયેલા દુઃખ, દર્દ, પીડા,રાગ - ખટરાગ, પ્રેમ, ઈર્ષા વગેરે અનેક લાગણીઓની પરસ્પર આપ લેની નોંધ માનસિક સ્તરે લેવાતી જ હોય છે - બોલચાલથી જ સમજાય કે સંભળાય તેવું છીછરાપણું છેટે જ રહેતું હોય છે. સંતાનને છાતીએ વળગાડીને વ્હાલ કરવાનો પરવાનો માતાને જન્મજાત મળ્યો તેનો વસવસો ન કરતા, પિતા સંતાનનું છત્ર બનીને ઉભા રહેવાનો પરવાનો આજીવન મેળવી લે છે. પિતા રૂપી પહાડ વિઘ્નહર્તા બની સદા અડીખમ ઉભો રહે છે!

પિતાના હૃદયની વિશાળતામાં સંતાનની વેદના વિસામો પામતી હોય છે. તેઓ એક એવું વટવૃક્ષ છે જેનું દરેક પર્ણ સંતાનના જીવનની હરિયાળી બની સદાય લીલું જ રહે છે! પિતાનો ખોળો કદાચ વણખુંદાયેલો રહ્યો હશે પણ જેની છાયામાં જગ ખુંદી વળાય તેટલી વિરાટતા અનુભવાય તે પિતા.!

ફાલ્ગુની યતીન મહેતા (મુંબઈ)

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

## Happy Father's Dey

એક અલગ વ્યક્તિત્વ ધરાવતા મારા બાપુજી હતા.હંમેશા સફેદ કપડાં એટલે ધોતિયું, ઝભ્ભો અને કોટ આ એમનો પહેરવેશ. એમના જમાનામાં એમની ગણતરી પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં થતી. એમને મોઢામાં ચિરૂટ ની આદત અને ઘરે બ્રિજ રમવાનો શોખ. પણ શનિવારે સાંજે ક્લબ માં જાય પત્તા રમવા અને રવિવારે સાંજે આવે. ઘરમાં માતાજી ની સ્થાપના અને નવરાત્રી માં નવ દિવસ માતાજીની સેવા ચાકરી માં વિતાવે.નવ દિવસઊપવાસ પણ કરે. ખૂબ દાનવીર પણ ખરા અને સમાજમાં પણ સારી સેવા આપે.ઘરમાં પણ ખૂબ વ્યવસ્થિત રીતે રહેવાનુંઅને દિવાળી માં અચૂક સોનાનાદાગીનાઅને ચાંદી ની લગડી ખરીદે.પણ બા જોડે ક્યારેય બહાર જતા અમે બંને ને જોયા નથી.બા એ પોતાને ભગવાનમાં અને લાલા નીસેવામાં વાળી લીધા. એ અને એમનું ઘર અને ધરમ ધ્યાન.કોઈ દિવસબહાર ગયા હોય એવું અમારી જાણ માં આવ્યું નથી.દિવાળીમાં કે કોઈ લગ્ન પ્રસંગે બાપુજી એકલા જઈ આવે.ચિરૂટ અને તમાકુ ની લત એમને ખૂબ ભારે પડી ગઈ.એક દિવસ રસ્તામાં પડી ગયા ત્યારે બેભાન થઈ ગયા અને એમને હોસ્પિટલ માં દાખલ કર્યા ત્યારે ખબર પડી કેએમને કેન્સર છે અને બ્રેઈન ટયુમર છે.એક મહિનો હોસ્પિટલમાં રહ્યા પછી ઘરે આવ્યા ખૂબ જ શરીરલેવાઈ ગયું અને એમની માટે કેર ટેકર રાખવો પડ્યો. એક દિવસ એમણે ચિરૂટ અને તમાકુ માટે જીદ કરીઅને કર ટેકર ને બેલાફા મારી દીધા. કેર ટેકર ઘરે આવ્યો અને બા ને ફરિયાદ કરી. બા ને કોણ જાણે ખૂબ જ ગુસ્સો આવ્યો અને એમણે બાપુજી ને એક કલાક માંસાત પેઢી સુધીનું અને પોતાના લગ્ન જીવનની શરૂઆત થી અત્યાર સુધીનુંબધું જ સંભળાવી દીધું અનેપોતાનો ઉભરો બહાર કાઢી ટેબલ પર તમાકુ, ચિરૂટ અને બાજુમાં પોતાનું મંગળ સૂત્ર મૂકી દીધું.કહી દીધું કે તમને જે ગમે એ ઉપાડી લ્યો.જો તમે ચિરૂટ કે તમાકુ લીધું તો આજ અને અત્યારે જ હું જતી રહીશ. બાપુજી ને કોણ જાણે શું થયું કે એમણે નીચે વળી ને બા ની માફી માગી અને અડધો કલાકરડ્યા.

ઘનશ્યામ વ્યાસ 'શ્યામ' (મુંબઈ)

**Text Box:**

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

## મારા પિતા સાથેના સંસ્મરણો

"આપણા સામાજિક ઢાંચામાં, લગ્ન સંસ્કાર થકી, આવનારી પેઢીનું સર્જન અને જતન સારી રીતે થાય એ આશયથી માતા પિતાની આગવી ભૂમિકા રહેલી છે .હું એવી નસીબદાર વ્યક્તિઓમાંની એક છું કે, મને માતાની સાથે પિતાનો પણ અસીમ પ્રેમ પ્રાપ્ત થયો છે. મારા પિતા ,'શ્રી દુષ્યંતભાઈ લાખિયા' વ્યવસાયે રાષ્ટ્રીયકૃત બેન્કના કર્મચારી. એટલે જિંદગીનું પાયાનું ગણિત અને નાણાકીય લેવડદેવડની પ્રક્રિયા એમની પાસેથી શીખી.

હું આશરે દસેક વર્ષની હોઈશ..ત્યારનો એક સ્મરણીય પ્રસંગ છે. રવિવાર હોવાથી અમે લો-ગાર્ડન ત્રણે જણા ફરવા ગયેલા. પિતાના ગુરુ શ્રી બુદ્ધિભાઈ અમને ત્યાં મળ્યા. એમની ઓળખાણ બાદ, નીકળતા હતા ત્યારે પપ્પાએ મને શીખવાડ્યું કે, 'આપણાથી મોટી વ્યક્તિઓને મળીએ, ત્યારે બે હાથ જોડી એમને વંદન કરવા.' સામાજિક જીવનની પ્રથમ ઔપચારિકતાનું શિક્ષણ મેં ત્યાંથી પ્રાપ્ત કર્યું. રસોઈ અંગેની ઊંડી સમજને લીધે જમણવારના મોટા રસોડે એમની હાજરી હોયજ . મહારાજ દ્વારા રસોઈને શણગારવાની થતી કરામત, આટી -ઘૂટી અને સમય સમજી સંચાલન કેવી રીતે કરવું! એની વાતો સાંભળી હું ઘડાઈ છું.

આર્યુવેદિકનું જ્ઞાન ઊંડું એટલે એનો લાભ મેં ઘણો મેળવ્યો છે. મારે આર્ટીકલ લખવાનો હોય કે મારા મનગમતા સાહિત્યકાર વિશેના એમની સાથે ચર્ચા કરી હોય અથવા તો મને ગમે એવી બાબત એમણે કશે વાંચી હોય તો એ પિન મારી મારીને મારા માટે રાખતા અને આગ્રહ કરતાં કે હું વાંચી લવ . એમનો એવો મત કે આ બધું વાંચવાથી આપણે માનસિક રીતે સમૃદ્ધ બનીએ છીએ. ભાષા ઉપર એમની પકડ મને ગળથુથી માંથી મળી હોય એવું હું માનું છું. એ પોતે પણ ખુબ સરસ રચનાઓ કરે છે.

## પડદા પાછળનું કિરદાર એટલે પુરુષ....

આપણાં સમાજમાં પહેલેથી જ સ્ત્રી કે મા વિશે ઘણું લખાય છે. પણ એક પુરુષ વિશે ઓછું લખાય છે. જયારે પણ કોઈ લેખ છપાય અથવા કોઈ ચર્ચા ચાલે તો સ્ત્રીને ત્યાગ અને બલિદાનની દેવી કહેવામાં આવે છે. કે જેણે નવ મહિના બાળકને પોતાની કૂખમાં રાખવાથી માંડીને તેનાં પાલન, પોષણ પાછળ પોતાની જાત હોમી દે છે. એ સત્ય છે. પણ પડદા પાછળ રહી કયારેય કોઈ હરફ પણ ન ઉચ્ચાર્યો હોય તો એ એક પુરુષ છે. પુરુષ પણ એટલો જ હકદાર છે. સ્ત્રી મા બને છે તો પુરુષની પણ જવાબદારી વધે છે. તે બમણાં જોશથી વધું કમાવવા માટે મહેનત કરે છે. સવારથી ટિફિનની ઠંડી રોટલી ખાય છે. પણ કયારેય ફરિયાદ કરતો નથી. પોતાની ઈચ્છાઓ, અરમાનો મારીને પત્ની, બાળકોની ઈચ્છાઓ પહેલાં પૂરી કરે છે. સ્ત્રી તો બોલીને, કહીને પોતાનાં દિલનો ભાર હળવો કરી લે છે. પણ પુરુષો પોતાનાં આંસુઓને આંખોમાં જ સાચવી રાખે છે.

અમન અને આરતીનાં નવાં નવાં લગ્ન થયાં. અમનનો પગાર ઓછો હતો તો રોજ આરતીનાં વાકબાણો ચાલું થઈ જાય. " બીજા પુરુષો કેવાં હોય જે સ્ત્રીનાં બધાં શોખ પૂરા કરે !" પણ અમન કયારેય તેને જવાબ આપતો નહીં. તે ઓવર ટાઈમ કરીને પણ આરતીનાં શોખ પૂરા કરતો. એટલે કહેવાનું એટલું જ કેકે સ્ત્રી પોતાનાં મનમાં કશું જ રાખતી નથી. બધી જ અપેક્ષાઓનો ટોપલો ખુલ્લો મુકી દે છે. પણ પુરુષ પોતાનાં દિલની વાતો, મુશ્કેલીઓ કોઈને જણાવતો નથી. આપણે પત્થર દિલ, બરછટ, લાગણી વિહીન જેવાં ઉપનામો આપીએ છે. તે ખોટું છે. પુરુષોનાં હદયમાં પણ કોમળ લાગણી છે. પણ ફક્ત તે જતાવતો નથી. મૂંગા મોઢે પોતાની ફરજ નિભાવીને સંતોષ માને છે.

એક સ્ત્રી જો બાળકને જન્મ આપી પાલન, પોષણ કરે છે તો પુરુષ પણ બાળકની ભણતરથી માંડી બધી જ જરૂરિયાતો પૂરી કરે છે. કાળજુ કઠણ કરી બધી મુસીબતો સહન કરે છે. દિલમાં તો તેનાં ઘણાં તોફાનો હોય છે પણ મોં પર હાસ્ય રાખી દિવસ, રાત જોયાં વગર બસ પોતાની પત્ની, બાળકો માટે વ્યસ્ત રહે છે. પડદાં પાછળનાં આ મહાન કિરદાર એટલે પિતા, પુત્ર, ભાઈ પતિનો અમુલ્ય ફાળો પણ છે.
" છે પત્થર સમુ કાળજું પણ લાગણીઓ વહાવે છે......
દિલ ભલે રડે પણ આંખોમાં આંસું આવવાં દેતો નથી એ પુરુષ....."
વર્ષા ભટ્ટ 'વૃંદા' (અંજાર)

## શીર્ષક: પપ્પાને પત્ર

મારાં પપ્પા,
ઉદબોધન વાંચીને તમે ફુલાશો, ખરું ને પપ્પા? અને મમ્મી ચીડાશે!
પપ્પા, આજે આપણી પરી વાટકીમાં પાણી પીતી હતી, મેં તેને ટોકી, તમારી જેમ જ. 'વાટકીમાં પાણી પીએ તો લગ્નનાં દિવસે વરસાદ આવશે.'

બસ, તમને યાદ કરવાનું મને બહાનું મળી ગયું. અત્યારે સ્નેહસભર યાદોમાં નહાતાં હું મારાં લગ્નનો આલ્બમ ખોલીને બેઠી છું, સાથે મનની વાત કાગળ પર ઉતારતી જાઉં છું.
"સોહમ તારાં માટે સુયોગ્ય છે. શરીર તો લગ્ન પછીયે ભરાશે. નોકરીની શરૂઆત છે એટલે પગાર ઓછો છે. પણ મને તેની આવડત પર ભરોસો છે", પપ્પા તમે બોલતાં રહ્યાં.

સાચું કહું? સોહમ સાથે મારાં લગ્ન તમે ઉતાવળે નક્કી કર્યા હોય એવું મને લગ્નનાં છ મહિના સુધી લાગ્યું હતું.

લગ્નનાં દિવસે તમારી છાતી પર માથું મૂકીને રડતાં મારે તમને કહેવું હતું, "પપ્પા, હું તમને વ્હાલી નથી? મને ઉતાવળે, ન ગમતાં છોકરા સાથે કેમ પરણાવો છો?" પણ ત્યાં જ મમ્મી આવી પહોંચી હતી, "હવે તારાં પપ્પાને વધારે ન રડાવ."
શરૂઆતમાં મને નવું ઘર-વાતાવરણ બહુ અકળાવતાં હતાં. નમન છે પપ્પા, તમારી દૂરદર્શિતાને! સોહમ હંમેશા મારો ટેકો બનીને ઊભા રહ્યાં છે. ધીમેધીમે હું એમનાં પ્રેમમાં એવી પડી ગઈ છું કે...
શરુઆતમાં પિયર આવું ત્યારે તમે મને વારેઘડીએ એક જ પ્રશ્ન પૂછતાં, "મજામાં છેને?" મને ગુસ્સો આવતો, કેટલીવાર તમને 'મજામા' જવાબ આપું?
એકવાર મમ્મી સાથેનો તમારો સંવાદ સાંભળ્યાં પછી મને તમારા પ્રશ્નનું કારણ મળી ગયું. 'દીકરીને વારેઘડીએ આ પ્રશ્ન પૂછું તો ક્યારેક એનાં મનની વાત બહાર આવી જાય, દુઃખ હોય તો તેનાંથી કહેવાઈ જાય.'
મારી વધતી ઉંમર સાથે હું એ છીપની અંદર રહેલા મનમોતીને પારખતી ગઈ.
તે રાતે તો તમે ખરું કર્યુ! તમે મને મળવાની જીદ કરતાં રહ્યાં, ઘરનાં બધાંને લાગ્યું કે દીકરી સાથે ઘણાં દિવસથી વાત નથી થઈ એટલે આ ઘડપણની જીદ છે.
મને મળવાની તમારી જીદને ઊંઘમાં ફેરવવા તમને દવા આપીને સૂવડાવી દેવામાં આવ્યા. પણ પછી ક્યારેય ઉઠવાનું જ નહીં પપ્પા? હું આવી ખરી, પણ તમે મને ક્યાં મળ્યાં?
મને ખબર છે, હજી મારી રાહ જોતી તમારી નજર છબીમાંથી દરવાજા સાથે અથડાતી હશે. અગિયારમી જૂને, તમારી વર્ષગાંઠના દિવસે હંમેશની જેમ આ વખતે પણ તમે મારાં પત્રની રાહ જોશો. 'હેપ્પી બર્થડે પપ્પા!'
પપ્પા, દર વખતે તમે પત્ર વાંચો અને મમ્મી સાંભળે. આ વખતે મમ્મી વાંચશે અને તમે સાંભળજો, બરાબર?
તમારી લાડલીનાં પ્રણામ
વંદના વાણી (વ્યારા)

,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

## પિતૃદેવોભવ

"ના સોનાલી, મારાથી હવે એલોકોની ચાકરી નહિ થાય. ભલે હું એમને ત્યાં પગારદાર કર્મચારી કહેવાઉં તો પણ એમને મારો આવો અપમાન કરવાનો કોઈ હક નથી."

"હું સમજુ છું ,ધ્રુવ. તમને હવે ત્યાં જવું નહિ ગમે .આટલા વર્ષોથી તમે એમની સોનાની પેઢીમાં કામ કરો છો, લખલૂટ દાગીના તમે જોયા છે અને કદી મનમાં સુદ્ધાં આવો વિચાર નથી આવ્યો . અને આજે નાના શેઠે એક વીંટી ઓછી છે એમ સમજી તમારી ઝડતી લઈ લીધી. પણ ધ્રુવ , આમ અચાનક કામ છોડી દેવું પણ તો યોગ્ય નથી , ખર્ચા નો વિચાર તો કરવો પડશે ને." એમ કહેતા સોનાલી રડી પડી.

" હું એ બાબત એક શબ્દ સાંભળવાનો નથી. મારી ઈજ્જત મારા માટે મારા જીવ કરતા પણ વધારે મહત્વની છે. હું બીજું કામ શોધી લઈશ." ધ્રુવ નો નિર્ધાર પાક્કો હતો.

"તાત્કાલિક બીજું કામ ક્યાં મળશે ધ્રુવ , પહેલાજ તો બજાર માં મંદી ચાલે છે. અને મોટા શેઠે તો નાના શેઠને તરત રોકી તેમના ગણતરીની ભૂલ બતાવી ને." સોનાલી એકધારું બોલે જતી હતી.

"રોક્યા પણ મારી માફી તો નથી માંગી, 'ખોટું ના લગાડતા' એમ કહી બધા કામે ચડી ગયા જાણે કશું ના થયું હોય. પણ મારા પર સંશય કર્યો એ હું કેમ ભૂલી શકું. પડશે તેવી દેવાશે, હું નહિ જાઉં."

ત્યાંજ નિશાળેથી તેમના બંને બાળકો આઠ વર્ષનો વંશ અને છ વર્ષની મેહા ઘરે આવ્યા. મેહા તેના પપ્પાને જોઈ" પપ્પા ,પપ્પા" કરતી વળગી પડી. "પપ્પા,ચાલોને ફરવા જઈએ." વંશ પણ ખુશીથી બોલી ઉઠ્યો.

મેહા કાલી ઘેલી ભાષામાં બોલી " પપ્પા ઓલું પિંક વાળું ફોક ( ફ્રોક ) લેવા ચાલોને તમે પોમિસ ( પ્રોમિસ) કીધું હતું ને "હા , બેટા આ વખતે તારું ફ્રોક પાકું " પણ આજે નહિ, રવિવારે લેવા જઈશું." ધ્રુવે મેહા ને બકી ભરતા કીધું.
" સોનાલી , હું અત્યારે પેઢીએ જાઉં છું , હજુ અડધો દિવસ બાકી છે તો અડધી રજાજ કપાશે." એમ કહી માથે જીમ્મેદારી નો પોટલો બાંધી ધ્રુવ કામ પર નીકળી ગયો.
સોનાલી એક સ્વાભિમાની, હઠીલા, ખંબિર નિર્ધાર વાળા પુરુષ માંથી એક સમર્પિત , જિમ્મેદાર, લાગણીશીલ પિતાને જોઈ રહી .

આવા કઈક કેટલાય સમાધાન એક પિતા પોતાના બાળકો માટે કરે છે. બાળકો માટે એક પિતા વગર કોઈ આશાએ કોઈને ખબર પડવા દીધા વગર પોતાનું સર્વસ્વ લૂંટાવી દેય છે. એ પિતાના ત્યાગ ને શત શત નમન છે.
સારિકા જયેશ સાંગાણી (હૈદરાબાદ)

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ

## "પિતૃદેવો ભવ"

બચપણ થી પોતાના માતા પિતા ગુમાવનાર મારા પિતા પોતાના જીવન શિલ્પી પોતેજ બન્યા છે. અનેક તકલીફો અને ગરીબી સાથે મોટા થયેલા મારા પિતા સારા સંસ્કાર અને સારા વિચારો થી ખુબ સમૃદ્ધ હતા.

અભ્યાસમાં અત્યંત તેજસ્વી અને ઉચ્ચ અભ્યાસ ની અનહદ ઈચ્છા છતાં નબળી આર્થિક પરિસ્થિતિ ને કારણે મુંબઈ યુનિવર્સિટી માં થી મેટ્રિક ની પરીક્ષા માં સારા અંક થી સફળ થઈ સ્વબળે વ્યાપાર વિકસાવ્યો અને એક સફળ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ બન્યા. એ જમાના માં મેટ્રિક ની પરીક્ષા પાસ થયેલા ને બેંક વગેરે માં સારી નોકરી મળતી પરંતુ તેમના વિચારો એ હતા કે નોકરી કરો તેના કરતા બીજા ને રોજી રોટી પૂરીપાડો તેવા બનો.

આઝાદ હિન્દ ફોજ માંથી મિલિટરી ની ટ્રેનિંગ લીધેલા મારા પિતા પાસે થી હું બાળપણ થી સાંભળતી આવી છું કે મારે ક્યારેય બુઢ્ઢાનથી થવું.એ એમણે સિદ્ધ પણ કરી બતાવ્યું છે. એમનામાં મેં હંમેશા યુવાન જેવી શક્તિ, ઉત્સાહ, આધુનિક ટેક્નોલોજી પ્રત્યે જાગૃતિ અને હકારાત્મક અભિગમ જોયેલ છે. એમની પાસે ક્યારેય પણ નિરાશાજનક વાતો હોયજ નહિ.

જીવન ના દરેક સબંધ માં એ આદર્શ અને પ્રેરણારૂપ વ્યક્તિ , મારા પિતા અમને અનેક સ્થળે ફરવા લઈ જાય, બધું રસપૂર્વક બતાવે, સમજાવે. એ કહેતા દુનિયા ફરો , જુવો , નવું શીખો , સાથો સાથ અમારા માં ઉચ્ચ મૂલ્યો , સંસ્કાર નું ખુબ સાહજિક રીતે સિંચન કરતા.

એ કહેતા મારી તંદુરસ્તી નું કારણ મારા શુદ્ધ વિચારો છે. શક્ય તેટલું બીજાનું ભલું કરવું , વેર ઝેર ન રાખો , જીવન માં લોકો ને માફ કરીદયો, લડવામાં શક્તિ વેડફવા કરતા નવું ઉભું કરવામાં વાપરો .

વ્યાપારમાં ઉચ્ચ નીતિમતા અને પ્રામાણિકતા રાખી , જીવન ના અંતિમ તબક્કા સુધી જીવન પ્રત્યે નો ઉત્સાહ અને હકારાત્મક અભિગમ, સમજદારી સાથેના આધુનિક વિચારો ધરાવતા, દરેક ના વિચારો ની સ્વતંત્રતા અને વ્યક્તિ સ્વતંત્ર ના વિચારો નો સ્વીકાર કરી ચાલનારા મારા પિતા અને મારા બા નું સુંદર દામ્પત્ય જીવન નું દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

તેમણે તેમનો ૯૯ મોં જન્મ દિવસ પુરા પરિવાર સાથે સમુર્ણ તંદુરસ્તી સાથે ખુબ આનંદ થી ઉજવ્યો. તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ પ્રથમ નોરતે , બધાને ખુબ આશીર્વાદ આપી સંપૂર્ણ સભાન અવસ્થા માં માતાજીએ તેમને તેમના અંક માં સમાવી લીધા.

એમની પુત્રી હોવાનું મને સદ્ભાગ્ય અને ગૌરવ છે
હોય જો જન્મ ફરી તો માંગુ આપને ત્યાં અવતરણ ફરી ફરી
સુધા ઓઝા દવે – (મુંબઈ)

,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

## પપ્પા નામે સાંતાક્લોસ

આપણા સાહિત્યમાં માઁ વિશે ઘણું ખેડાણ થયું છે."મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,એથી મીઠી તે મોરી માત રે લોલ ""કહીને સાહિત્યકારોએ માઁનાં ગુણગાન મીઠાં મધુરસ્વરમાં અભિવ્યક્તિ કર્યા છે. પરંતુ આપણા સાહિત્યમાં પિતા વિશે બહુ જૂજ રચનાઓ જ઼ મળે છે. સાહિત્યકારોએ પિતા સાથે અન્યાય કર્યો છે. આપણા સાહિત્યમાં પિતા ઉપર આંગણીનાં વેઢે ગણી શકાય તેટલી રચનાઓ ઉપલબ્ધ છે. આધુનિક સાહિત્યકારો પાસેથી પિતા વિશે ખૂબ સુંદર રચનાઓ ઉપલબ્ધ થાય છે, પરંતુ તેંની માત્રા ઘણી ઓછી છે. આપણી સંસ્કૃતિ કે આપણા સંબંધો કોઈ ખાસ દિવસના મોહતાજ નથી.. કારણે કે આપણા માટે ફાધર'ડે કે મધર'ડે જેવા ૩૬૫દિવસ માંથી કોઈ એક દિવસનો વિષય જ઼ નથી..એ તો આપણું હોવાપણું છે. 'માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ 'નો જય ઘોષ કરનારી પ્રજા એટલે ભારતીય પ્રજા.આમ પણ..આપણી ભારતીય સંસ્કૃતિમાં માતા પિતા માટે કોઈ એક દિવસ નાં હોય સાહેબ.. માં -બાપ માટે તો આખુય આયખું હોય છે.. જાણીતા લોકકલાકાર સાંઇરામ દવે સાહેબે પિતા પર ખૂબ સુંદર શેર લખ્યો છે..
"બડ઼ે હી ઠંડ કમરોસે હુકુમત મેં ચલતા હું,

મેરે પીછે એક બુઢે બાપને પસીના બહાયા હે..!"

આપણા લોકસાહિત્યમાં પણ કહેવામાં આવ્યું છે કે,:- "માઁ દીકરાને ખોળો આપે છે, અને બાપ દીકરાને ખભો આપે છે."
પાપા એટલે ત્યાગ, સમર્પણ, પ્રેરણા, ગુરુ, શિક્ષક, માર્ગદર્શક, પ્રેરક અને એ બધું જ઼ જે શબ્દમાં વર્ણવું શક્ય જ઼ નથી. માતા બાળકને જન્મ આપે છે અને પિતા બાળકને આગળ વધવાની પ્રેરણા આપે છે. માઁ બાળકને સંસારનાં તાપ માંથી બચાવવા પોતાનો પાલવ આપે છે, જયારે પિતા બાળકને આં સંસારરૂપી તાપને સહન કરવા મીઠો વિંજણો આપે છે.

માતાની મમતા વિશે આપણા સાહિત્યમાં ખૂબ લખાયું છે અને કહેવાયુ પણ છે.પરંતુ પિતા પ્રેમનાં ખૂબ ઓછા ગુણગાન ગવાયા છે.પિતાનાં વ્યક્તિત્વને હંમેશા કડકાઈથી જ઼ જોવામાં આવ્યું છે. પિતાની છાપ હંમેશા કઠોર તરીકે ચિતરાઈ છે. પરંતુ નારિયેળની જેમ બહારથી કડક અને અંદરથી નરમ એવા પિતાને સમજવા ખૂબ અઘરા હોય છે. પપ્પા તેની હયાતીમાં સમજતા જ઼ નથી. પપ્પા એટલે સીઝનનું પહેલું ફ્રૂટ લાવે છતાંય કોઈનાં અભિનંદનની અપેક્ષા નાં રાખે.એ.. પિતા જ઼ હોય જે પોતે ચંપલ સંધાવી નાંખે, પરંતુ પોતાના સંતાન માટે ૨૦૦૦નાં બુટ લઈ આવે. એ પિતા જ઼ હોય છે... જે પોતે સાઈકલ રીપેર કરાવીને,

NOG
સાહિત્ય સરિતા ગ્રુપ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા/ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપ"પિતૃ દિન"




સાહિત્ય સંગીતનું વિશ્વ
sahitya sangeet nu vishwa

## પિતૃ દેવો ભવ માતૃ દેવો ભવ, પિતૃદેવો ભવ,

આચાર્ય દેવો ભવ.

આ ભારતીય સંસ્કૃતિના સંસ્કાર છે. પિતા, એવો સૂર્ય છે, જે સખત ગરમી આપે છે પણ એ ન હોય તો પરિવારમાં અંધારું છવાઈ જાય છે.

પિતાનું વ્યક્તિત્વ તથા સ્વભાવ સમજવો અઘરો છે, જે બહારથી કઠોર નાળિયેર જેવા હોય છે પરંતુ એમના હૃદયના પ્રેમની ધારા ટોપરાના પાણી જેવી મીઠી હોય છે.

સ્વના સ્વપ્ના,જેને દિશા આપનાર પિતા હોય છે. સંતાનને હાથ પકડી ચલાવનાર પિતા, ફક્ત એટલું જ ઈચ્છે છે કે સંતાન તેના ઘડપણની લાકડી બને

સંતાન હોવા છતા માતા પિતાને વૃદ્ધાશ્રમમાં જવું પડે, ત્યારે માવતરના અંતરને આઘાત લાગે છે. ભારતીય સંસ્કૃતિમાં માતા પિતા પહેલા ,ઈશ્વર,ગુરુ છે , એમાં માવતર જીવતા દેવ છે ,જેની પૂજા, સેવા , અર્ચના કરવી જોઈએ.

આપણી પાસે ભક્ત પુંડલિક નો દાખલો છે, જેણે માતા પિતાની સેવામાં ખલેલ ન પડે એટલે ભગવાનને પણ એક ઈંટ પર ઊભા રાખ્યા હતા. .ભાગવતમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, જે માતા પિતાની સેવા નથી કરતા તેનું ભગવાન મોઢું પણ નથી જોતા.

પિતા એટલે ગુરુ, શિક્ષક, ત્યાગ, સમર્પણ, માર્ગદર્શક છે, જેને આંગળી પકડી ચાલતા તો શીખવ્યું પણ સાથે સાથે જગતની રીત,વ્યવહાર , રહેણી કહેણી બધું જ બતાવ્યું . બહારથી કડક દેખાતું વ્યક્તિત્વ અંદર થી એકદમ પોલુઃ હોય છે. જે ક્યારેય રડતા નથી, ક્યારે પણ ઉદાસ દેખાતા નથી ,પોતાનું સર્વસ્વ જતું કરી ,ક્યારેક પોતાની ઓળખાણ પણ ભૂલી અને માન અપમાન બધું સહન કરી,સંતાનની પ્રગતિ કરાવે છે.

પોતાના જીવનનો ધ્યેય ફક્ત સંતાન જ હોય છે. ઘરમાં એક દીકરી જ એમને સાચુ કહી શકે છે. પિતા વિનાનુ ઘર એટલે મોભ વગરનું મકાન.

એવી કંઈ જગ્યા છે? જ્યાં બધા જ ગુના માફ થઈ જાય છે. બીજી એવી કંઈ જગ્યા છે? જ્યાં દુઃખમાં સહારો, અસફળ થયા હોઈએ, ત્યારે આશ્વાસન મળે છે? આ બધા માટે એક જ જગ્યા છે પિતાનું દિલ, પિતાનો ખંભો. પિતા એટલું જ કહે કે બેટા , હું બેઠો છું , ચિંતા ન કરીશ બધું બરાબર થઈ જશે. ત્યારે જે સાંત્વન મળે છે તે અવર્ણનીય છે.

ટૂંકમાં જે પિતા આપણને માતાની કૂખેથી જગતમાં લાવ્યા છે ,તે આજીવન સંતાન પ્રત્યે, પૌત્ર ,પૌત્રી દોહિત્ર ,દોહિત્રી બધાને પોતાના બાહુપાશમાં લઈ વ્હાલની ધારા વહેવડાવી સદા ફરજ નિભાવે છે. કહેવત સાચી જ છે ,કે "પુત્ર કુપુત્ર થાય પરંતુ માવતર કમાવતર ક્યારે પણ થતાં નથી"

શ્રીદેવી પિનાકીન પંચોલી. (અમદાવા).

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ..

## પપ્પા અને હું

મારા પપ્પાની જન્મ તારીખ ૧૧.૦૮.૧૯૪૨ અને મારી ૧૩.૦૮.૧૯૭૨.

નાની હતી ત્યારે કાયમ કહેતી, 'પપ્પા! હું તમારાથી બે દિવસ જ નાની, તોયે તમે મારાથી કેટલા મોટા અને આટલી નાની. આવું કેમ? અને એ તથા ઘરના બધા હસી પડતા. સામાન્યતઃ બાળકના ઘડતરમાં માતાનો ફાળો વિશેષ અને વધુ હોય છે. પણ અમારા પપ્પા સર્વિસ પરથી આવી રાત્રે પૂંઠા પર ઘડિયાળ દોરી સમય સમજતા અને બોલતા શીખવાડતા એ હાલ પણ નજર સામે તાદશ્ય છે.

ધોરણ આઠથી બારમાં મારા સાથે ભણતી વિદ્યાર્થિનીઓના જેમ જયાપાર્વતીનું અલૂણા વ્રત કરવાનું મેં પણ શરુ કર્યુ. બહુ ખ્યાલ ના આવે, પણ પૂછી પૂછીને કરતી. અમારો સંયુક્ત પરિવાર હતો. એ વખતે પપ્પા વ્રતના પાંચેય વર્ષના દર પાંચ દિવસ દરમિયાન સાંજે ઓફિસથી આવતા માત્ર મારા માટે 'દૂધનો માવો' લઈને આવતા.

ધોરણ અગિયારમાં હતી ત્યારે સ્કલમાં દૂધીના મૂઠીયાં ખાવામાં આવતા તબિયત બગડેલ. અમે રહેતા તે ઘરથી સરકારી દવાખાનું છએક કિલોમીટર દૂર હતું. દવાખાનેથી વળતા મને ચક્કર આવવા લાગ્યા. તરત પપ્પાએ સાયકલ ઊભી રાખી. અને મને સાયકલ પર બેસાડી રાખી, એક હાથે મને પકડી રાખી; બીજા હાથે છેક ઘર સુધી સાયકલ દોરીને મને હેમખેમ ઘરે લઈ આવ્યા.

નવેમ્બર ૧૪માં મારો અકસ્માત થયેલ. ઓપરેશન બાદ સતત અઢી મહિના મારો બેડરેસ્ટ હતો. અમારા ઘરથી પપ્પાનું ઘર ત્રણેક કિલોમીટર દૂર. છતાં પપ્પા દરરોજ દિવસમાં એકવાર અવશ્ય મને જોવા, મળવા આવતા. ચાલીને આવતા, થોડું બેસી ખબર અંતર પૂછી ઘરે જતા.

આમ, આવા એક બે નહીં પણ અનેક પ્રસંગો છે; જે ખરેખર અમીટ છે. સાચ્ચે જ, પપ્પાનો પ્યાર અનોખો હોય છે, અવ્યક્ત હોય છે. પપ્પા એ પરિવારના પીપળ વૃક્ષ સમાન હોય છે. પપ્પા એ જ તો પરિવારની છત હોય છે. મારા માટે અનન્ય લાગણી ધરાવનાર પપ્પાને 'ફાધર્સ ડે' પર શત શત પ્રણામ વંદન...

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ.

## માં" અને બાપનું મહત્વ

જ્યારે મકાનનું બાંધકામ થતું હોય ત્યારે બે બહું મહત્વની વસ્તુ હોય છે, એક "મોભ" અને બીજું ચણતરનો પાયો,એજ રીતે "માં" અને બાપનું મહત્વ એટલું જ મનુષ્યના જીવનમાં જરૂરી છે. મોભ એટલે જે મકાનની છત નું પ્રમુખ લાકડું તેનાથી આખા મકાનની સુરક્ષા સચવાય, અને પાયો એ મકાનની સાચવણી કરે. એમ મોભના રૂપકમાં પિતા,અને પાયામાં માતા છે.જીવનમાં પિતાનું સ્થાન સુરક્ષાકવચ જેવું છે,કહેવતો ભલે કહેવાયું હોય કે,

**"ઘોડા ખેલંતા બાપ મરજો પણ,**
**દરણાની દળરનાર માં ના મરજો",**

પરંતુ પિતા વગરની શૂન્યમય જિંદગી કેવી હોય છે, એ જાણવું હોય તો જેને નાનપણમાં પિતાની છત્રછાયા ગુમાવી હોય તેની પાસે ઘડીક બેસવું પડે.રામાયાણકાળમાં પણ જ્યારે રામનું વન ગમન અને ભરત દ્વારા સમાચાર મળવા,કે પુત્રના વિયોગમાં પિતાએ પ્રાણ છોડ્યા, તે વખતે રામ જે સ્વયં ભગવાનનો અવતાર છે,એની મનોસ્થિતિઃ પિતા વગરનો પુત્ર જ જાણી શકે. પિતૃદેવોભવઃ ની વાત કરવી હોય, ત્યારે મારા નાનાશ્રી (ગણેશભાઈ નથુભાઈ પરમાર),એક વાત કરતાં એ મારે અંહી ટાંક્વી પડે. ૧૯૫૬ આજુબાજુ એમને ધોરાજી પંથકમાં નોકરી મળેલી, અને ત્યારે મૂળ વતનથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર નોકરી,ત્યારે તેમના પિતા ૭૦ વર્ષે પણ લાકડીના ટેકે ગામના બસસ્ટેશન સુધી મૂકવા આવતા અને પૂછતા રહેતા કે બેટા પાછો કયારે આવીશ, અને બસના આવે ત્યાં સુધી ત્યાં જ બેસી રહેતા,આજે ૮૦ વર્ષની ઉંમરે મારી સાથે વાતો વાગોળે ત્યારે એમની આંખમાં પિતાની યાદના આંસુ મને જોવા મળે છે.

પિતાને સંતાનો વ્હાલા જ હોય છે. પણ દીકરી પ્રત્યે એમનો એક અલગ લગાવ હોય છે, "કાળજાનો કટકો દિકરી" છે. ગુજરાતી સાહિત્યમાં ભારતીય લેખક ધૂમકેતુની "પોસ્ટ ઓફિસ" વાર્તામાં પિતાનો પ્રેમ "અલીડોસા" દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. એક સમય શિકારી,અને દિકરી કેવું પરિવર્તન લાવે છે,શિકારી માંથી સામન્ય માણસ, દિકરી લગન બાદ સાસરે જાય અને,પછી પિતાની વેદના લેખકે બહુ સારી રીતે આલેખી છે. મૃત્યુ નજીક આવતા,ઓફિસના ક્લાર્ક લક્ષ્મીદાસને પાંચ સોનાના સિક્કા આપે છે અને તેના મૃત્યુ પછી મરીયમનો પત્ર આવે તો પત્રને તેની કબર પર પહોંચાડવાનું કહે છે. અને વાર્તાનો અંત કરૂણ બની રહે છે.

આમ જીવનમાં પિતાનો પ્રેમ જગતનો સર્વશ્રેષ્ઠ પ્રેમ છે, તમામ વાંચકો ને
**Happy Father's Day.**

ધર્મેશ મકવાણ (હાલઃ ગાંધીનગર

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ..

જે આંગળીઓ ઝાલી દુનિયાની ગલીઓ જોઈ,એજ આંગળીએ જગ ઓળખાવ્યું,એ પિતાનું વ્યક્તિત્વ વટવૃક્ષ કરતાં ઓછું નથી! જેના છાંયડે મા અને સંતાનો શીતળતા અનુભવે છે. પરિવારના ભરણપોષણ માટે ગરમ રોટલીનો મોહ મૂકી દેતા પિતા અત્યંત સહનશીલ છે.એમના સૂચનો
ઠપકાઓ વેદમંત્રોથી ઓછાં મૂલ્યવાન નથી. જરુર જણાય ત્યાં સંતાનો સાથે સખતાઈથી વર્તે છે. રમવાના સમયે બાળક જેવા પણ બની જાય છે. એ પિતાનું બલિદાન માતા કરતા ક્યારેય ઓછું નથી. સાન્તાક્લોઝ તો નાતાલ પર એક દિવસ અમારા માટે ગિફ્ટ લાવે પણ અમારા પિતાજી તો અમારા માટે રોજના જ સાંતાક્લોઝ હોય!.

પિતાનું છાયડો બાળકને ઓશિયાળો બનવા દેતો નથી. એટલું જ નહીં પણ તેને આંતરિક હિંમત આપે છે.વાતે વાતે ઝઘડી પડતા ઘણા નાના બાળકોને બોલતા મેં સાંભળ્યા છે "મારા પપ્પા સાંજે આવશે ને એટલે હું કહી દઈશ" "મારા પપ્પા મારા માટે લઈ આવશે"પિતાના સંઘર્ષથી બાળક અજાણ હોય છે. અને પિતાએ તેને જણાવતા નથી એ જ તો તેમનું મોટાપણું છે. કોઈપણ પ્રકારનો દાવો કર્યા વિના ઘરના નાના થી માંડીને ઘરડાઓ સુધીની જવાબદારી ઘણા પિતાઓ એકલે હાથે નિભાવીએ જતા હોય.

દીકરીને સાસરે વળાવતી વખતે માતા ધ્રુસકે ધ્રુસકે રડે છે. પણ પિતા મનમાં રડે છે. એ ખુલ્લા મને લોકો આગળ રડી પણ શકતા નથી. એ પિતા ખરેખર વંદનીય જ હોય....

ડો ભાવના સુથાર શાહ. (અંકલેશ્વર)

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ.

આમતો પિતાના કોઈ દિવસ ના હોય પિતા હોય તો બધુજ છે
પિતા બાળકોનું ખુલ્લું આકાશ હોય છે,

એમની બધીજ જરૂરિયાત પૂરી કરવા તત્પર એક એવી વ્યક્તિ જે કોઈપણ ભોગે કોઈપણ સ્વાર્થ વગર પોતાના બાળકોને દુનિયાની બધીજ ખુશી આપવા તત્પર હોય છે,

**પિતા ઘરનો પિલર હોય છે ને માતાના માથાનું સિંદુર**

**સમાજમાં માનમોભો ઈજ્જત બધુજ પિતા હોય છે,**

પોતાના બાળકોમાટે એમની ખુશી માટે પોતાનું જીવન દાવ પર લગાવવાનું કામ ફકત પિતાજ કરી શકે છે,મા સેન્હ કરી શકે પિતા હિંમત હોય છે, એમનું સાહસ બાળકોમાં એક જોશ ઉભો કરે છે પિતા એક ખડગ છે કે એક એવી ચટ્ટાન કે એનું હોવું એ દુનિયાની સૌથી ભેટ છે ભગવાન તરફથી જ્યા સુધી તમારા માતા પિતા તમારી સામે છે ત્યાં સુધી એમને તમારો પ્રેમ ને આદર આપો પિતા કઠોર હોય પણ કોમળ હદય ધરાવતા હોય છે એમને એમની પાછલી જિંદગીમાં બાળકોને સેટ થતા જોવા સિવાય એમનું કોઈ સ્વપ્ન નથી હોતું એક પિતાજ એવું ઈચ્છે કે મારા પછી મારી સંપતિ નો માલિક મારો દીકરો કે દિકરી હોય એ વાતનો એને ગર્વ હોય એજ પિતા કહેવાય...

નયના પટેલ..નૈન..

પપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપપ.

## પિતા - પુરુષમાંથી પુરુષોત્તમ રૂપે

હા, મેં પુરુષને પિતાની ભૂમિકામાં પરિવર્તિત થતો અવલોક્યો છે,
જાવડ ભાવડ કામ છોડી સ્માર્ટ વર્ક કરતા મેં એને જોયો છે,
બુટની લેસની જે પરવા ન કરતો એને બાંધવાનું મહત્વ સમજાવતો જોયો છે,
દેખાવને મારી દઈ ગોળી એને સુપર હીરો બનતા જોયો છે.
હોદ્દાનો રૂઆબ છોડી કાલીઘેલી ભાષામાં વાતો કરતા જોયો છે.
સૂગ છોડી સંતાનના બાળોતિયા બદલાવતો જોયો છે,
ધરતીકંપની બૂમો પાડતાં ય ન જાગનાર એને મેં ધીમા રુદનથી પથારીમાં બેઠો થતો જોયો છે,
ભાવતાં ભોજન પીરસાયા છતાં પૌષ્ટિકતાનું મહત્વ સમજાવવા ન ભાવતા શાક ખાતા જોયો છે.
ભાણામાં વાળ જોઈ ભાણુ છોડતો જે, એને હવે આવડે એવા વાળ સંવારતા પણ મેં જોયો છે,
વિખરાયેલા વાળે સ્ટાઈલથી ફરતો એને સંતાનના વાળમાં તેલ નાખતો અને તેનું મહત્વ સમજાવતો જોયો છે,
આત્મજનનો ય એંઠો ગ્લાસ ન વાપરતો એને બાળકના મુખમાંથી પડેલું ખાઈ જતો જોયો છે,
ગુસ્સામાં સાતમા આસમાને પહોંચતા,હા કઠણ કાળજાના પુરુષને હૈયામાં સંવેદનાના ઝરણા જન્માવતા મેં જોયો છે,
પોતાના કામમાં અનિયમિત એવા એક પુરુષને
નિયમિતતા અપનાવતો જોયો છે,
પોતાને ચાલશે જે હશે એ કહેતા એ પુરુષને થેલો
ભરાવી સંતાન માટે શોપિંગ પર જતા જોયો છે,
એકની એક વસ્તુ વાપરતાં એને દર વર્ષે નવી કાર્ટૂન
વાળી છત્રી, દફ્તર, પિચકારી લાવતા જોયો છે.
કાયમ બહારથી ખાલી હાથે આવતા
એ પુરુષને મેં ખુશીયો ગજવામાં
ભરીને લાવતા જોયો છે,
રાત દિવસના કામમાંથી સમય
બચાવી એ પુરુષને નાનકડો થઈને રમતો જોયો છે. બાળકના એક નાનકડા સ્મિતે સ્વપ્નની સાર્થકતા સમો ખુશ થતા જોયો છે,
" ચિંતા ન કર, જે થશે એ જોયું જશે! " કહ્યા પછી એને સંતાનના પરિણામ પહેલા રાતભર જાગતો જોયો છે,
પત્નીની પહેલા ઝાઝી પરવા ન કરતો, " માંદી હોય તો દવા લઈ લે! " કહેતો જે એને સંતાનની માતાની કાળજી લેતા જોયો છે,
કાયમ ઓશીકું ફગાવતો એને ઓશિકાને બાથમાં લઈ ક્યારેક અવાજ દબાવી દેતા પણ જોયો છે, " હું બેઠો છું ને! " કહી હૈયાધારણ બંધાવતા એ પુરુષને એકાંતમાં ઓગળતા ય જોયો છે.
ઊંડી ઉતરી ગયેલી આંખોથી સંતાનનું મન ઉંડાણ પૂર્વક વાંચતો પિતા પણ મેં જોયો છે.
" સૌ સારા વાના થશે! " કહી આશા બંધાવતો આશાવાદી પિતા પણ મેં જોયો છે.
યુવાનીએ ઉંચી તરંગો સમો જે ઉછળતો એને પ્રશાંતમાં તબદીલ થતો જોયો છે.
ગોરંભાયેલા આકાશની જેમ ઓગળીને અમૃત સમો વરસતા જોયો છે.
જોયા નથી કદી પરમપિતાને મેં પણ, "પિતા જેવા હશે પરમેશ્વર" એ અનુભવ કર્યો છે.
મારા પિતા અને મારા સંતાનોના પિતારૂપે મેં પુરુષને પુરુષોત્તમ બનતા નિહાળ્યો છે.

વૈશાલી રાવલ.(મુંબઈ)






## જો માંગતા હૂં ચુપચાપ દે દિયા, એ જિંદગી તૂ કભી તો મેરે પિતા જૈસી બન